# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 146 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ જયેષ્ઠ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 June 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૧ જૂન ૨૦૨૫, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯

LIKE & FOLLOW: f /Mumbaisamachar4u


‘ઑપરેશન સિંધુ’ની સફળતા


# ઈરાને ભારત માટે તેની એરસ્પેસ ખોલી

## આજે વહેલી સવારે ૧,૦૦૦ ભારતીય સ્વદેશ પહોંચવાની શક્યતા

તહેરાનઃ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. આ બંને દેશો એક બીજા પર મિસાઈલ હુમલા કરી રહ્યા છે. ભીષણ યુદ્ધ વચ્ચે સ્થાનિક નાગરિકોની સુરક્ષા જોખમાઈ છે. ઈરાને યુદ્ધને કારણે પોતાનું એરસ્પેસ બંધ કર્યું હતું, પરંતુ ભારતીય નાગરિકોની સુરક્ષા માટે તેણે એરસ્પેસ ખોલ્યું હતું. શુક્રવારે રાતે ૧,૦૦૦ ભારતીય ઈરાનથી દિલ્હી પરત ફરશે. ભારત સરકારે ‘ઓપરેશન સિંધુ’ શરૂ કરીને ફસાયેલા નાગરિકોને પરત લાવવાનું શરૂ કર્યું છે.

ઈરાને ભારતીય નાગરિકોની સ્વદેશ વાપસી માટે મશહદથી દિલ્હી સુધી ચાર્ટર્ડ ફ્લાઈટ્સની વ્યવસ્થા કરી છે. ઈરાનના વિમાનો દ્વારા આ નાગરિકોને સ્વદેશ પરત લાવવામાં આવશે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે ઈરાન યુદ્ધના તણાવ વચ્ચે ભારતીયોની સુરક્ષાને પ્રાથમિકતા આપે છે. ભારતે બે દિવસ પહેલાં ‘ઓપરેશન સિંધુ’ શરૂ કર્યું, જે ઈઝરાયલના વધતા હુમલાઓને કારણે મધ્ય પૂર્વમાં વધેલા તણાવ વચ્ચે ભારતીયોને પરત લાવવા માટેનું અભિયાન છે. ઈરાને ભારતને (જુઓ પાનું ૨) ▶▶

# બંગાળમાં અકસ્માતમાં નવનાં મોત

પુરુલિયાઃ પશ્ચિમ બંગાળના પુરુલિયા જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૮ પર શુક્રવારે સવારે એક કાર અને ટ્રક વચ્ચે ભીષણ અથડામણ થઇ હતી. જેમાં નવ લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ જાણકારી પોલીસે આપી હતી. એક અધિકારીના જણાવ્યા અનુસાર આ અકસ્માત બલરામપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા નામશોલ ગામ નજીક સવારે ૬-૩૦ વાગ્યાની આસપાસ (જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹91,170/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS



ઈરાન પરના હુમલા અંગે બે અઠવાડિયામાં નિર્ણય લઈશઃ ટ્રમ્પ ૨


# ગુજરાતની અડાલજની અને રાણીની વાવ ખાતે સામૂહિક યોગાસન કરાશે

નવી દિલ્હીઃ આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા દ્વારા શનિવારે આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે ૮૧ સ્મારક કે ઐતિહાસિક સ્થળે સામૂહિક યોગાસનનો કાર્યક્રમ યોજાશે.કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અમદાવાદ પાસેની અડાલજની વાવ ખાતે યોગાસનના કાર્યક્રમમાં ભાગ લેશે.સાંસ્કૃતિક મંત્રાલયે જાહેર કર્યું હતું કે આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયાના દરેક સ્થળે બધા માટે પ્રવેશ નિઃશુલ્ક હશે.

દિલ્હીના પુરાના કિલ્લા, કર્ણાટકના ગોળ (જુઓ પાનું ૨) ▶▶

# આંબેડકરનું અપમાન ચલાવી નહિ લેવાયઃ મોદી

## બિહાર, ઓડિશામાં અનેક પ્રૉજેક્ટનું લોકાર્પણ

સિવાન (બિહાર) / ભુવનેશ્વર (ઓડિશા): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બિહાર માટેના રૂપિયા ૫,૯૦૦ કરોડના અને ઓડિશા માટેના રૂપિયા ૧૮,૬૦૦ કરોડના વિકાસકાર્યનું લોકાર્પણ કર્યું હતું અને જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે અમારી સરકાર બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનું ‘અપમાન’ ક્યારેય ચલાવી નહિ લે. દેશને વિશ્વમાં સૌથી વધુ મોટું ત્રીજા ક્રમનું અર્થતંત્ર ધરાવતું રાષ્ટ્ર બનાવવા માટે બિહારની ભૂમિકા મહત્ત્વની રહેશે. વડા પ્રધાને બિહારના સિવાનમાં વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવ્યા બાદ જણાવ્યું હતું કે આંબેડકર (જુઓ પાનું ૨) ▶▶






# ભારતના ત્રણ વિકેટે ૩૫૯ રન

લીડ્સઃ ભારતે અહીં ઇંગ્લૅન્ડ સામે પ્રથમ ટેસ્ટના પ્રારંભિક દિવસે પહેલા દાવમાં રમતના અંત સુધીમાં ૮૫ ઓવરમાં ત્રણ વિકેટે ૩૫૯ રન કર્યા હતા. ભારતના ટૉપ-ઑર્ડરે વારાફરતી બૅટિંગમાં જમાવટ કરીને બ્રિટિશ બોલર્સને ખૂબ હંફાવ્યા હતા અને ફીલ્ડર્સને મેદાનની ચારેય કોર દોડાવ્યા હતા. માત્ર નવા બૅટ્સમૅન સાઇ સુદર્શન (૦)ને બાદ કરતા બાકીના ટોચના ચારેય બૅટ્સમેન સારું રમ્યા હતા અને ટૉસ જીતીને પ્રથમ ફીલ્ડિંગ લેવાની બેન સ્ટૉક્સની ગણતરી ખોટી સાબિત કરી હતી. શુભમન ગિલ (૧૨૭ નૉટઆઉટ, ૧૭૫ બૉલ, એક સિક્સર, સોળ ફોર) ટેસ્ટનો કૅપ્ટન બન્યાના પહેલા જ દિવસે ચમકી ગયો હતો. પહેલાં તેણે ઓપનર યશસ્વી (૧૦૧ રન) સાથે ૧૨૯ રનની અને ત્યાર બાદ વાઇસ કૅપ્ટન રિષભ પંત (૬૫ નૉટઆઉટ, ૧૦૨ બૉલ, બે સિક્સર, છ ફોર) સાથે ચોથી વિકેટ માટે ૧૩૮ રનની અતૂટ ભાગીદારી કરી હતી. એ અગાઉ, શરૂઆતમાં યશસ્વી અને કેએલ રાહુલ (૪૨ રન) વચ્ચે ૯૧ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી. સ્ટૉક્સે બે, કાર્સે એક વિકેટ લીધી હતી. ■









(ROC-1290)

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જસ્ટિસ વર્માના ભ્રષ્ટાચારની તપાસ પણ થવી જોઈએ

**ત્રણેક** મહિના પહેલાં દિલ્હી હાઈ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માના સત્તાવાર નિવાસસ્થાને આગ લાગી તેમાં લાખોની ચલણી નોટો બળીને રાખ થઈ ગઈ હોવાની ઘટનાએ ચકચાર જગાવી હતી આ ઘટનાને પગલે જસ્ટિસ વર્માની તાત્કાલિક બદલી કરી દેવાયેલી ને સુપ્રીમ કોર્ટે ત્રણ સભ્યોની તપાસ સમિતિને તપાસ સોંપતાં મામલો ઠંડો પડી ગયેલો.

પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ શીલ નાગુના અધ્યક્ષસ્થાને રચાયેલી ત્રણ જજની સમિતિએ તેનો તપાસ રિપોર્ટ આપ્યો તેમાં જસ્ટિસ વર્માને ભ્રષ્ટાચારી ગણાવતાં આ મુદ્દો ફરી ચર્ચામાં છે. તેમાં પણ ભ્રષ્ટાચારી જસ્ટિસ વર્મા સામે મહાભિયોગની દરખાસ્ત લાવીને તેમને બેઆબરૂ કરીને તગેડીને મોદી સરકાર એક દાખલો બેસાડશે કે નહીં તેની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે.

સુપ્રીમ કોર્ટે નિમેલી સમિતિના રિપોર્ટમાં ઘણી બધી વાતો છે. જસ્ટિસ યશવંત વર્માના ઘરમાં સ્ટોર રૂમમાં ૧૪ માર્ચની રાત્રે આગ લાગી ત્યારે જસ્ટિસ વર્મા અને તેમનાં પત્ની મધ્ય પ્રદેશમાં હતાં. જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાને તેમનાં પુત્રી અને વૃદ્ધ માતા જ હતાં. જસ્ટિસ વર્માની દીકરીએ ફાયર બ્રિગેડને ફોન કર્યો. સ્ટોર રૂમને તાળું હતું તેથી આગ બુઝાવવા ગયેલા ફાયર બ્રિગેડના જવાનોએ તાળું તોડીને આગ બુઝાવી ત્યારે બીજા સામાન સાથે સળગી ગયેલી બિનહિસાબી ચલણી નોટોનાં બંડલો મળી આવ્યા હતા. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો પછી જસ્ટિસ વર્માની અલ્લાહાબાદ હાઈકોર્ટમાં બદલી કરી દેવાઈ હતી પણ કોઈ પગલાં નહોતાં ભરાયાં.

મીડિયા અને સોશિયલ મીડિયામાં હોહા થઈ પછી સુપ્રીમ કોર્ટે તપાસ સમિતિ રચી હતી. તપાસ સમિતિના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, જસ્ટિસ વર્માના સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોરરૂમમાં લાગેલી આગ દરમિયાન મોટી માત્રામાં રોકડ મળી આવી હતી. દારૂની બોટલમાંથી નીકળતા જ્વલનશીલ વાયુના કારણે સ્ટોરરૂમમાં મોટી માત્રામાં રાખેલી રોકડ બળી ગઈ હતી. સ્ટોર રૂમમાં દારૂનો કબાટ ઇલેક્ટ્રિક સ્વીચ બોક્સની ખૂબ જ નજીક હતો તેથી તેમાંથી નીકળેલા વાયુના કારણે શોર્ટ સર્કિટ થઈ અને આગ લાગી. આગ લાગી એટલે બોટલો ગરમીને કારણે ફાટી ગઈ તેથી આગ વધારે ફેલાઈ ગઈ. ફાયર બ્રિગેડ અને પોલીસના ૧૦ કર્મચારીઓએ લગભગ દોઢ ફૂટ ઊંચો નોટોનો ખડકલો જોયો હતો અને પાંચસો રૂપિયાની નોટો ચારેબાજુ પડી હતી. એ પછી આ નોટો સગેવગે કરી દેવાઈ હતી.

જસ્ટિસ વર્મા સામે શું થશે એ ખબર નથી પણ અત્યાર સુધી આ મામલે સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકારનું વલણ ભીનું સંકેલવાનું રહ્યું છે. આ ઘટના ૧૫ માર્ચે બની હતી ને દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસે બીજા જ દિવસે સુપ્રીમ કોર્ટને જાણ કરી દીધી હતી પણ સુપ્રીમ કોર્ટ દ્વારા કોઈ પગલાં ના લેવાયાં. ત્રણ-ચાર દિવસ પછી એક ટોચના અખબારમાં આ સમાચાર આવ્યા પછી સુપ્રીમ કોર્ટ હરકતમાં આવી. જસ્ટિસ વર્મા પણ હરકતમાં આવ્યા. પોતાના ઘરેથી ચલણી નોટોનાં બળેલાં બંડલ મળ્યાં હોવા છતાં જસ્ટિસ વર્માએ પોતાની સામે લાગેલા ભ્રષ્ટાચારના આરોપોને નકારી કાઢ્યા હતા. જસ્ટિસ વર્માનું કહેવું હતું કે, તેમને બદનામ કરવાનું કાવતરું રચાયું છે.

આ મુદ્દો મીડિયામાં ચગેલો એટલે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ (સીજેઆઈ) સંજીવ ખન્નાએ ૨૨ માર્ચે ત્રણ જજની સમિતિની રચના કરીને તપાસના આદેશ આપ્યા. પંજાબ-હરિયાણા કોર્ટના ચીફ જસ્ટિસ શીલ નાગુ, હિમાચલ પ્રદેશ હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ જી.એસ. સંધાવાલિયા અને કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ સુશ્રી અનુ શિવરામનની બનેલી સમિતિએ ૨૫ માર્ચે તપાસ શરૂ કરી હતી અને ૪૩ દિવસ પછી ૪ મેના રોજ ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાને રિપોર્ટ સોંપી દીધો હતો. આ દરમિયાનમાં જસ્ટિસ વર્માની અલાહાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરાઈ અને તેની સામે બાર એસોસિએશને વિરોધ કર્યા સહિતનાં નાટકો થયાં પણ જસ્ટિસ વર્મા સામે કોઈ કાર્યવાહી ના થઈ.

સુપ્રીમ કોર્ટે બનાવેલી સમિતિના રિપોર્ટમાં જસ્ટિસ વર્માને દોષી ઠેરવવામાં આવ્યા પછી તેમને નોટિસ આપીને ૯ મે સુધીમાં ચીફ જસ્ટિસને જવાબ આપવા માટે સમય આપવામાં આવ્યો હતો. જસ્ટિસ વર્માએ આ જવાબ આપી દીધો એ વાતને મહિનો થઈ ગયો છતાં હજુ કોઈ પગલાં લેવાયાં નથી. સુપ્રીમ કોર્ટને તપાસ રિપોર્ટ મળ્યો પછી એ ઉપર મોકલ્યા વિના છૂટકો નહોતો પણ તેના સિવાય બીજું કશું કરાયું નથી.

સુપ્રીમ કોર્ટે તપાસ રિપોર્ટ રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનને મોકલી દેવાયો હોવાનું કહીને હાથ ખંખેરી નાખ્યા છે. સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્મા સામે મહાભિયોગ ચલાવવાની ભલામણ કરીને સારું કામ કર્યું પણ માત્ર જસ્ટિસ વર્માને હોદ્દા પર દૂર કરવાથી શું થાય? સુપ્રીમ કોર્ટની સમિતિએ જ જસ્ટિસ વર્માએ ભ્રષ્ટાચાર કર્યો હોવાનું કહ્યું છે તો આ ભ્રષ્ટાચારનું શું? માનો કે સરકાર જસ્ટિસ વર્મા સામે મહાભિયોગ ના ચલાવવાનું નક્કી કરે તો શું?

વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્મા પાસે આખો રૂમ ભરેલી નોટો ક્યાંથી આવી જસ્ટિસ વર્માએ ભૂતકાળમાં આપેલા ચુકાદાઓને આ અબજોની રોકડ સાથે કંઈ લેવા દેવા છે કે નહીં તેની તપાસ કરાવવી જોઈએ. જસ્ટિસ વર્મા ઉચ્ચ ન્યાયતંત્ર સાથે સંકળાયેલા છે એ જોતાં આ મુદ્દો ન્યાયતંત્રની વિશ્વસનીયતા અને પ્રમાણિકતાનો છે. સુપ્રીમ કોર્ટ દેશમાં સર્વોપરિ છે એ જોતાં ન્યાયતંત્રની સ્વચ્છ ઈમેજ જાળવવાની જવાબદારી સુપ્રીમ કોર્ટની છે પણ સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્મા સામે કોઈ કાર્યવાહી કરવાનો સળવળાટ બતાવ્યો નથી. જસ્ટિસ યશવંત વર્મા સામે એફઆઈઆર નોંધવાની માગ કરતી અરજી પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે.

અરજદાર વકીલ નેદુમપારાની અરજી ફગાવતાં સુપ્રીમ કોર્ટની જસ્ટિસ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભુઈયાની બેન્ચે એવું કહેલું કે, આ કેસમાં ઈન-હાઉસ તપાસ રિપોર્ટ રાષ્ટ્રપતિ અને વડા પ્રધાનને મોકલી દેવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી તેથી આ અરજી પર કોઈ સુનાવણી કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટનું વલણ ટેકનિકલી સાચું છે કેમ કે સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના જજ સામે મહાભિયોગની દરખાસ્ત લાવીને તેમને દૂર કરવાનો અધિકાર સંસદને છે પણ જસ્ટિસ વર્માએ કરેલા ભ્રષ્ટાચાર સામે તો તપાસ કરાવવાનો અધિકાર તો સુપ્રીમ કોર્ટને છે જ. સુપ્રીમ કોર્ટે એ અધિકારનો ઉપયોગ કરીને એક દાખલો બેસાડવો જોઈએ.

મોદી સરકાર પણ જસ્ટિસ વર્માના મહાભિયોગના મુદ્દે ઝડપથી નિર્ણય લે એ જરૂરી છે. જસ્ટિસ વર્મા સામે ભ્રષ્ટાચારના પૂરતા પુરાવા છે અને સુપ્રીમ કોર્ટની ભલામણ પણ છે એ જોતાં મોદી સરકારે મહાભિયોગનો નિર્ણય લેવો જ જોઈએ. મોદી પોતે ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની તરફેણ કરે છે ને આ મુદ્દે કોઈ સમાધાન નહીં કરાય એ સાબિત કરવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/ દક્ષિણાયન – સૌર ગ્રીષ્મઋતુ/સૌર વર્ષાઋતુ પ્રારંભ, શનિવાર, તા. ૨૧-૬-૨૦૨૫, યોગિની સ્માર્ત એકાદશી, ભદ્રા

- ભારતીય દિનાંક ૩૧,માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૫મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૧૯-૪૯ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ??, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૮-૨૧, સાંજે ક. ૧૯-૪૬
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૬ (તા. ૨૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ-દસમી. એકાદશી ક્ષય તિથિ છે. યોગિની સ્માર્ત એકાદશી (સાકર), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭-૨૦. સૂર્ય સાયન કર્કમાં સવારે ક. ૦૮-૧૩. દક્ષિણાયન આરંભ, સૌર વર્ષાઋતુ પ્રારંભ, અયન પુણ્યકાળ સવારે ક. ૦૮-૧૩ સુધી. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, શનિ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, નિત્ય થતાં દસ્તાવેજ દુકાન-વેપારના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શનિ ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, શ્રી હનુમાન ચાલીસા પાઠ વાંચન, એકાદશી વ્રત ઉપવાસ.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય, બુધ-રાહુ ત્રિકોણ વિચારશીલ ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, બુધ-રાહુ ત્રિકોણ દક્ષિણાયન વર્ષાઋતુ પ્રારંભ. બુધ પુનર્વસુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ઈરાન પરના હુમલા અંગે બે અઠવાડિયાંમાં નિર્ણય લઈશઃ ટ્રમ્પ

બીરશેબા (ઇઝરાયલ): અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકાના લશ્કરે ઇરાન અને ઇઝરાયલના યુદ્ધમાં સીધો ભાગ લેવો કે નહિ? તે અંગે હું બે અઠવાડિયાંમાં નિર્ણય લઇશ.

તેમણે જણાવ્યું હતું કે મેં તહેરાનને અણુ-કાર્યક્રમ અંગે ફરી મંત્રણા કરવા માટે પૂરતો સમય આપ્યો છે.

ઇરાન અને ઇઝરાયલ વચ્ચે છેલ્લા આઠ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે અને બન્ને દેશ એકબીજા પર હુમલા કરી રહ્યા છે.

ઇરાનના ફોરદો ગામમાંનું યુરેનિયમ સમૃદ્ધ કરવાનું મથક પર્વતની નીચે હોવાનું અને ત્યાં અમેરિકાના 'બન્કર-બસ્ટર' (બન્કરનો નાશ કરતા) બૉમ્બ સિવાય હુમલા કરવાનું લગભગ અશક્ય હોવાનું કહેવાય છે.

અગાઉ, ઇરાને દક્ષિણ ઇઝરાયલની મોટી હૉસ્પિટલ અને તેલ અવીવની નજીકના રહેઠાણ વિસ્તારમાં કરેલા હુમલા બાદ ઇઝરાયલના સંરક્ષણ પ્રધાને ઇરાનના વડા આયાતોલ્લાહ અલી ખામેનીને ભારે કિંમત ચૂકવવા તૈયાર રહેવાની ધમકી આપી હતી.

ઇરાનના આ મિસાઇલ હુમલામાં ઓછામાં ઓછા ૨૪૦ જણ ઘાયલ થયા હતા.

દરમિયાન, ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ જણાવ્યું હતું કે મને વિશ્વાસ છે કે ટ્રમ્પ પોતાનાથી બનતી શ્રેષ્ઠ લશ્કરી કાર્યવાહી કરશે.

બ્રિટનના વિદેશ પ્રધાન ડેવિડ લેમીએ ઇઝરાયલ અને ઇરાન વચ્ચેના યુદ્ધને અટકાવવા માટે અમેરિકાના વિદેશ પ્રધાન અને રાજદૂત સાથે મંત્રણા કરી હતી.

ડેવિડ લેમીએ જણાવ્યું હતું કે હું આ યુદ્ધનો બે અઠવાડિયાંમાં રાજદ્વારી ઉકેલ આવવાની આશા રાખું છું. (એજન્સી) ■

# ચીને તાઈવાન ભણી ૭૪ લડાયક વિમાન મોકલ્યાં

તાઇપેઇ (તાઇવાન): ચીને ગુરુવારની રાત અને શુક્રવારની સવારની વચ્ચેના સમયગાળામાં તાઇવાનની તરફ ૭૪ લડાયક વિમાન મોકલ્યાં હતાં અને તેમાંના ૬૧ લડાયક વિમાને તાઇવાનની સામુદ્રધુનીની મધ્યમાં આવેલી હરોળ (રેખા) ઓળંગી હોવાનું કહેવાય છે.

તાઇવાનના સંરક્ષણ મંત્રાલયે આ અહેવાલને સમર્થન આપતા જણાવ્યું હતું કે ચીને લડાયક વિમાનોના બે અલગ કાફલા તાઇવાન ભણી મોકલ્યા હતા. ચીન તાઇવાનને પોતાના દેશનો જ હિસ્સો ગણાવે છે અને અવારનવાર તાઇવાનને ડરાવવા કે ઘૂસણખોરી કરવા પ્રયાસ કરે છે.

ટાપુઓના દેશ તાઇવાનની વસતિ માત્ર ૨.૩ કરોડ જ છે.

તાઇવાનની સામુદ્રધુનીમાંથી એક દિવસ પહેલાં જ બ્રિટિશ રોયલ નેવીનું જહાજ પસાર થયું હતું.

તાઇવાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે યુકે અને અન્ય કેટલાક દેશના નૌકાદળનાં તેમ જ અન્ય જહાજો અહીં આવતા હોવાથી તાઇવાનની સામુદ્રધુની આંતરરાષ્ટ્રીય જળસીમા હોવાનું સાબિત થાય છે અને તેને લીધે આ વિસ્તારમાં શાંતિ તેમ જ સ્થિરતા જળવાઇ રહે છે. તાઇવાનની સામુદ્રધુની હિંદ - પ્રશાંત મહાસાગરોમાંના મુક્ત વેપાર માટે ખુલ્લી છે. દરમિયાન, તાઇપેઇમાંની બ્રિટિશ સરકારની ઑફિસે જણાવ્યું હતું કે બ્રિટિશ રોયલ નેવીનું જહાજ આ વિસ્તારમાં આવ્યું હતું અને તેણે આંતરરાષ્ટ્રીય કાયદાનું સંપૂર્ણ પાલન કર્યું હતું.

ચીને આ ઘટનાનો વિરોધ કરતા જણાવ્યું હતું કે બ્રિટિશ જહાજની કામગીરી આ સામુદ્રધુનીના વિસ્તારની શાંતિ અને સ્થિરતા માટે જોખમી હતી.

તાઇવાનની સામુદ્રધુનીને આંતરરાષ્ટ્રીય જળવિસ્તાર ગણાય છે, પરંતુ ત્યાં જો કોઇ વિદેશી જહાજ જાય તો ચીન તેનો વિરોધ કરે છે.

બ્રિટિશ જહાજના વિરોધમાં ચીને તાઇવાનની તરફ લડાયક વિમાનો મોકલ્યાં હતાં કે અન્ય કોઇ કારણ હતું? તે શુક્રવારે મોડી રાત સુધી જાણવા નહોતું મળ્યું.

ચીને લડાયક વિમાનો અને ડ્રોન્સની સાથે છ લશ્કરી જહાજ પણ તાઇવાનની તરફ મોકલ્યાં હતાં.

દરમિયાન, તાઇવાને ચીનના કોઇ પણ હુમલાનો સામનો કરવા માટે જહાજો, મિસાઇલો અને લડાયક વિમાનોને તોડી પાડવા માટેની યંત્રણા તૈયાર રાખી છે. (એજન્સી)

# રાષ્ટ્રપતિ મુર્મૂને ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન સહિતના મહાનુભાવોએ જન્મદિવસની શુભેચ્છા પાઠવી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ શુક્રવારે ૬૭ વર્ષના થયાં હતાં. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ જ વંચિતોને સશક્ત બનાવવાના તેમના કાર્યની પ્રશંસા કરી હતી.

દ્રૌપદી મુર્મૂનો જન્મ ૨૦ જૂન, ૧૯૫૮ના રોજ ઓડિશાના મયુરભંજના ઉપરબેડા ગામમાં થયો હતો. તેમણે ૨૫ જુલાઇ, ૨૦૨૨ના રોજ ભારતના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. આ સાથે તેઓ દેશના પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ બન્યાં હતાં.

ઉપરાષ્ટ્રપતિ ધનખરે જન્મદિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે નમ્રતા, સાદગી અને શ્રેષ્ઠતાનું પ્રતીક, સાધારણ શરૂઆતથી સર્વોચ્ચ બંધારણીય પદ સુધીની મુર્મૂની અસાધારણ સફર આપણી લોકશાહીની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે એક્સ પર જણાવ્યું કે તેમણે જાહેર સેવામાં તેમની સફર દરમિયાન ધારાસભ્ય, રાજ્યપાલ અને હવે સૌથી મોટી લોકશાહીના રાષ્ટ્રપતિ તરીકે સતત ઉચ્ચતમ ધોરણો સ્થાપિત કર્યા છે- એક અનુકરણીય વારસો. મને ગઇકાલે રાષ્ટ્રપતિ ભવનમાં વ્યક્તિગત રીતે તેમને શુભેચ્છા પાઠવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ જન્મદિવસ તેમના માટે ભરપૂર સ્વાસ્થ્ય, ખુશી અને આનંદ લાવે અને સર્વશક્તિમાન તેમને આપણા દેશની સેવા કરવા માટે સતત શક્તિ પ્રદાન કરે.

વડા પ્રધાન મોદીએ પણ રાષ્ટ્રપતિને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા કહ્યું કે તેમનું જીવન અને નેતૃત્વ દેશભરના કરોડો લોકોને પ્રેરણા આપતા રહેશે. તેમણે એક્સ પર જણાવ્યું કે જાહેર સેવા, સામાજિક ન્યાય અને સમાવેશી વિકાસ પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા બધા માટે આશા અને શક્તિનું કિરણ છે. તેમણે હંમેશાં ગરીબો અને વંચિતોને સશક્ત બનાવવા માટે કામ કર્યું છે. ભગવાન તેમને લોકોની સેવા કરવા લાંબું અને સ્વસ્થ જીવન પ્રદાન કરે. મુર્મૂએ ઉપરાષ્ટ્રપતિ અને વડા પ્રધાનનો જન્મદિવસની શુભેચ્છાઓ બદલ આભાર માન્યો હતો.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું કે સામાજિક ન્યાય, ગરીબોના સશક્તીકરણ અને સમાવેશી વિકાસ પ્રત્યે મુર્મૂની અતૂટ પ્રતિબદ્ધતા રાષ્ટ્રને પ્રેરણા આપતી રહેશે. વિદેશ પ્રધાન એસ જયશંકરે એક્સ પર શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે તેઓ દેશ માટે 'મહાન પ્રેરણા' છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનર્જી, ઓડિશાના મુખ્ય પ્રધાન મોહન ચરણ માંઝી અને રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા નવીન પટનાયકે પણ મુર્મૂને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે કૉંગ્રેસે કહ્યું કે તેમને આશા છે કે રાષ્ટ્રની પ્રગતિ, કલ્યાણ અને ન્યાય પ્રત્યે રાષ્ટ્રપતિ મુર્મૂનું અતૂટ સમર્પણ દેશને સત્ય અને સદાચારના માર્ગ પર લઇ જતું રહેશે. ■

# હિમાચલમાં અનેક જગ્યાએ ભેખડો ધસી પડીઃ ઑરેન્જ ઍલર્ટ જાહેર

સિમલાઃ હિમાચલમાં ભારે વરસાદને કારણે અનેક જગ્યાએ ભેખડો ધસી પડવાની ઘટના બની છે. ભારે વરસાદને ભેખડો ધસી પડવાની વધુ ઘટના બને તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને હવામાન ખાતા દ્વારા ૨૨, ૨૩, ૨૫ અને ૨૬મી જૂન માટે ઑરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. ભેખડો ધસી પડવાને કારણે શુક્રવારે ધરમશાલા-ચાતારો-ગાગલ રોડ પરનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. અધિકારીઓ રોડ ક્લિયરિંગ ઑપરેશનમાં રોકાયેલા છે, એમ તેમણે કહ્યું હતું. અપર સિમલા વિસ્તારમાં પણ ભેખડો ધસી પડવાને કારણે તૌની-હાટકોટી રોડને ભારે નુકસાન થયું હતું.

પાન્ડોહસ્થિત શહીદ ઈન્દરસિંહ મિડલ સ્કૂલમાં પાણી ભરાઈ જતાં વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

હિમાચલ પ્રદેશમાં બાવીસથી ૨૬ જૂન દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડવાની સ્થાનિક હવામાન ખાતાએ આગાહી કરી છે.

રાજ્યના અનેક વિસ્તારમાં રવિ, સોમ, બુધ અને ગુરુવારે ભારેથી અતિભારે વરસાદ પડવાની ચેતવણી આપી હવામાન ખાતાએ ઑરેન્જ ઍલર્ટ તો છૂટાછવાયા વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ થવાની ચેતવણી આપી હવામાન ખાતાએ મંગળવાર માટે યલ્લો ઍલર્ટ જાહેર કર્યો છે. ભારે વરસાદને કારણે પર્વતીય વિસ્તારમાં ભેખડો ધસી પડવાની તેમ જ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાની શક્યતા હોવાની હવામાન ખાતાએ ચેતવણી આપી છે. (એજન્સી)

# ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી ચાર બાળકનાં મોત

કૌશાંબીઃ ઉત્તર પ્રદેશના કૌશાંબી જિલ્લામાં બે સ્થળોએ વીજળી પડવાથી ચાર બાળકોનાં મોત થયાં હતાં. આ જાણકારી પોલીસે શુક્રવારે આપી હતી.

સરાઇ અકિલના એસએચઓ સુનિલ કુમારના જણાવ્યા અનુસાર પહેલી ઘટના ત્યારે બની જ્યારે ચાર બાળકો બકરીઓ ચરાવી રહ્યાં હતાં. આ ઘટના બાદ પરિવારના સભ્યો બાળકોને તાત્કાલિક હોસ્પિટલ લઇ ગયા હતા. જ્યાં ડોક્ટરોએ સતીશ(૧૩) અને મણિ(૧૩)ને મૃત જાહેર કર્યા હતા. જ્યારે બે બાળકોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

બીજી ઘટના તારા કા પુરા ગામમાં બની હતી. જ્યારે બાળકો ભેંસો ચરાવવા ગયાં હતાં. કૌશાંબીના સર્કલ ઓફિસર અભિષેક સિંહે જણાવ્યું કે વીજળી પડવાથી ૧૫ વર્ષીય ગોવિંદનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે રૂપા દેવી(૧૨)નું જિલ્લા હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. તેમજ મોહિત(૧૦) નામના અન્ય એક બાળકની સરાઇ અકિલની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# ચીનમાં ભારે વરસાદ-પૂરને કારણે જનજીવન અસ્તવ્યસ્ત

બીજિંગઃ દક્ષિણ ચીનના ગુઆંગડોંગ પ્રાંતમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા મૂશળધાર વરસાદે પરિસ્થિતિ બેકાબૂ કરી દીધી છે.

ભારે વરસાદને કારણે હુઆજી કાઉન્ટીમાં ભયંકર પૂરની સ્થિતિ પેદા થઇ છે. જેના કારણે જનજીવન સંપૂર્ણ રીતે અસ્ત-વ્યસ્ત થઇ ગયું છે.

વહીવટીતંત્રે લગભગ ૩૦,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે. કાઉન્ટીના અડધાથી વધુ રસ્તાઓ જળમગ્ન છે. તેમજ વીજળી અને ઇન્ટરનેટ સેવાઓ ખોરવાઇ ગઇ છે.

હુઆજી કાઉન્ટી ગુઆંગશી પ્રદેશની સરહદની નજીક છે. ગુઆંગઝોઉ શહેરથી લગભગ ૧૪૦ કિમી ઉત્તર-પશ્ચિમમાં સ્થિત છે. જે એક મુખ્ય ઔદ્યોગિક અને બંદર શહેર છે. જે પ્રાંતીય રાજધાની પણ છે. ભારે વરસાદને કારણે અહીંના રસ્તાઓ નહેરમાં ફેરવાઇ ગયા છે.

શહેરનો મોટાભાગનો ભાગ પૂરના પાણીમાં ગરકાવ થઇ ગયો છે. સુઇજિયાંગ નદીમાં આવેલી ભારે રેલને કારણે શહેરી વિસ્તારો ડૂબી ગયા છે. હવાઇ ફૂટેજમાં જોઇ શકાય છે કે કાદવ જેવા પાણીમાં માત્ર ઊંચી ઇમારતોની છતો અને વૃક્ષોની ડાળીઓ જ નજરે પડે છે. કેટલીક જગ્યાએ પાણી પહેલા માળ સુધી પહોંચી ગયા છે અને માત્ર કારના છાપરાં દેખાઇ રહ્યાં છે.

ઉષ્ણકટિબંધીય વાવાઝોડાં વુટિપને કારણે આ ભયંકર સ્થિતિ પેદા થઇ હોવાનું મનાઇ રહ્યું છે. જે ક્ષેત્રમાં ભારે પવનો અને વરસાદનું કારણ બન્યું છે. ત્યારબાદ પડેલા સિઝનના વરસાદે પરિસ્થિતિ વધુ ગંભીર બનાવી દીધી છે. ગુઆંગ્શી પ્રાંતમાં બે અલગ-અલગ સ્થળોએ ભૂસ્ખલનની ઘટનામાં પાંચ લોકોના મોતની પુષ્ટિ થઇ છે. ■

પહેલા પાનાનું ચાલુ

### ઈરાને ભારત માટે

ઈઝરાયલના હુમલાઓની નિંદા કરવા જણાવ્યું છે. ભારતમાં ઈરાની મિશનના ઉપપ્રમુખ મોહમ્મદ જાવેદ હુસૈનીએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે ઈરાને તાજેતરના હુમલાથી પોતાની સૈન્ય શક્તિ બતાવી, જેનાથી ઈઝરાયલ આશ્ચર્ય પામ્યુ છે. શાંતિ માટે ઈઝરાયલની નિંદા જરૂરી છે, નહીં તો હુમલાખોરોને પ્રોત્સાહન મળશે. તેમણે ઉમેર્યું કે આ સંઘર્ષ ભારત સહિત પડોશી દેશોના હિતમાં નથી. સૂત્રોની જાણકારી પ્રમાણે ઈરાને અમેરિકા પર મનોવૈજ્ઞાનિક યુદ્ધ શરૂ કરવાનો આરોપ લગાવ્યો છે. ઈરાને નામ લીધા વિના પાકિસ્તાનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જો કોઈ ત્રીજો દેશ આ યુદ્ધમાં સામેલ થશે, તો પરિસ્થિતિ વધુ વણસી શકે છે. ઈરાને લાંબા સંઘર્ષ માટે તૈયાર હોવાનો પણ દાવો કર્યો છે. ■

### આંબેડકરનું અપમાન

સત્તા - શાસન વારસામાં આપવાનો વિરોધ કરતા હતા, પરંતુ રાષ્ટ્રીય જનતા દળ (રાજદ), કૉંગ્રેસ અને તેઓના સાથી પક્ષો વારસાગત શાસન ચલાવે છે.

તેમણે દાવો કર્યો હતો કે અમારી સરકાર છેલ્લા દાયકામાં અંદાજે પચીસ કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવ્યા છીએ. છે.

મોદીએ જણાવ્યું હતું કે અગાઉ બિહારમાં 'જંગલ-રાજ' હતું, પરંતુ અમે રાજ્યમાં શાંતિ સ્થાપી છે અને સ્થિરતા લાવી છે.

મોદીએ પોતાના પ્રવચનની શરૂઆત ભોજપુરી ભાષામાં કરી હતી.

ઓડિશાના ભુવનેશ્વરમાં મોદીએ ત્રિરંગા-યાત્રા શરૂ કરાવી હતી અને રોડશૉ યોજ્યો હતો.

મોદીએ જણાવ્યું હતું કે કૉંગ્રેસના શાસનમાં વિકાસ યોજનાઓને 'અટકાવવાનું, લટકાવવાનું અને ભટકાવવાનું' કામ વધુ ચાલતું હતું, પરંતુ ભાજપના શાસનમાં સામાજિક તેમ જ આર્થિક પરિવર્તનનો નવો યુગ શરૂ થયો છે.

વડા પ્રધાને દૃષ્ટાંત આપતા જણાવ્યું હતું કે આસામમાં અગાઉ હિંસા અને અસ્થિરતા ફેલાયેલી હતી, પરંતુ હવે તે ઝડપી પ્રગતિ કરતું રાજ્ય બની ગયું છે.

મોદીએ ત્રિપુરાનો દાખલો આપતા જણાવ્યું હતું કે ત્રિપુરામાં અગાઉ આંતરિક માળખું બહુ ખરાબ હતું અને હિંસા તેમ જ ભ્રષ્ટાચાર વ્યાપક ફેલાયેલા હતા, પરંતુ હવે આ રાજ્ય શાંતિ અને પ્રગતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. (એજન્સી) ■

### મોદીએ 'મહાપ્રભુ' માટે ટ્રમ્પનું આમંત્રણ ઠુકરાવ્યું

ભુવનેશ્વર (ઓડિશા): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં શુક્રવારે જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે હું જી-૭ના સભ્ય દેશોની શિખરમંત્રણામાં ભાગ લેવા માટે કૅનેડા ગયો હતો ત્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મને ફોન કરીને વૉશિંગ્ટન ભોજન અને મંત્રણા કરવા માટે આમંત્રણ આપ્યું હતું, પરંતુ મેં 'મહાપ્રભુ'ની ભક્તિ અને 'મહાપ્રભુ'માંની મારી શ્રદ્ધાને કારણે ટ્રમ્પનું આમંત્રણ નમ્રતાથી ઠુકરાવ્યું હતું. મોદીએ જણાવ્યું હતું કે ઓડિશાના લોકોનો પ્રેમ અને 'મહાપ્રભુ'ની ભક્તિ મને વૉશિંગ્ટન જવાને બદલે ઓડિશા ખેંચી લાવી હતી. ઓડિશામાં ભગવાન જગન્નાથ માટે 'મહાપ્રભુ' શબ્દ વપરાય છે અને આ રાજ્યના જ એક વૈષ્ણવ સંત 'ચૈતન્ય મહાપ્રભુ' માટે પણ 'મહાપ્રભુ' શબ્દ વાપરવામાં આવે છે. ■

### બંગાળમાં

થયો હતો. બલરામપુર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ સૌમ્યદીપ મલિકે જણાવ્યું કે હાઇવે પર એક બોલેરો એસયુવી અને એક ટ્રક વચ્ચે ભયંકર ટક્કર થઇ હતી. જેના કારણે ફોર વ્હીલરમાં સવાર તમામ નવ લોકોનાં મોત થયાં હતાં. પીડિતો લગ્ન સમારંભમાંથી પરત ફરી રહ્યા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આ અકસ્માત તેઓ પુરુલિયાના બારાબજાર પોલીસ સ્ટેશન વિસ્તારના અદબાના ગામથી ઝારખંડના નિમડીહ પોલીસ સ્ટેશન વિસ્તારના તિલાઇતંડ જઇ રહ્યા હતા ત્યારે થયો હતો. અથડામણ એટલી ભીષણ હતી કે એસયુવીનો બુકડો બોલી ગયો હતો. પોલીસે જણાવ્યું કે સ્થાનિક લોકો અને કટોકટી કાર્યકરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પીડિતોને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઇ ગયા હતા. જ્યાં ડોક્ટરોએ તમામને મૃત જાહેર કર્યા હતા.

તેમણે જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં અકસ્માત માટે વધુ ઝડપ અને સંભવિત બેદરકારી જવાબદાર માનવામાં આવી રહી છે. આ મામલે કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

### ગુજરાતની

ગુંબજ, ઓડિશાના કોર્ણાક સૂર્ય મંદિર, રાજસ્થાનના ચિત્તોડગઢ કિલ્લા, મહારાષ્ટ્રની એલિફન્ટાની ગુફાઓ ખાતે પણ સામૂહિક યોગાસન કરવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિશાખપટણમ ખાતે યોગાસનના કાર્યક્રમનું નેતૃત્વ કરશે.પેટ્રોલિયમ પ્રધાન હરદીપસિંહ પુરી સફદરજંગ મકબરો અને વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલ મુંબઈમાં કાન્હેરીની ગુફા ખાતે યોગાસન કરશે.

ગુજરાતમાં રાણીની વાવ અને ધોળાવીરા ખાતે પણ સામૂહિક યોગાસનનો કાર્યક્રમ યોજાશે.મધ્ય પ્રદેશના સાચીના સ્તૂપ અને ખજૂરાહો ખાતે તેમ જ તમિળનાડુમાં તાંજાવુરના મંદિર ખાતે યોગાસનનું આયોજન કરાયું છે. (એજન્સી) ■

# આઠ-આઠ કલાક પૉર્ન જોઈને બાળકી સાથે આચરી વિકૃતિઃ યુગલની ધરપકડ

## બાળકી સાથે કુકર્મ આચરતી વખતે યુવકે સ્ક્રૂડ્રાઈવરનો ઉપયોગ કર્યો અને તેની ગર્લફ્રેન્ડે વીડિયો બનાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મોબાઈલ ફોન પર આઠ-આઠ કલાક પૉર્ન વીડિયો જોઈને યુગલના મગજમાં કેટલી હદે વિકૃતિ ભરાઈ હતી તેનું વરવું સ્વરૂપ જોગેશ્વરીમાં બનેલી ઘટનામાં જોવા મળ્યું હતું. ૧૦ વર્ષની માસૂમ બાળકી સાથે વારંવાર કુકર્મ કરનારા યુવકે છેલ્લે જાતીય હુમલા વખતે સ્ક્રૂડ્રાઈવરનો ઉપયોગ કર્યો હતો અને તેની યુવકની ગર્લફ્રેન્ડે મોબાઈલથી તેનું વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું. આ અમાનવીય ઘટના સામે આવતાં જ પોલીસે યુવક-યુવતીની ધરપકડ કરી હતી.

જોગેશ્વરી પૂર્વમાં રહેતી બાળકીની માતાએ આ પ્રકરણે મેઘવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. કેટરિંગ સર્વિસ ફર્મમાં સુપરવાઈઝર તરીકે કામ કરતી મહિલા પતિથી અલગ થયા પછી દીકરી સાથે જોગેશ્વરીની ચાલમાં રહેતી હતી. એ જ કેટરિંગ ફર્મમાં વેઈટર તરીકે કામ કરતાં આરોપી યુવક-યુવતી મહિલાના ઘરમાં માળિયા પર રહેતાં હતાં.

પોલીસ ફરિયાદ અનુસાર માતા કામ માટે બહાર જતી ત્યારે ૨૪ વર્ષનો યુવક અને ૨૧ વર્ષની યુવતી બાળકી સાથે કુકર્મ આચરતાં હતાં. ૧૫ મેથી ૧૪ જૂન દરમિયાન બાળકી પર જાતીય હુમલો કરાયો હતો.

વારંવાર બાળકી સાથે કુકર્મ કરનારા યુવકે છેલ્લે જાતીય હુમલા વખતે સ્ક્રૂડ્રાઈવરનો ઉપયોગ કર્યો હતો અને તેની ગર્લફ્રેન્ડે વીડિયો રેકોર્ડિંગ કર્યું હતું. સ્ક્રૂડ્રાઈવરને કારણે બાળકીને ગંભીર ઇજા થઈ હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે બનેલી ઘટનાની માતાને જાણ ન કરવા માટે બાળકીની કથિત મારપીટ કરી તેને ધમકાવવામાં આવી હતી. વીડિયો વાયરલ કરવાની પણ ચીમકી આરોપીએ આપી હતી. પરિણામે બાળકીએ માતાને ઘટનાની જાણ કરી નહોતી. આખરે ગુરુવારે બાળકીએ માતાને હકીકત જણાવતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

તપાસ દરમિયાન પોલીસે બન્ને આરોપીના મોબાઈલ ફોનની ચકાસણી કરતાં ચોંકાવનારી માહિતી જાણવા મળી હતી. આરોપી આઠ-આઠ કલાક મોબાઈલ ફોન પર પૉર્ન વીડિયો જોતા હતા. મોબાઈલમાંની અમુક સામગ્રી તેમણે ડિલિટ પણ કરી નાખી હતી, જે પાછી મેળવવાના પ્રયાસ પોલીસ કરી રહી છે. વિશેષ અદાલતે બન્નેને પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. ■

# એર ઈન્ડિયાની પનોતી ચાલુ જ, આઠ ફ્લાઈટ રદ

મુંબઈઃ અમુક સમારકામ અને ઓપરેશનલ કારણસર એર ઈન્ડિયા દ્વારા શુક્રવારે આઠ ફલાઇટ રદ કરવામાં આવી હતી જેમાં ચાર આંતરરાષ્ટ્રીય ફલાઇટનો સમાવેશ થાય છે.

પ્રવાસીઓ તેમના ગંતવ્ય સ્થાને પહોંચી શકે તે માટે તેમની ટીમ દ્વારા પર્યાયી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સિવાય પ્રવાસીઓને સંપૂર્ણ રિફંડ આપવામાં આવ્યું હતું અથવા થવા કોમ્પલિમેન્ટરી રિશેડ્યુલિંગની ઓફર કરવામાં આવી હોવાનું એરલાઇન્સ દ્વારા જણાવાયું હતું.

રદ કરાયેલી આંતરરાષ્ટ્રીય ફલાઇટમાં દુબઈથી ચેન્નઇ એઆઇ૯૦૬, દિલ્હીથી મેલબર્ન એઆઇ૩૦૮, મેલબર્નથી દિલ્હી એઆઇ૩૦૯ અને દુબઇથી હૈદરાબાદ એઆઇ૨૦૪નો સમાવેશ થાય છે, જ્યારે ડોમેસ્ટિક ફલાઇટમાં પુણેથી દિલ્હી એઆઇ૮૭૪, અમદાવાદથી દિલ્હી એઆઇ૪૫૬, હૈદરાબાદથી મુંબઈ એઆઇ-૨૮૭૨, ચેન્નઇથી મુંબઈ એઆઇ૫૭૧નો સમાવેશ થાય છે. (પીટીઆઇ) ■

# લોકલ ટ્રેનના અકસ્માતોમાં પ્રવાસીઓનાં મોતથી ચિંતિત હાઈ કોર્ટનું સૂચન

## લોકલમાં ઓટોમેટિક ડોર ક્લોઝિંગ યંત્રણા બેસાડો

મુંબઈઃ મધ્ય રેલવેમાં મુંબ્રા ખાતે ટ્રેનમાંથી પ્રવાસીઓ પડી જવાની ઘટનામાં પાંચ જણનાં મોત થયા હતા ત્યારે બૉમ્બે હાઇ કોર્ટે શુક્રવારે મુંબઈની લોકલ ટ્રેનના અકસ્માતોમાં પ્રવાસીઓનાં થતા મોત પર ચિંતા વ્યક્ત કરી હતી અને આ પરિસ્થિતિને ડામવાનો સમય આવી ગયો હોવાનું જણાવ્યું હતું.

લોકલમાંથી પ્રવાસીઓ પડી ન જાય તે માટે ટ્રેનોમાં ઓટોમેટિક ડોર-ક્લોઝિંગ યંત્રણા બેસાડવાની સલાહ કોર્ટે આપી હતી, પરંતુ તે અગાઉ રેલવેના નિષ્ણાતોની સલાહ લેવાનું જરૂરી હોવાનું કહ્યું હતું. ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે જરૂરી પગલાં લેવાનો અનુરોધ પણ કોર્ટે પ્રશાસનને કર્યો હતો.

રેલવે દ્વારા રજૂ કરાયેલા સોગંદનામામાં જણાવાયું હતું કે ફક્ત ૨૦૨૪માં જ લોકલ ટ્રેનોમાં વિવિધ અકસ્માતમાં ૩,૫૮૮ જણનાં મોત થયા હતા એટલે કે રોજના સરેરાશ ૧૦ પ્રવાસીનાં મોત થયા હતા.

'આ બહુ ચિંતાજનક સ્થિતિ છે. તેમ છતાં અગાઉના વર્ષોની સરખામણીમાં રેલવેમાં થતા મોતનું પ્રમાણ ૪૯ ટકા ઘટ્યું છે', એમ કોર્ટે નોંધ્યું હતું.

લોકલ ટ્રેનોના અકસ્માતમાં પ્રવાસીઓના થતાં મોત અંગે ચિંતા વ્યક્ત કરતી જનહિત અરજી પરની સુનાવણી વખતે કોર્ટે ઉક્ત બાબત નોંધી હતી.

રેલવેએ કોર્ટને જણાવ્યું હતું કે મુંબ્રા અકસ્માતનું કારણ શોધવા માટે સમિતિની રચના કરાઇ છે અને ટૂંક સમયમાં તેનો અહેવાલ આવશે. ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની માટે પણ સમિતિ દ્વારા સલાહ-સૂચનો આપવામાં આવશે. (પીટીઆઇ)■

# ડેટિંગ ઍપ પર મિત્રતા પછી મહિલા ડૉક્ટરની જાતીય સતામણી

## યુવક વિરુદ્ધ ગુનોઃ ગર્ભપાત માટે દબાણ કરી અંગત તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરીની જાણીતી હૉસ્પિટલની મહિલા ડૉક્ટર સાથે ડેટિંગ ઍપ પર મિત્રતા કર્યા પછી તેની કથિત જાતીય સતામણી કરવા બદલ પોલીસે દક્ષિણ મુંબઈના ડોંગરી પરિસરમાં રહેતા યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ગર્ભપાત માટે દબાણ કરીને યુવકે અંગત તસવીરો પરિવારજનો તેમ જ સોશ્યલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી હોવાનો આક્ષેપ પણ ફરિયાદમાં કરાયો હતો. રાયગડ જિલ્લાની વતની અને અંધેરીની હૉસ્પિટલના સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતી ૨૮ વર્ષની ડૉક્ટરે નોંધાવેલી ફરિયાદને આધારે એમઆઈડીસી પોલીસે ગુરુવારે ખાલિદ ખાનચારી (૨૭) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર અંધેરીની હૉસ્પિટલમાં કામ કરતી ફરિયાદીની ઓળખાણ એક ડેટિંગ ઍપ મારફત આરોપી સાથે થઈ હતી. બન્ને વચ્ચે મિત્રતા થતાં ઑક્ટોબર, ૨૦૨૩માં આરોપી ફરિયાદીને મળવા આવ્યો હતો. ૨૦૨૩માં પહેલી વાર આરોપી અને ફરિયાદી વચ્ચે શારીરિક સંબંધ બંધાયા હતા. આરોપીએ મોબાઈલ ફોનથી અંગત પળોની તસવીરો પાડી લીધી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે માર્ચ, ૨૦૨૫માં ફરિયાદી ગર્ભવતી હોવાની જાણ થતાં આરોપીએ તેને ગર્ભપાત માટેની દવા આપી હતી. દવા લીધા પછી ફરિયાદીનું સ્વાસ્થ્ય બગડ્યું હતું, જેને પગલે ડૉક્ટરે તેને શસ્ત્રક્રિયાની ભલામણ કરી હતી. આ વાતની જાણ થતાં આરોપી ફરિયાદીની અવગણના કરવા લાગ્યો હતો.

આરોપીએ કૉલ રિસીવ કરવાનું બંધ કરતાં ફરિયાદી તેના ઘરે પહોંચી હત લાઈફ બરબાદ કરી હોવાનું કહી આરોપીએ અંગત તસવીરો સોશ્યલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. એ જ તસવીરો ફરિયાદીનાં માતા-પિતાને પણ મોકલવાની ચીમકી આરોપીએ આપી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

# હાઈ-સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ્સઃ હવે ૧૫મી ઓગસ્ટ સુધીની મહેતલ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે વાહનો માટે હાઇ-સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ્સ (એચએસઆરપી) બેસાડવા માટેની મુદત ૧૫મી ઓગસ્ટ સુધી વધારી હતી તથા આ પ્લેટ્સ નહીં બેસાડનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી હતી.

પહેલી એપ્રિલ, ૨૦૧૯ના પહેલાના રજિસ્ટર્ડ કરાયેલા વાહનો માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટ કમિશનરે અત્યાર સુધી એચએસઆરપી બેસાડવા ત્રીજી વખત મુદત વધારી દીધી છે. સૌથી પહેલા મુદત ૩૧મી માર્ચથી વધારીને એપ્રિલ કરવામાં આવી હતી અને ત્યાર બાદ જૂન સુધી તે વધારી દેવામાં આવી હતી. ૧૬મી ઓગસ્ટ બાદ એચએસઆરપી નહીં બેસાડનારા વાહનો સામે કડક પગલાં લેવાશે.

વાહનોના માલિકોને ટ્રાન્સપોર્ટ વિભાગની વેબસાઇટ પર એચએસઆરપી બેસાડવા માટેની અપોઇન્મેન્ટ લેવાનું જણાવાયું છે.

વેબસાઇટઃ http://transport.maharashtra.gov.in

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

इच्छापुर्ति मेडिकल सेंटर
Icchapurti Medical Centre
'A non profitable project - in the service of people
by NARAINPRASAD SURAJMAL CHANDGOTHIA CHARITABLE TRUST
Shop 10, Kaveri Building 13, Ramnagar, Off Chincholi Bunder Rd, Malad (W), Mumbai-64.
Contact: 7045009287 / 7045009297
Monday to Saturday 8.00 am to 7.30 pm
PATHOLOGY | DIGITAL X-RAY | SONOGRAPHY | ECG | PHYSIOTHERAPY | DENTAL CLINIC | ARRANGEMENT FOR MRI | 2D-ECHO | PET CT SCAN | CT SCAN | STRESS TEST | DEXA | COLOUR DOPPLER | CT ANGIOGRAPHY




મલાડ સ્થિત **ઈચ્છાપૂર્તિ મેડિકલ સેન્ટરને** ૪માં નવભારત હેલ્થકેર સમિટમાં **"સર્વશ્રેષ્ઠ ચેરીટેબલ મેડિકલ સેન્ટર"** તરીકે સન્માનિત કરવામાં આવ્યું છે. આ માન્ય પુરસ્કાર સંસ્થાની સમુદાયના આરોગ્ય ક્ષેત્રે આપેલ અદ્વિતીય અને નિસ્વાર્થ સેવાનો માન દર્શાવે છે. આ પુરસ્કાર **ઈચ્છાપૂર્તિ મેડિકલ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રાજારામ ચાંદગોઠિયા ને ભારત સરકારના કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી માનનીય શ્રીમતી અનુપ્રિયા પટેલના** હસ્તે, મુંબઈ સ્થિત તાજ પ્રેસિડેન્ટ હોટેલમાં યોજાયેલી ભવ્ય સમારોહમાં એનાયત કરવામાં આવ્યો હતો.આ અવસરે હેલ્થકેર ક્ષેત્રના અનેક જાણીતા વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં **નવભારત ગ્રુપના ડિરેક્ટર શ્રી વૈભવ મહેશ્વરી** ખાસ રીતે ઉપસ્થિત રહ્યા. **ઈચ્છાપૂર્તિ મેડિકલ સેન્ટર** વર્ષોથી તમામ વર્ગના લોકો માટે આધુનિક, ઍક્સેસિબલ અને કિફાયતી આરોગ્ય સેવાઓ પ્રદાન કરવામાં અગ્રેસર રહ્યું છે. આરોગ્ય સેવાઓના ક્ષેત્રે તે સમર્પિત સેવાનો જીવંત પ્રતિબિંબ છે. આ એવોર્ડ એ સંસ્થાની જાહેર આરોગ્ય પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા અને કરુણા, ઈમાનદારી તથા વ્યવસાયિક નિષ્ઠા સાથે સેવાભાવનું પ્રતિબિંબ છે.



# ધારાવીના લેધર વ્યવસાયિકોને હવે રીડેવલપમેન્ટમાં દેખાયું આશાનું કિરણ

## લેધરના રિટેલ આઉટલેટ્સ માટેનો સર્વે પુરો : ખાનગી માલિકીની જમીન પરના ફેક્ટરી-વર્કશૉપનો સર્વે હજી બાકી છે અને તેનું કારણ જમીન માલિકોની સર્વેમાં ભાગ લેવાની અનિચ્છા

મુંબઈઃ ધારાવીમાં લેધર-ચામડાના વ્યવસાય માલિકો, ચર્મકારો જેઓ અગાઉ એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીના રિડેવલપમેન્ટનો સખત વિરોધ કરતા હતા, તેઓ હવે તેમના વલણને નરમ બનાવવા લાગ્યા છે. જેમ ચામડાના જૂતા અને હેન્ડબેગની નરમાશ માટે જાણીતા છે. તેમનો પ્રતિકાર પણ સમય જતાં નરમ થઇ રહ્યો છે.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, ધારાવીમાં લેધર ઉદ્યોગ સાથે સંબંધિત ટેનિંગ, વર્કશોપ/ફેક્ટરી અને છૂટક વેચાણ જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં આશરે પાંચ થી છ હજાર એકમો છે. તેમાંથી લગભગ ૮૦ ટકાનો સર્વે કરવામાં આવ્યો છે. ''જ્યારે લેધર રિટેલ આઉટલેટ્સ માટે સર્વે પૂર્ણ થઈ ગયો છે, ત્યારે ખાનગી માલિકીની જમીન પરના થોડી ફેક્ટરીઓ અને વર્કશોપ બાકી છે, કારણ કે જમીનમાલિકો ભાગ લેવા માટે અનિચ્છા ધરાવે છે,'' સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે, સામાન્ય સૂર એક જ છે કે તેમની માગણીઓ સરકાર દ્વારા સાંભળવામાં આવે અને સર્વેમાં ભાગ લેવા માટે વધુ તક આપવામાં આવે.

ધારાવીના ચામડાના મોટા વ્યવસાયિકોની ચિંતા એ છે કે તેમનો ઉદ્યોગ 'પ્રદૂષિત' શ્રેણીમાં આવે છે કારણ કે તેમાં ટેનરીઝ સામેલ છે. જોકે કાલા કિલ્લા રોડ પર 'ઇમેજ ડિઝાઇનર શૂઝ' નામની દુકાન છેલ્લા ૨૮ વર્ષથી કાર્યરત છે, તે સમાધાનકારી વલણ અપનાવે છે. ''રિડેવલપમેન્ટ ચોક્કસપણે થવું જોઈએ.

કોઈ પણ સંજોગોમાં, ધારાવીમાં ૯૫ ટકા ટેનરી બંધ થઈ ગઈ છે. હજુ પણ ચાલી રહેલી ૫ ટકા ટેનરીમાંથી, મને ખાતરી છે કે કોઈ સૌહાર્દપૂર્ણ ઉકેલ હજુ પણ મળી શકે તેમ છે. અમારા ગોડાઉનમાં પણ કોઈ કેમિકલ કાર્ય થઈ રહ્યું નથી. અમારી વિનંતી છે કે, કૃપા કરીને અમારી સાથે વાત કરો, અમારી વાત સાંભળો,'' તેમ અલીમે જણાવ્યું હતું .

અલીમના સ્ટેન્ડથી થોડી દુકાનો દૂર ગુપ્તા લેધર બુટિક, જે રાજેશ ગુપ્તા અને તેમના પરિવાર દ્વારા ૩૫ વર્ષ પહેલાં સ્થાપિત કરવામાં આવ્યું હતું. રાજેશનો ભાઈ સૂરજ તાજેતરમાં જ કૌટુંબિક વ્યવસાયમાં જોડાયેલા છે તેમણે કહ્યું છે કે રિડેવલપમેન્ટ ''નવી તકો' લાવી શકે છે.

### શું અહી મોલ્સ હશે?

કાલેના સાથી નરેન્દ્રએ કહ્યું કે ધારાવીમાં ''સર્વસંમતિ'' હતી કે પુનર્વિકાસ થવો જોઈએ. ઓછામાં ઓછા, પાછળના આંગણામાં ૧૦ જેટલી ફેક્ટરીઓ કાર્યરત છે. હું અહીં લગભગ ૨૦ ફેક્ટરીઓમાંથી સ્રોત મેળવું છું. અમે ધારાવીમાં એક વિશાળ બજાર વિશે વાત કરી રહ્યા છીએ, જે તેના અર્થતંત્રની કરોડરજ્જુ છે. કુશળ કારીગરો પર મુખ્ય પ્રધાનનું નિવેદન ખૂબ જ આવકારદાયક છે, તેમણે કહ્યું.

ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના માસ્ટર પ્લાન વિશે અલીમ અને સૂરજ બંને સકારાત્મક હતા, જે 'લાઈવ-વર્ક' મોડેલ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જ્યાં લોકો તેમના ઘરની નજીક પોતાનો વ્યવસાય કરી શકે છે. રાજયના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ ખાતરી આપી છે કે દરેક કુશળ કારીગરને રિડેવલપમેન્ટ દ્વારા મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવશે. ''અમારા માટે તે બિઝનેસ અને આજીવિકા છે.

જો સરકાર આપણી સમસ્યાઓનો ઉકેલ શોધે છે, તો આપણે કેમ સહકાર ન આપીએ,'' એમ સૂરજ જણાવે છે.

ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના સૌથી નોંધપાત્ર પાસાઓમાંનો એક એ છે કે તેમાં સમાવેશકતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જે ખાતરી કરે છે કે દરેક રહેવાસીની નોંધ લેવાય અને કોઈ પણ પાછળ ન રહી જાય. આ દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરતા, ડીઆરપી સીઇઓ, એસવીઆર શ્રીનિવાસે જણાવ્યું હતું કે, ''ભૂતકાળના રિડેવલપમેન્ટ પ્રયાસોમાં ઘણીવાર અવગણવામાં આવતા ક્ષેત્રોના સ્થાને અમારું ધ્યાન સમાવિષ્ટ વિકાસ અને લાંબા ગાળાના ટકાઉપણું પર છે .''

કાલા કિલ્લા રોડ પર મોટી જગ્યા ધરાવતા જાઝ લેધર્સના દીપક કાલેએ કહ્યું કે ''ધારાવીના પુનર્વિકાસનો કોઈ વિરોધ કરતું ન હોતું''. તેમના મતે, પુનર્વિકાસ થવો જોઈએ. ''પરંતુ, આ માટે, ધારાવીના લોકોને વિશ્વાસમાં લેવા જોઈએ. આજ સુધી કોઈ અમારી સાથે વાતચીત કરવા માટે આવ્યું નથી,'' તેમણે કહ્યું હતું.

# વરિષ્ઠ પત્રકાર અનિલ શાહનું નિધન

મુંબઈઃ 'મુંબઈ સમાચાર'ના તંત્રી વિભાગમાં ૩૦ વર્ષ સુધી સેવા આપી ચૂકેલા વરિષ્ઠ પત્રકાર અનિલભાઇ શાહનું ગુરુવારે રાતે અવસાન થયું હતું. તેઓ ૮૬ વર્ષના હતા અને પવઇ વિસ્તારમાં પરિવાર સાથે રહેતા હતા. તેમણે પચાસ વર્ષ સુધી પત્રકાર ક્ષેત્રે 'મુંબઈ સમાચાર' તેમ જ 'જન્મભૂમિ'માં કામગીરી બજાવી હતી. અનિલભાઇના પરિવારમાં પત્ની સુધાબેન તથા પુત્રો આલોક અને રાજેનનો સમાવેશ છે.

# ૩૫ કરોડ રૂપિયાના જાલના કૃષિ વળતર કૌભાંડમાં વધુ ૧૧ અધિકારી સસ્પેન્ડ

જાલનાઃ કુદરતી આપત્તીગ્રસ્ત ખેડૂતો માટેના ૩૪.૯૭ કરોડ રૂપિયાના ભંડોળની કથિત હેરાફેરી પ્રકરણે જાલના જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મહેસૂલ અધિકારીઓ સહિત વધુ ૧૧ અધિકારીને સસ્પેન્ડ કરાયા હોવાનું સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ કલેક્ટર શ્રીકૃષ્ણ પંચાલે ગુરુવાર સાંજે આ ૧૧ અધિકારીઓના સસ્પેન્શનનો આદેશ આપ્યો હતો. આ સાથે અત્યાર સુધી આ પ્રકરણે કુલ ૨૧ જણને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું.

હાલમાં જે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમાં ગામના સાત મહેસૂલ અધિકારી (તલાટી) અને જાલના જિલ્લાની તહેસિલ કાર્યાલયમાં કાર્યરત ચાર વરિષ્ઠ ક્લાર્કનો સમાવેશ થાય છે. અગાઉ આ કૌભાંડ સંબંધે ૧૩મી જૂને ૧૦ તલાટીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા તથા કૌભાંડમાં સામેલ હોવાની શંકાના આધારે હાલમાં વધુ ૩૫ મહેસૂલ અધિકારી સામે પણ તપાસ શરૂ કરવામાં આવી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# આંદોલનમાં ભાગ લેનારાઓ સામે કેસઃ કેસ પાછા ખેંચવાની મુદતમાં વધારો

મુંબઈઃ રાજકીય અને સામાજિક મુદ્દે વિરોધ પ્રદર્શનો અને આંદોલનો સંબંધિત કેસ પાછા ખેંચવાની મુદત મહારાષ્ટ્ર સરકાર દ્વારા શુક્રવારે વધારીને ૩૧મી માર્ચ, ૨૦૨૫ કરવામાં આવી આવી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અગાઉ રાજ્યના ગૃહ વિભાગે ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૪ સુધી ચાર્જશીટ રજૂ કરાઇ હોય એવા કેસને પાછા ખેંચવાનો આદેશ આપ્યો હતો, પરંતુ અમુક કેસમાં ત્યાર બાદ ચાર્જશીટ ફાઇલ કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા સરકારી પરિપત્ર અથવા આદેશમાં જણાવાયું હતું કે રાજકીય અને સામાજિક આંદોલનો અને વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા કાર્યકરો સામે જે કેસ નોંધાયા છે અને આ વર્ષે ૩૧મી માર્ચ સુધી ચાર્જશીટ ફાઇલ કરાઇ હશે એવા કેસ પાછા ખેંચવામાં આવશે, એમ સૂત્રોએ જણાવાયું હતું.

# અતિક્રમણ વિરોધી ઝુંબેશ વખતે પાલિકાની મહિલા અધિકારીનાં આંગળાં કાપી નાખનારા ફેરિયાને સાત વર્ષની કેદ

થાણેઃ થાણેમાં અતિક્રમણ વિરોધી ઝુંબેશ દરમિયાન ધારદાર છરાથી પાલિકાની મહિલા આસિસ્ટન્ટ કમિશનરનાં આંગળાં કાપી નાખવાની ૨૦૨૧માં બનેલી કમકમાટીભરી ઘટનામાં સેશન્સ કોર્ટે ફેરિયાને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી.

એડિશનલ સેશન્સ જજ એ. એસ. ભાગવતે આદેશમાં જણાવ્યું હતું કે તપાસકર્તા પક્ષ કસૂરવાર અમરજિત સિંહ શિવશંકર યાદવ ઉર્ફે અમરજિત યાદવ વિરુદ્ધ લગાવાયેલા હત્યાના પ્રયાસ સહિતના દરેક આરોપો પુરવાર કરવામાં સફળ રહ્યો છે.

ખટલા દરમિયાન વિશેષ સરકારી વકીલ શિશિર હિરેએ કોર્ટમાં જણાવ્યું હતું કે થાણે મહાનગરપાલિકાનાં આસિસ્ટન્ટ કમિશનર કલ્પિતા પિંપળેની આગેવાની હેઠળ અતિક્રમણ વિરોધી ઝુંબેશ ચાલી રહી હતી. ૩૦ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ થાણેમાં અતિક્રમણો હટાવવાની કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે યાદવે હુમલો કર્યો હતો.

પાલિકાની કાર્યવાહી દરમિયાન યાદવે ઉશ્કેરાયો હતો. તેણે પોતાની પાસેના ધારદાર છરાથી પિંપળે પર હુમલો કર્યો હતો. પોતાના બચાવમાં પિંપળેએ હાથ આડો કર્યો હતો, જેને પગલે છરો તેમનાં આંગળાં પર ફરી વળ્યો હતો. આ ઘટનામાં પિંપળેનાં ત્રણ આંગળાં કપાયાં હતાં.

સરકારી વકીલ હિરેએ જણાવ્યું હતું કે પિંપળેએ સ્વબચાવમાં હાથ આડો ન ધર્યો હોત તો તેમનો જીવ ગયો હોત. પિંપળેને બચાવવા તેમનો સિક્યોરિટી ગાર્ડ સોમનાથ પાલવે આગળ આવ્યો હતો. યાદવે પાલવે પર પણ છરાથી હુમલો કર્યો હતો, જેમાં તે ઘવાયો હતો. યાદવે પાલિકાની ટીમને ધમકાવી તેમની સાથે પણ ઉદ્ધત વર્તન કર્યું હતું.

આ કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં હાથ ધરાઈ હતી. ખટલા દરમિયાન કોર્ટે ૨૧ સાક્ષી તપાસ્યા હતા. આરોપીને લાંબી સજા માટે અપીલ કરવાની વાત હિરેએ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પૂરો ચુકાદો વાંચ્યા પછી આગામી પગલાં વિશે નિર્ણય લેવામાં આવશે. જોકે પ્રથમદર્શી આવા ગુના માટે સાત વર્ષની સજા અપૂરતી હોવાનું તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

# સારા વળતરની લાલચે લોકો સાથે છેતરપિંડીઃ ત્રણની ધરપકડ

મુંબઈઃ પ્રિન્ટિંગ પેપર કંપનીમાં રોકાણ પર મહિને ૧૨થી ૧૮ ટકા વળતરની લાલચે અનેક લોકો સાથે છેતરપિંડી આચરવાના આરોપસર મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના પ્રોપર્ટી સેલે ત્રણ જણની ધરપકડ કરી હતી. આરોપીઓએ મુંબઈ સહિત ઉત્તર પ્રદેશમાં પણ ઓફિસ શરૂ કરીને લોકો પાસેથી નાણાં લીધાં હતાં. આરોપીઓ વિરુદ્ધ ગોરેગામ અને એલ. ટી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુના દાખલ હોઇ તેમણે ૨૦૦થી ૩૦૦ લોકોને છેતર્યા હોવાનું કહેવાય છે.

પ્રોપર્ટી સેલે ધરપકડ કરેલા ત્રણેયની ઓળખ અંકિત જૈન, હેતુલ રાંકા અને ઓમકાર શિવશંકર સિંહ તરીકે થઇ હતી. ગોરેગામ પશ્ચિમમાં રહેતા ત્રણેય જણે પોતાની પ્રિન્ટિંગ પેપર કંપની હોવાનું તથા કોર્પોરેટ કંપનીઓને એ-ફોર સાઇઝ પેપર સપ્લાય કરવાનો વ્યવસાય હોવાનું લોકોને જણાવ્યું હતું. ઉપરોક્ત કંપનીમાં રોકાણ કરતા દર મહિને ૧૨થી ૧૮ ટકા વળતર મળશે, એવું તેમણે લોકોને કહ્યું હતું. કંપનીમાં રોકાણ કરનારા લોકોને અમુક સમય સુધી વળતર આપવામાં આવ્યું હતું. જોકે બાદમાં વળતર ન મળતાં રૂપિયા પાછા માગવા ઓફિસમાં ગયેલા અમુક લોકોને ગાળો ભાંડવા સાથે તેમની મારપીટ પણ કરવામાં આવી હતી.

# સંસ્થા સમાચાર

## ચાતુર્માસ પ્રવેશ

અધ્યાત્મયોગી પ.પૂ. આચાર્ય દેવ શ્રી વિજય કલાપૂર્ણસૂરિશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયતીર્થ ભદ્રસૂરિશ્વરજી મ.સા.ના ઓજસ્વી પ્રવચનકાર શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજજી શ્રી તીર્થસુંદર વિજયજી મ.સા. આદિ થાણા-૫નો આગામી ચાતુર્માસ પ્રવેશ ૧૯મી જૂને સંપન્ન થયો છે. ગુરુવારે સવારે સાત કલાકે શ્રી વાગડ વિસા ઓસવાળ શ્વે. મૂર્તિ તપોગચ્છ જૈન સંઘના મામા ભાણેજ કલાપૂર્ણસૂરિ આરાધના ભવનમાં આ કાર્યક્રમ પૂર્ણ થયો.

## શ્રી નવગ્રહાધિપતી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી જીનાલયની ૧૮મી વર્ષગાંઠનો કાર્યક્રમ સંપન્ન

ગચ્છાધિપતી પ.પૂ. આ. દેવ શ્રી દર્શનસાગરસૂરિશ્વરજી મહારાજ અને સંગઠનપ્રેમી પ.પૂ.આ. દેવ શ્રી નિત્યોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ના શુભ આશિષ, ૨૫૦ જૈન મંદિરોના પ્રતિષ્ઠાકારક, રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગરસૂરિશ્વરજીમ.સા.ની નિશ્રામાં આ ધાર્મિક કાર્યક્રમ સંપન્ન થયો. એ દરમિયાન અઢાર અભિષેક, સતરભેદી પૂજાનો લાભ અનેક ભક્તગણોએ લીધો હતો.

## સેલ્ફ રિડેવલપમેન્ટ વિશે માર્ગદર્શન શિબિર

બાલક વૃંદ એજ્યુકેશન સોસાયટી, સુંદત્તા હાઇસ્કૂલ, નવી ચિખલવાડી સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડમાં રવિવાર બાવીસ જૂને સેલ્ફ રિડેવલપમેન્ટ વિશે માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. એ દરમિયાન મુખ્ય વક્તાઓ સ્વયં પુનઃ વિકાસ પ્રક્રિયા, અમલ બજાવણી, બૅંકનું કર્જ ધોરણ સહિત અનેક મુદ્દાઓ પર માર્ગદર્શન આપશે. આ ચર્ચાસત્રમાં લોકોને હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવ્યુ છે. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ બિલ્ડરની લોબીની મનમાની હટાવી સ્વયં પુનર્વિકાસ કરવાના ફાયદાઓની માહિતી આપવાનો છે.

## બોરીવલીથી ભાયંદરમાં વસતા વિદ્યાર્થીઓને રાહતદરે ડિલક્સ લોંગબુક્સનું વિતરણ

શ્રી વિસા સોરઠીયા વણિક હિતવર્ધક મંડળ દ્વારા બોરીવલીથી ભાયંદરમાં રહેતા વિસા સોરઠીયા જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને રાહતદરે ડિલક્સ લોંગબુક્સનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ કાર્યમાં અનેક લોકોએ સહકાર આપ્યો, જેની સમસ્ત જ્ઞાતિમાં પ્રશંસા કરવામાં આવી છે.

## સારા નાગરિક બનો

કાંદિવલી વેસ્ટમાં આવેલા એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એ દરમિયાન બાળકોને સારા નાગરિક બનવાની સાથે સારી આદતો કેળવવાની સલાહ આપવામાં આવી હતી. સાથે જ બાળકો દ્વારા એક નાટક પણ ભજવવામાં આવ્યું હતું.

## જીવનનો હેતુ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા નજીવનનો હેતુથ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. એ દરમિયાન અનેક લોકો હાજર રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય વક્તાએ એ વિષય પર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન આપ્યું હતું.

# હિન્દુ મરણ

**નાઘેર દશા મોઢ માંડલીયા વણિક**

સનખડાવાસી, હાલ સાયન મુંબઈ, મનોરમાબેન અને સ્વ. દિનેશભાઈ ગુલાબરાય દામાણીનાં સુપુત્ર ગૌરાંગ (ઉં.વ. ૫૩) તા. ૧૭-૬-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. રીયા અને શ્લોકના પિતા. અંબરીષભાઈનાં ભાઈ. પારુલબેનના દિયર. ઈંદીરાબેન કનુભાઈ શ્રોફના જમાઈ. ધર્મેશ અને ચેતનનાં બનેવી. પ્રાર્થનાસભા તા. ૨૧-૬-૨૫, શનિવારના ૫.૦૦થી ૭.૦૦. માનવસેવા સંઘ (સાયન).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર હાલ મઝગામ સ્વ. પ્રેમાબાઇ પ્રાગજી ઠક્કરના પૌત્ર. સ્વ. જયાલક્ષ્મી ઝવેરીલાલ ઠક્કરના પુત્ર અનિરુદ્ધ (ઉં. વ. ૫૪) સ્વ. ધનલક્ષ્મી લક્ષ્મીકાંત જમનાદાસ કોઠારીના જમાઇ. નંદાના પતિ. હર્ષના પિતા. કપિલ-રાકેશના મોટાભાઇ. સ્વ. પ્રભાબેન ધરમશી જેરામાણીના દોહિત્ર. ગુરુવાર, તા. ૧૯-૬-૨૫ના અવસાન થયેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગોપુરમ હોલ, આર. પી. રોડ, મુલુંડ (પ.), શનિવારે તા. ૨૧-૬-૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું- લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મુલજી ચત્રભુજ કારીઆ ગામ કચ્છ તેરા હાલે મુલુંડના ધર્મપત્ની ગં. સ્વ. ગોદાવરીબેન (ઉં. વ. ૯૫) તા. ૧૮-૬-૨૫ના રામશરણ પામેલ થશે. તે સ્વ. ગીતા કિશોર હરીયાણી, મધુ સુનીલ માણેક, સ્વ. પુષ્પા ડુંગરશી ચંચલ, દક્ષા મહેન્દ્ર ઠક્કર તથા પંકજના માતુશ્રી. તે પાયલનાં સાસુજી. તે સ્વ. વિશનજી ડોસાભાઇ આથા પુનાવાળાની પુત્રી. સ્વ. હીરાલક્ષ્મી બહેન. સ્વ. લીલાવંતીબેન, સ્વ. મંજુલાબેન, ગં. સ્વ. દક્ષાબેન, વલ્લભદાસભાઇ, નરેન્દ્રભાઇ, વસંતભાઇ, જગદીશભાઇ તથા દિલીપભાઇના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટિયા**

ગં. સ્વ. અરુણા કાપડિયા (ઉં. વ. ૮૫) ૧૯ જૂન ૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. રણજીત મેઘજી કાપડિયાના પત્ની. સ્વ. ધરમશી રતનશીના દીકરી. પરેશ, છાયા ભાટીયાના માતા. કાજોલ ભાટીયાના નાની. પ્રમયના દાદી. પ્રાર્થનાસભા રવિવાર ૩.૩૦થી ૫.૩૦. ઠે. ભારતીય વિદ્યાભવન, ગ્રાઉન્ડ ફ્લોર, ચોપાટી, પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ખટાઉ દયાળજી દૈયા તથા સ્વ. કસ્તુરબેન ખટાઉ દૈયાના પુત્ર સુરેન્દ્ર ખટાઉ દૈયા (ઉં.વ.૮૧) કચ્છ ગામ મંગવાણા હાલ અમદાવાદ તા. ૧૭-૬-૨૫ મંગળવારના રામશરણ પામેલ છે. તે માલતીબેનના પતિ. સ્વ. મથરાદાસ નારાયણજી ચંદનના જમાઇ. તે સ્વ. કાશીબેન હરીરામ ચંદન અને સ્વ. મનોરમા હીરાલાલ મૃગના ભાઇ. હેતલ અને હીતેશના પિતાજી. હાર્દિક અને નમીસાના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી રાજગોર**

ગામ ભુજ હાલ ડોમ્બિવલી સુરેશભાઇ ઉગાણી (ઉં.વ. ૮૧) તા. ૧૯-૬-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. કસ્તુરબેન તથા ગં. સ્વ. જયાબેન સવાઇલાલ ઉગાણીના સુપુત્ર. સ્વ. નિર્મલાબેન તથા ભારતીબેનના પતિ. રમેશભાઇ, સ્વ. બિપીનભાઇ, સ્વ. હર્ષિતભાઇ, રસીલાબેન શાંતિલાલ ગીતાબેન વિનોદભાઇ નાકર, પવિત્રાબેન મુકેશભાઇ નાકરના મોટાભાઇ. તુષારભાઇ તથા વિજયભાઇના પિતા. માલતીબેનના સસરા. સ્વ.મણીબેન પ્રભાશંકર મોતા (ભુજ) તથા સ્વ. હીરાબેન શંભુલાલ નાકરના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

લાઠીવાળા (હાલ કાંદિવલી) સ્વ. વસંતરાય જેન્તીલાલ સંઘવીના ધર્મપત્ની ગં.સ્વ. હીરાલક્ષ્મી (ઉં. વ. ૯૬) તે સ્વ. રમેશચંદ્ર, સ્વ. પ્રદિપ, રાજેન, મૃદુલાબેન પ્રદિપકુમાર મહેતા, સ્વ. ઊષાબેન નંદકિશોર દવે તથા જયશ્રીબેન દિનેશકુમાર દલાલના માતુશ્રી. ગં.સ્વ. કાંતાલક્ષ્મી, ગં.સ્વ. વાસંતીબેન તથા નીશાના સાસુ. સ્વ. લલ્લુભાઈ, સ્વ. દોલતરાય તથા સ્વ. ગીરીજાબેન દ્વારકાદાસ ભુવાના ભાભી. સ્વ. હરગોવિંદદાસ પરશોત્તમદાસ દેસાઈના દીકરી. મોસાળપક્ષે સ્વ. ત્રંબકલાલ વીઠ્ઠલદાસ શેઠના ભાણેજ તા. ૧૮-૬-૨૫ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૬-૨૫ને રવિવારના ૪ થી ૬. પાવનધામ, એમ.સી.એ. ક્લબ પાસે, મહાવીરનગર, કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ગામ બાબરા હાલ કાંદિવલી, દેવીદાસ પુરુષોત્તમ પોપટ (ઉં.વ. ૭૮) ૧૭/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ગોદાવરીબેન પુરુષોત્તમ વલ્લભજી પોપટના પુત્ર. રમીલાબેન, નંદલાલ, ભાવનાબેન, કનૈયાલાલના ભાઈ. હિતેશ, સુનિલના મોટપપ્પા. ક્રિષ્ના, પ્રાચીના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ**

મૂળગામ સુરત હાલ બોરીવલી, પ્રણવભાઈ દેવત્ત વ્યાસ (ઉં.વ. ૬૯) ૧૬/૬/૨૫ના દેવલોક પામેલ છે. તે દર્શનાબેનના પતિ. તન્વી, અવની તથા કેતકીના પિતા. મુકેશભાઈ ધકાણ, રવિ દવેના સસરા. ક્રીશીવ તથા હર્ષીવના નાના. સાસરાપક્ષે સ્વ. જ્યોતિબેન તથા સ્વ. ધીરજલાલ રતિલાલ વૈદ્યના જમાઈ. પ્રાર્થનાસભા ૨૨/૬/૨૫ના ૩ થી ૫. રઘુલીલા મોલ, લોટસ બેન્કવેટ, ચોથે માળે, પોયસર બસ ડેપોની પાછળ કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

નાગેશ્રીવાળા હાલ મીરારોડ, સ્વ. કુમુદચંદ્ર પ્રભુદાસ ગોરડીયાના ધર્મપત્ની ગં. સ્વ. કુલીનબેન ગોરડીયા (ઉં.વ. ૮૬) ૧૭/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જનક તથા જાગૃતિના માતુશ્રી. અશ્વિનભાઇ ચત્રભુજ ગોરડીયાના કાકી. મંદાબેન તથા વિનોદકુમાર પ્રતાપરાય મહેતાના સાસુ. બળવંતરાય ભુતા, ભારતીબેન સંઘવી તથા નીતિબેન મહેતાના બહેન. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

ધારીવાળા હાલ મીરારોડ, સ્વ. શશીકાંતભાઈ ઠક્કર (ભૂપતાણી) (ઉં.વ. ૮૨) તે સ્વ. ઉર્મિલાબેનના પતિ. સ્વ. કાકુભાઈ નરસિદાસ ભૂપતાણીના પુત્ર. સ્વ. શાંતિલાલ છોટાલાલ અઢિયાના જમાઈ. નિમિષ તથા કિન્નરી કિશોરકુમાર પંડ્યાના પિતા. કવિતાના સસરા. ચંદ્રિકાબેન અરવિંદકુમાર ઠક્કરના ભાઈ. ગુરુવાર, તા. ૧૯-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વહેવાર બંધ છે. ઠે. બી -૧૧૦૧ નેમીનાથ હાઈટ્સ, એવર શાઇન વુડ્સની બાજુમા, ગૌરવ સીટી, કાણકીયા, મીરા રોડ ઇસ્ટ.

**હાલાઈ ભાટિયા**

અશ્વિન સંપટ (ઉં.વ. ૫૧) તે લીનાના પતિ. પ્રકૃતિના પિતા. સ્વ. જયશ્રી અને સ્વ. કૃષ્ણરાજ (છોટુભાઈ)ના પુત્ર. સ્વ. ઉષા અને સ્વ. મધુસુદન કજરીયાના જમાઈ. સ્વ. માણેકબેન જીવણદાસ નેગાંધીના દોહીત્ર. અ. સૌ. મયૂરી નિશિત પાલેજાના ભાઈ. તા. ૧૫-૬-૨૫ના રવિવારે અવસાન થયું છે. પ્રાર્થનાસભા શનિવારે તા. ૨૧-૬-૨૫ના ૪.૩૦ થી ૬.૩૦. જૂની હાલાઈ ભાટિયા મહાજનવાડી (એ.સી.હોલ, કાલબાદેવી મેઇન રોડ) લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ મેંદરડા, હાલ કાંદીવલી, બ્રિજેશ સાંગાણી (ઉં.વ. ૩૦) તા. ૧૭-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે અંજના તેમજ ચેતન કિશોરકુમાર સાંગાણીના પુત્ર. સ્વ. જ્યોત્સનાબેન સ્વ. કિશોરકુમાર વલ્લભદાસ સાંગાણીના પૌત્ર. ધર્મેનના ભત્રીજા. સ્વ. હેમલતાબેન સ્વ. કરસનદાસ વનરાવન પોપટના દોહિત્ર. જિજ્ઞા વિમલ કરસનદાસ પોપટ, વિભૂતિ સંજય લાખાણી, અલકા હરીશ મદલાણીના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૨૧-૬-૨૫ શનિવારના ૫ થી ૭. શ્રી લોહાણા મહાજન વાડી, એસ.વી. રોડ, શંકર ભગવાનના મંદિરની બાજુમાં, બીજે માળે, કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ નલિયા હાલ પવઈ, કાંતિલાલ ઠક્કર (મડિયાર)ના પત્ની અ. સૌ. અનુરાધા (અનસૂયા) (ઉં.વ. ૮૧) ૧૮/૬/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. રાધાબેન (કબીબાઇ), સ્વ. વલ્લભદાસ નારયણજી મડિયારના પુત્રવધૂ. સ્વ. વેલબાઈ, સ્વ. મોતીલાલ ધનજી સોમૈયાના પુત્રી. કિરણ, બિંદુ બુધાનીના માતા. પિનાકી કિરણ, દિલીપ મોતીલાલ બુધાણીના સાસુ. મંથન, વત્સલ, રિદ્ધિ, રોશની, ઋષભ, રોશની, માનસીના દાદી. પ્રાર્થનાસભા શનિવાર ૨૧/૬/૨૫ના ૪થી ૬. સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

# જૈન મરણ

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી, સ્વ. હિમાંશુભાઈ કોઠારીના ધર્મપત્ની મીનાક્ષીબેન કોઠારી (ઉં.વ. ૭૬) તા. ૧૮-૬-૨૫ને બુધવારે અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. મોતીબેન પનાલાલ કોઠારીની પુત્રવધૂ. સ્વ. કાંતાબેન રસિકલાલ શાહની પુત્રી. પ્રીતિ વિરલ પારેખ, એકતા કૌશલ ઝવેરી અને સ્વાતિ વિકાસ ખેમાનીના માતુશ્રી. વિરાજ, આહના, હિતિક, કાવ્યા અને આરિયાનાના નાની. તે મહેન્દ્રભાઈ, સ્વ. નવીનભાઈ, પ્રફુલભાઈ અને પ્રતિભાબેનના બહેન. પ્રાર્થનાસભા તા. ૨૧ જૂન, શનિવારે ૪.૦૦થી ૬.૦૦. કે.સી. ઓડિટોરિયમ, ચર્ચગેટ.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ પવઇ અનિલભાઇ (ઉં. વ. ૮૬) તે સ્વ. પ્રભાવતીબેન પોપટલાલ શાહના જયેષ્ઠ પુત્ર. સુધાબેનના પતિ. આલોક અને રાજેનના પિતા. મોનિકા અને તોરલના સસરા. સ્વ. જવાહર, સ્વ. મનહર, સ્વ. નીલાબેન પ્રવિણચંદ્ર શાહ, કીર્તિ, સરોજ રાજેન મોદી અને સુભાષના મોટા ભાઇ. તે સુરેન્દ્રનગર નિવાસી મણીલાલ જીવનલાલ શાહના જમાઇ ગુરુવાર, તા. ૧૯ જૂનના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણ હાલ પાર્લા ગં. સ્વ. પુષ્પાબેન રમણીકલાલ ગાંધી (ઉં. વ. ૯૬) તે ભાવનાબેન ભરતભાઇ શાહના માતુશ્રી. વૈભવ-વિરલ, આલોક-અનેરીના નાની. સ્વ. રસિકભાઇ, સ્વ. અનુભાઇ, મુકેશભાઇ, સ્વ. મધુબેન, સરયુબહેન, સ્વ. રમીલાબેન, વિનોદબેનના ભાભી. લીંબડી નિવાસી સ્વ. ચંપાબેન ડુંગરશીભાઇ સંઘવીના સુપુત્રી. સ્વ. જયંતીલાલ, સ્વ. હર્ષદભાઇ, સ્વ. ભૂપેન્દ્રભાઇ, સ્વ. સુરેશભાઇના બહેન તા. ૧૮-૬-૨૫ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ સ્થાનકવાસી જૈન**

માંગરોળ નિવાસી હાલ મીરા રોડ શાંતિલાલ ભણશાળી (ઉં. વ. ૮૧) તે સ્વ. ધનવંતીબેન ત્રિભોવનદાસ ભણશાલીના પુત્ર. કિશોરીબેનના પતિ. સમીરના પિતા. સ્વ. વલ્લભદાસ અમરચંદ શાહના જમાઇ. સ્વ. પ્રવીણભાઇ, સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. રસિકભાઇ, ચંદ્રકાંતભાઇ, જગદીશભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. અશ્વિનભાઇ , સ્વ. સુભદ્રાબેન, ભાનુબેન, સરલાબેનના ભાઇ તા. ૧૯-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગોડવાલ સ્થાનકવાસી જૈન**

જોધપુર હાલ બોરીવલી મરુધર નિવાસી સ્વ. મદન કુંવર ઓમકારચંદજી ભંડારીના પુત્ર સ્વ. મહેન્દ્રકુમારજી ભંડારી તા. ૨૦-૬-૨૫ના અવસાન થયું છે. પત્નીઃ નીરુબહેન. સ્વ. મહેન્દ્રજી ભંડારી. ભાભી : નિર્મલા કૈલાસજી ભંડારી, રાજુ ભંડારી. મંજુ સુરેશજી ભંડારી જમાઇ : પ્રિયંકા-રાજકિરણ, પિંકી- વિશાલ, રવિ, રૌનક, ચિરાગ. બહેન- ભાભીઃ પુષ્પાબાઇ, સ્વ. દૂધમલજી શ્રીશ્રીમલ, સ્વ. નિર્મલાબાઇ સોહનરાજજી શ્રીશ્રીમલ, પ્રેમલતા સ્વ. કેસરીમલજી હુંડીયા, સરોજ સ્વ ઘેવરચંદજી ધોકા. ભાવયાત્રા તા. ૨૧-૬-૨૫ના સવારના ૧૧થી ૧. ઠે. પેરેડાઇઝ હોલ, દોલત નગર, બોરીવલી (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર દક્ષાબેન સંઘવી (ઉં. વ. ૬૫) તે બિપીનભાઇ ગગુભાઇ સંઘવીના ધર્મપત્ની. સ્વ. મધુકાંતાબેન વિપીનચંદ્ર દોશીની સુપુત્રી. સ્વ. રાજુભાઇ અને સ્વ. સંજયભાઇ દોશીના મોટાબેન. ગીરીશભાઇ, અશ્વિનભાઇ અને અંજનાબહેન ગાંધીના ભાભી. અવની સંઘવીના મમ્મા. જીગર નેમિશ અને અર્પિતના મોટા મમ્મી તા. ૧૯-૬-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૨-૬-૨૫ ૧૦થી ૧૨. ઠે. હિંગવાલા સ્થા. જૈન ઉપાશ્રય, ૨જે માળે, હિંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

ધારી નિવાસી હાલ ઘાટકોપર, પ્રવિણભાઈ જયંતિલાલ ત્રિભોવનદાસ ઠોસાણી (ઉં. વ. ૭૬) તા. ૧૯-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દક્ષાબેનના પતિ. હાર્દિક અને જયના પિતાશ્રી. અ.સૌ. બેલા તથા અ.સૌ. પ્રાચીના સસરા. સ્વ. ધનસુખભાઈ, બિપીનભાઈ, કિરિટભાઈ, રંજનબેન દોશી, હીરાબેન ફીફાદરા, સ્વ. સરલાબેન દોશી, જયશ્રીબેન હપાણી તથા કુસુમબેન પટવીના ભાઈ. ઘાટવડ નિવાસી સ્વ. ફૂલચંદ દામોદર ગાંધીના જમાઈ. પ્રાર્થનાસભા બંને પક્ષ તરફથી તા. ૨૨-૬-૨૫, રવિવારના ૧૦ થી ૧૨. સ્થળ-પારસધામ, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

**પોરબંદર દેરાવાસી જૈન**

પોરબંદર નિવાસી, હાલ મુંબઈ, સ્વ. રેવાબેન ગુલાબચંદ ભણસાલીના પુત્ર સનતભાઈ (ઉં. વ. ૭૫) તે ભારતીબેનના પતિ. તક્ષલના પિતા. વાસંતીબેન હરેન્દ્રભાઈ ભણસાલીના દિયર. સ્વ. શાંતીલાલ બાટવીયાના જમાઈ તા. ૨૦-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૬-૨૫, ૫ થી ૭. સ્થળઃ આંગન ક્લાસીક હોલ, કેંટ ગાર્ડન, ટી. પી. એસ રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉના લાલજી પ્રેમજી નથુ ગાલા (ઉં.વ. ૯૨) ૧૭-૬-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. દેવકાબેન પ્રેમજીના સુપુત્ર. કેસરબેનના પતિ. ધીરેન્દ્ર, મૃદુલા, રશ્મીના પિતાશ્રી. કુંવરજી, ટોકરશી, ગુંદાલાના સાકરબેન વેલજીના ભાઈ. મોખાના નાનબાઈ મેઘજી માલસીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરેન્દ્ર લાલજી ગાલા, કાંતા નિવાસ, ડી. જે. રોડ, વિલે પાર્લે (વેસ્ટ).

મોટી ખાખરના કેસરબેન તલકશી છાડવા (ઉં.વ. ૯૩) તા. ૧૮-૬-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. તલકશી વેલજીના પત્ની. હાંસબાઈ વેલજી મુરગના પુત્રવધૂ. કાંતિલાલ, કિરીટ, ભરત, ચંદ્રેશ, સુભદ્રાના માતુશ્રી. કાંડાગરાના સતુબેન કુંવરજી પાસુ છેડાના સુપુત્રી. ભવાનજી, ચુનીલાલ, નવિનચંદ્ર, કંકુબેન રતનશી, જવેરબેન તલકશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કાંતિલાલ છાડવા, સી-૯૦૨, છેડા હાઈટ્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે).

ખારૂઆના વલ્લભજી ગાલા (ઉં.વ. ૭૨) તા. ૧૯-૬ના અવસાન પામેલ છે. શાંતાબેન મુરજીના પુત્ર. નવલના પતિ. જીનેશ, પ્રતિકના પિતા. સ્વ. કાંતી, ગઢશીશા હેમલતા વિસનજી, સાભરાઇ ગુલાબ પ્રફુલના ભાઇ. વરંડીના વેલબાઇ વીરજીના જમાઇ. ત્વચા-ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નવલબેન ગાલા, ૭/૭૦૧, લારકીન્સનગર, ગણેશ નગર, ડોંબીવલી (પ.).

**પાલનપુર જૈન**

પાલનપુર નિવાસી હાલ મલાડ, જયેશકુમાર અમૃતલાલ શાહ (ઉં.વ. ૭૦) મીનાબેનના પતિ. ફોરમ, એશા, નમિતા, પ્રણયના પિતાશ્રી. સ્વ. પ્રવિણભાઈ, ચંદ્રકાંતભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. સતિષભાઈ, દેવેન્દ્રભાઈ, વર્ષાબેન રાજેન્દ્રભાઈ શાહ, બિપીનભાઇના ભાઈ. ઋગ્વેદભાઈ, વિવેકભાઈ, પ્રિયાંકભાઈ, બીજલબેનના સસરા. સ્વ. બાબુલાલ કાલિદાસ શાહ (પાલનપુર નિવાસી)ના જમાઈ. તા. ૧૯/૬/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૨/૬/૨૫ના રવિવારે ૧૦-૧૨. વર્ધમાન સ્થાનકવાસી હોલ, એસ. વી. રોડ, પારેખ ગલીના કોર્નર પર, લોહાણા મહાજન વાડીના સામે, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. જ્યોત્સનાબેન તથા નવીનચંદ્ર મણિલાલ ગાંધીના પુત્ર હિમાંશુ (ઉં.વ. ૫૩) તે જસ્મીનાના પતિ. ક્રિષા તથા અંશના પિતા. લીના અજયભાઇ માટલીયા તથા પ્રીતિબેન જયેશભાઇ ફિફાદરાના ભાઈ. ગં. સ્વ. સુનંદાબેન તથા સ્વ. બાલકૃષ્ણ શાંતિલાલ વ્યાસ પોશીનાવાળાના જમાઈ. ૧૬/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બાલંભા(જામનગર) હાલ કાંદીવલી, સ્વ. શુશીલાબેન વસંતલાલ ઉદાણીના પૌત્ર પીયૂષકુમાર (ઉં.વ. ૪૯) તા. ૧૯-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જનકબેન દિલીપભાઈ ઉદાણીના સુપુત્ર. જસ્મિનાબેનના પતિ. ઉર્વીના પિતાજી. હર્ષાબેન ભુપતભાઇ વાઘરના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૧/૬/૨૫ને શનિવારે ૪ થી ૬. પાવનધામ, મહાવીરનગર, બી.સી.સી.આય. ગ્રાઉન્ડની સામે, કાંદીવલી વેસ્ટ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

જીમી બેહરામશો બલસારા તે ફરીદાના ધન્યાની. તે મરહૂમો હીલ્લામાય બેહરામશો બલસારાના દીકરા. તે યઝદી ને હુફીઝના પપ્પા. તે પરવાના ને નોઝરના સસરા. તે મરહૂમ, તેહમી, અરન, લીલી ને પરવેઝના ભાઈ. તે આવા ને હઝદાનના બપાવા તે મરહૂમો દીનુ ફીરોઝ સેઠનાના જમાઈ. (ઉં.વ. ૮૫) રે.ઠેઃ ૧૮૯, હિરાબાઈ પટેલ બિલ્ડિંગ, ૧લે માળે રૂમ નં. ૨૫/૨૬, ગ્રાન્ટરોડ, મુંબઈ-૪૦૦૦૦૭.

ગુલચહેર નોશીર લંગ્રાના તે નોશીરના ધન્યાની. તે મરહૂમો મનીજેહ બરજોરજી પોચખાનવાલા તે દેલયાર ને આશદીનના મમ્મા. તે કીર્તિના સાસુ. તે કેતાયુન, રોશન, મરહૂમના બેન. તે આહનાના બપયજી. તે મરહૂમો મેહરાન માનેકશાહ લંગ્રાના વહુ. (ઉં.વ. ૭૮) રે.ઠેઃ એ-૧૧, રૂસ્તમ બાગ, ગ્રાઉન્ડ ફ્લોર, ભાયખલા. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૦૬-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. વાચ્છા ગાંધી અગ્યારી.

મહેરનોસ એમ. પીઠાવાલા (ઉં.વ. ૮૫) તા. ૧૯-૬-૨૦૨૫એ ગુજરી ગયા છે. તેઓ મહેરુના હસબન્ડ. મર્ઝબાન, નેવીલેના ફાધર. રોશનીના સસરા. કૈઝાદ, શેરી, ઝિયાના દાદા. મરહૂમ તેહમુલ, ડોલી, રતન, દિન્યાર, રોહિન્ટન, બસ્પીના ભાઈ.

નરીમાન બમનશા મેધોરા તે દોલતના ધની. તે મરહુમ ખોરશેદ બમનશા મેધોરાના દીકરા. તે ફરહુનના પપ્પા. તે મેહરુ તથા મહરુ દારાયસ, હોમીના ભાઇ. તે મરહુમ માનેક ઝાલ મિરબાના જમાઇ. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૭૩૩, કલ્પિતા બિલ્ડિંગ, રોડ નં-૪, પારસી કોલોની દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાની ક્રિયા : તા. ૨૨-૬-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

ઝરીર જાલ ગગરાટ તે મરહુમ મીનીના ધનિયાની. તે મરહુમો બાનુ જાલ ગગરાટના દીકરા. તે એરીક તથા મરહુમ મેહરના પપા. તે નીકીતા ને નોઝરના સસરા. તે ઈથન, ઝકસીસ, પરલના બપાવા. તે નતાશાના મમાવા. (ઉં. વ. ૮૧) રે.ઠે. સી-૧૭, બાઈ જેરબાઈ બાગ, ચોથા માળે, બાયકુલ્લા, મુંબઈ ૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૬-૨૫ને દિને સવારે ૪.૪૫ વાગે મઝગાવ પતેલ અગ્યારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

**૪૫ દિવસ પછી ચૂંટણી ફૂટેજ નાશ કરવાનો આદેશઃ ચૂંટણી પંચની પટોલેએ ટીકા કરી**

# કેન્દ્ર સાથે ચૂંટણી પંચની મિલીભગતનો આરોપ

નાગપુરઃ કોંગ્રેસના નેતા નાના પટોલેએ શુક્રવારે ચૂંટણી પંચની ચૂંટણી પ્રક્રિયાના સીસીટીવી ફૂટેજ, વેબકાસ્ટિંગ અને વીડિયો ફૂટેજનો ૪૫ દિવસ પછી નાશ કરવાની સૂચના માટે ટીકા કરીને કેન્દ્ર સરકાર સાથે ‘મિલીભગત’ કરી હોવાનો આરોપ લગાવ્યો હતો.

‘દૂષિત નેરેટિવ્સ’ ચલાવવા માટે ઇલેક્ટ્રોનિક ડેટાનો ઉપયોગ થવાના ડરથી ચૂંટણી પંચે ૩૦મેના રોજ એક પત્રમાં રાજ્ય ચૂંટણી અધિકારીઓને સૂચના આપી હતી કે ૪૫ દિવસની અંદર જો કોર્ટમાં ચૂંટણીનાં પરિણામોને પડકારવામાં ન આવે તો ૪૫ દિવસ પછી આવા ફૂટેજનો નાશ કરવામાં આવે.

મહારાષ્ટ્ર વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર પટોલેએ અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હરિયાણામાં ચૂંટણી પછી કેટલાક લોકોએ પંજાબ અને હરિયાણા હાઇ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને કોર્ટે ચૂંટણી પંચને ચૂંટણી પ્રક્રિયાના સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ આપ્યો હતો.

તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે, ચૂંટણી પંચે ત્યારબાદ કેન્દ્રીય કાનૂન મંત્રાલયને પત્ર લખીને ચૂંટણી આચારસંહિતા નિયમોની કલમ ૯૩માં સુધારા કરવા જણાવ્યું હતું.

કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે ‘દિવસ-રાત કામ કર્યું’ અને નિયમોમાં સુધારો કર્યો હતો.

‘તે દર્શાવે છે કે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચે એકબીજા સાથે સાઠગાંઠ કરી છે,’ એવો દાવો પટોલેએ કર્યો હતો. ચૂંટણી પંચને માહિતી છુપાવવાની શા માટે જરૂર પડી અને સરકાર લોકોને કેમ જાણવા દેવા નથી માગતી કે કેટલા મતદારો મતદાન મથક પર ગયા હતા. કોંગ્રેસે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે અને ચૂંટણી પંચના આ આદેશને પડકાર્યો છે, એમ તેમણે જણાવ્યું હતું. બારમી જૂને અમદાવાદમાં એર ઇન્ડિયાના વિમાનના તૂટી પડવાના અને એપ્રિલમાં પહલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતાં તેમણે એવો સવાલ કર્યો હતો કે વડા પ્રધાન અને ગૃહ પ્રધાને આ ઘટનાઓની જવાબદારી કેમ ન લીધી અને રાજીનામું કેમ ન આપ્યું?

મુંબઈમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલા પછી કોંગ્રેસે જવાબદારી લીધી હતી અને મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્ય પ્રધાન વિલાસરાવ દેશમુખને રાજીનામું આપવા કહ્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું. ■

# કલ્યાણ સ્ટેશન પર ૨૦ કિલો ગાંજા સાથે બે પકડાયા

થાણેઃ કલ્યાણ રેલવે સ્ટેશન પર ૨૦ કિલો ગાંજા સાથે બે પ્રવાસીની ધરપકડ કરવામાં આવી હતી, એમ ગવર્નમેન્ટ રેલવે પોલીસે જણાવ્યું હતું.

બંને પ્રવાસીની ઓળખ મુંબ્રાના મેહતાબ આલમ ઇર્શાદ શેખ (૩૫) અને કર્ણાટકના ગુલબર્ગાના રહેવાસી લાલ અહમદ મોમીન અમિન કોટકી (૨૭) તરીકે થઇ હતી.

બંને જણ મંગળવારે પુરી એક્સપ્રેસથી આવ્યા હતા અને કલ્યાણ સ્ટેશન પર ઊતર્યા ત્યારે પોલીસે તેમને શંકાને આધારે તાબામાં લીધા હતા.

બંને પાસે બે મોટી બેગ હતી અને તેમનું વર્તન પોલીસને શંકાસ્પદ લાગ્યું હતું. આથી પોલીસે બેગ તપાસતાં તેમાંથી ગાંજો મળી આવ્યો હતો. દરમિયાન બંને વિરુદ્ધ એનડીપીએસ હેઠળ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

**યુપીએએ મુંબઈને તેના નસીબ પર છોડી દીધું હતું પણ...**

# મહાયુતિએ સાત લાખ કરોડના ઈન્ફ્રા પ્રોજેક્ટ દ્વારા મુંબઈને બચાવી લીધુંઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે યુપીએના શાસને મુંબઈની અવગણના કરી હતી અને તેને તેના નસીબ પર છોડી દીધું હતું, પરંતુ ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકારે ૭ લાખ કરોડ રૂપિયાથી વધુના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ દ્વારા તેને ‘બચાવ્યું’ હતું.

સિંચાઈ ક્ષેત્રમાં રોકાણથી મહારાષ્ટ્રમાં ખેડૂતોની આત્મહત્યાનો અંત આવ્યો છે, જે એક સમસ્યા ઘણા દાયકાઓથી રાજ્યને પીડિત કરી રહી હતી, એમ ભાજપના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર ચેમ્બર્સ ઓફ કોમર્સ, ઇન્ડસ્ટ્રી એન્ડ એગ્રીકલ્ચર (માસિયા)ના નવા મુખ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા શાહે કહ્યું હતું કે ભારત ૨૦૨૬-૨૭ સુધીમાં ત્રીજા ક્રમે પહોંચશે અને દાવો કર્યો હતો કે છેલ્લા ૧૧ વર્ષમાં દેશમાં ‘સપ્રમાણ’ વિકાસ થયો છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી રહી છે, એમ જણાવતાં શાહે કહ્યું હતું કે, થોડા વર્ષો પહેલા તેમને ડર હતો કે મુંબઈનું શું થશે, કારણ કે તેની વસ્તી વિસ્ફોટ, જૂના અને જર્જરિત ઘરો, ઝૂંપડપટ્ટીઓ અને ટ્રાફિક ભીડ જેવી ગંભીર સમસ્યાઓ છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા બદલ અભિનંદન આપતા શાહે કહ્યું કે ફડણવીસે રાજ્યને મદદ કરી હતી અને નોંધ્યું હતું કે જ્યારે એકનાથ શિંદે અગાઉની સરકારનું નેતૃત્વ કરતા હતા અને ફડણવીસ નાયબ મુખ્ય પ્રધાન હતા ત્યારે પણ રાજ્યને ફાયદો થયો હતો. ૨૦૧૪ પહેલા કેન્દ્રમાં મનમોહન સિંહ અને સોનિયા ગાંધીની ‘ડબલ એન્જિન’ સરકાર હતી જેમાં એનસીપીના શરદ પવાર પણ તેનો ભાગ હતા, છતાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના શાસક ગઠબંધને તે દસ વર્ષ માટે ‘મુંબઈને તેના ભાગ્ય પર છોડી દીધું હતું,’ એવો ગંભીર આરોપ તેમણે લગાવ્યો હતો.

‘કેન્દ્રમાં નરેન્દ્ર મોદી અને રાજ્યમાં ફડણવીસ-શિંદેની આગેવાની હેઠળની ડબલ એન્જિન સરકારોએ મુંબઈને ૭ લાખ કરોડ રૂપિયાના રોકાણથી બચાવ્યું છે,’ એમ શાહે કહ્યું હતું.

ભાજપ સરકારની સિદ્ધિઓને ઉજાગર કરવા માટે, તેમણે ૧.૫૦ લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે ૩૩૭ કિલોમીટર લાંબા મેટ્રો નેટવર્ક, ૧.૦૮ લાખ કરોડ રૂપિયા મુંબઈથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન, ૮૦,૦૦૦ કરોડ રૂપિયા, વાઢવણ ખાતે ગ્રીનફિલ્ડ પોર્ટ, ૧૭,૦૦૦ કરોડ રૂપિયાનો અટલ સેતુ ટ્રાન્સ-હાર્બર બ્રિજ, ૫૫,૦૦૦ કરોડ રૂપિયાનો વર્સોવા-વિરાર સી-લિંક અને ૬૦,૦૦૦ કરોડ રૂપિયાનો વિરાર-અલીબાગ મલ્ટિમોડલ કોરિડોર જેવા માળખાકીય પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કર્યો હતો.

શાહે એમ પણ પૂછ્યું કે શું ભાજપ સરકારોની કાર્યશૈલીની ટીકા કરનારા લોકો પાસે આવા પ્રોજેક્ટ્સનું આયોજન કરવાની દૃષ્ટિ છે અને ઉમેર્યું કે જો તેઓએ આવા પ્રોજેક્ટ્સ અમલમાં મૂક્યા હોત તો ફડણવીસ પાસે કંઈ કરવાનું બાકી ન હોત. ■



**શતાબ્દી મહોત્સવઃ** મહારાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ, ઈન્ડસ્ટ્રી એન્ડ એગ્રિકલ્ચરની શતાબ્દી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તે દીપપ્રાગટ્ય સાથે કરવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

## શિંદેએ બધાને ‘ખરી શિવસેના’ બતાવી દીધી

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બધાને ‘ખરી શિવસેના’ બતાવી દીધી છે, એવા શબ્દોમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે એકનાથ શિંદેની પ્રશંસા કરી હતી. બાળ ઠાકરે દ્વારા સ્થાપિત પાર્ટી જૂન ૨૦૨૨માં શિંદેએ બળવો કરીને ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહા વિકાસ આઘાડી (એમવીએ) સરકારને તોડી પાડ્યા બાદ વિભાજીત થઈ ગઈ. ત્યારથી બંને જૂથો પાર્ટીના સ્થાપક બાળ ઠાકરેના વારસા પર દાવો કરવા અને ‘ખરી શિવસેના’ તરીકેની ઓળખ દર્શાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતાએ માસિયા દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં શિંદેની હાજરીમાં આ ટિપ્પણી કરી હતી.

‘શિંદેએ બધાને બતાવ્યું છે કે વાસ્તવિક શિવસેના કઈ છે,’ એમ શાહે કહ્યું હતું.

આ ટિપ્પણી એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે બંને જૂથો, જેને હવે અનુક્રમે શિવસેના અને શિવસેના (યુબીટી) કહેવામાં આવે છે.

રાજ્યભરમાં ખાસ કરીને દેશની સૌથી શ્રીમંત મનપા મુંબઈમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં સેનાનો જંગ વધુ ઉગ્ર બનવાનો છે, જે ઘણા દાયકાઓથી અવિભાજિત શિવસેનાનો ગઢ હતો. ■

**સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ**

# જિલ્લા પ્રમુખોની બેઠકમાં ભાજપથી ન ડરવાનો ઉદ્ધવનો હુંકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે શુક્રવારે તેમના પક્ષના જિલ્લા એકમના પ્રમુખોને મળ્યા અને આ વર્ષના અંતે મહારાષ્ટ્રમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓની તૈયારીઓ અંગે ચર્ચા કરી હતી.

૨૯ મહાનગરપાલિકા માટે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ યોજાશે જેના માટે વોર્ડ સીમાંકન પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે, તેમજ ૩૨ જિલ્લા પરિષદો, ૩૩૬ પંચાયત સમિતિઓ અને ૨૪૮ નગર પાલિકાની પણ ચૂંટણી થવાની છે.

ઉદ્ધવ ઠાકરેએ જિલ્લા પ્રમુખોને પાયાના કાર્યકર્તાઓને એકઠા કરવા અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માટેની તૈયારીઓ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. જિલ્લા એકમના પ્રમુખોને પણ મતદાર યાદી સુધારણા અને વોર્ડ સીમાંકન પ્રક્રિયા પર ચાંપતી નજર રાખવા જણાવવામાં આવ્યું હતું, એવી માહિતી શિવસેના (યુબીટી)ના સિનિયર નેતા અનિલ પરબે આપી હતી.

સિનિયર નેતા અને લોકસભાના ભૂતપૂર્વ સાંસદ વિનાયક રાઉતે જણાવ્યું હતું કે જિલ્લા એકમના વડાઓ ઉપરાંત બેઠકમાં હાજર રહેલા લોકોમાં રાજ્યભરના જિલ્લા ‘સંપર્ક પ્રમુખો’ અને અન્ય કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે.

‘કાર્યકરોને લાગે છે કે આપણે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી એકલા લડવી જોઈએ. ઉદ્ધવજી આ મુદ્દા પર અંતિમ નિર્ણય લેશે,’ એમ પણ વિનાયક રાઉતે જણાવ્યું હતું.

પાર્ટીના એક સૂત્રએ જણાવ્યું હતું કે ઠાકરેએ જિલ્લા સ્તરના નેતાઓને સ્થાનિક સ્તરે સમાન વિચારધારા ધરાવતા જૂથો સાથે જોડાણ કરવાનો નિર્ણય લેવાની છૂટ આપી હતી.

‘ભાજપથી ડરશો નહીં. સુનિશ્ચિત કરો કે તમે એવું કશું ન કરો જેનાથી ભાજપ અને તેના સાથી પક્ષોને ફાયદો થાય. આપણે તેમને હરાવી શકીએ છીએ,’ એમ આ સૂત્રએ ઠાકરેને ટાંકીને કહ્યું હતું.

શુક્રવારે વહેલી સવારે એનસીપી (એસપી)ના વડા શરદ પવારે કહ્યું હતું કે મહા વિકાસ આઘાડી (એમવીએ)ના ઘટક પક્ષો રાજ્યમાં આગામી પાલિકા ચૂંટણીઓ સાથે મળીને લડવા પર ચર્ચા કરશે.

એમવીએમાં એનસીપી (એસપી), ઠાકરેની શિવસેના (યુબીટી) અને કોંગ્રેસનો સમાવેશ થાય છે. ■

# જિલ્લા પરિષદની શાળામાં શિક્ષક ઊંઘતો ઝડપાયો, વીડિયો વાયરલ

જાલનાઃ જાલના જિલ્લામાં જિલ્લા પરિષદની શાળાનો શિક્ષક ક્લાસમાં ઊંઘતો ઝડપાયો હતો, જેનો વીડિયો શુક્રવારે વાયરલ થયો હતો. આ બનાવ બાદ વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે આ મુદ્દે ઉચ્ચ સત્તાવાળાઓને અહેવાલ સુપરત કરવામાં આવશે.

જાફરાબાદ તહેસીલના ગાડેગવાન ખાતેની મરાઠી માધ્યમની શાળામાં આ ઘટના બની હતી, જ્યાં ધોરણ એકથી પાંચ સુધીના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન આપવામાં આવે છે.

વીડિયોમાં શિક્ષક ટેબલ પર પગ મૂકીને આરામ કરતો નજરે પડે છે અને ત્યાં ૧૫થી ૧૭ વિદ્યાર્થી બેઠા છે. વીડિયો ઉતારનારી વ્યક્તિ એક વિદ્યાર્થીને પૂછે છે કે શિક્ષક કેટલા સમયથી સૂઇ રહ્યા છે, જ્યારે જવાબ મળે છે ‘અડધો કલાકથી.’

શિક્ષકને વી.કે. મુંડે તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો અને બ્લોક એજ્યુકેશન ઓફિસર સતીષ શિંદેએ જણાવ્યું હતું કે તે આમુદ્દે જિલ્લા શિક્ષણ અધિકારીને અહેવાલ સુપરત કરશે. શિક્ષક સામે વિભાગીય નિયમો અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઘણા વિદ્યાર્થીઓના વાલીઓએ શાળાના વહીવટ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને ભારપૂર્વક કહ્યું હતું કે અધિકારીઓએ ગ્રામીણ વિસ્તારો આવી શાળાઓ પર દેખરેખ વધારવી જોઇએ, નહીંતર વિદ્યાર્થીઓને સહન કરવું પડશે. (પીટીઆઇ)■




# એકનાથ ખડસે શરદ પવારની પાર્ટીમાં જ રહેશે

જળગાંવ (મહારાષ્ટ્ર): મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન એકનાથ ખડસેએ શુક્રવારે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં ફરી જોડાવાનો ઇનકાર કરતા કહ્યું હતું કે તેઓ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારના નેતૃત્વ હેઠળની પાર્ટીમાં જ રહેશે.

‘ભાજપમાં મારા ફરીથી જોડાવાનો વિષય પૂરો થઈ ગયો છે. હું એનસીપી (એસપી)માં છું અને ત્યાં જ રહીશ,’ એમ ૭૩ વર્ષના ખડસેએ ઉત્તર મહારાષ્ટ્રના તેમના ગૃહ જિલ્લા જળગાંવમાં એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ કહ્યું હતું, જ્યાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર હતા.

કાર્યક્રમમાં ફડણવીસને ન મળવાનું કારણ પૂછવામાં આવતા ખડસેએ કહ્યું હતું કે, ‘આ કોઈ સુનિશ્ચિત મુલાકાત નહોતી. મેં તેમની સાથે મુલાકાતનો સમય પણ માગ્યો નહોતો.’

ખડસે ઓક્ટોબર ૨૦૨૩માં ભાજપ છોડીને અવિભાજિત એનસીપીમાં જોડાયા હતા. લગભગ ચાર દાયકા પછી ભગવા પક્ષમાંથી તેમની વિદાય ફડણવીસ સાથેના અણબનાવને કારણે થઈ હોવાનું કહેવાય છે.

જૂન ૨૦૧૬માં, એમઆઈડીસી જમીન સોદામાં ભ્રષ્ટાચારના આરોપો બાદ ખડસેએ ફડણવીસની આગેવાની હેઠળની રાજ્ય સરકારમાંથી રાજીનામું આપ્યું હતું. ■



**યોગાસનઃ** આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે દાદરના શિવાજી પાર્ક ખાતે સામૂહિક યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘણી મહિલાઓએ ભાગ લીધો હતો. (જયપ્રકાશ કેળકર)










# મહા મુંબઈ મેટ્રોનો મહા રેકોર્ડ : ૧૮ જૂને ૨.૯૪ લાખ મુસાફરોએ મેટ્રોની સફર કરી

મુંબઈ : મુંબઈમાં મેટ્રો લોકોમાં લોકપ્રિય થઈ રહી છે અને તેમાં મુસાફરોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. મુંબઈ મેટ્રોએ ૧૮ જૂનના રોજ તેની અત્યાર સુધીની સૌથી વધુ દૈનિક મુસાફરોની સંખ્યાને પાર કરી હતી. શહેરમાં ભારે વરસાદ વચ્ચે, એક જ દિવસમાં ૨,૯૪,૬૮૧ મુસાફરોએ મુસાફરી કરી હતી. આ ઐતિહાસિક સિદ્ધિ મુંબઈવાસીઓનો રોજિંદી મુસાફરી માટે મેટ્રો ઉપર વધી રહેલો ભરોસો પણ દર્શાવે છે. મુંબઈ મેટ્રો ઓપરેશન કોર્પોરેશન લિમિટેડે (MMMOCL) શુક્રવારે એક્સ પર એક પોસ્ટ દ્વારા આ સિદ્ધિ શેર કરી, તેને ‘‘એક રેકોર્ડ-બ્રેકિંગ રાઈડ’’ ગણાવી! કોર્પોરેશને આ રેકોર્ડ શક્ય બનાવવા બદલ મુંબઈના મુસાફરોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. પોસ્ટમાં લખ્યું હતું, મહા મુંબઈ મેટ્રો એક નવી ઊંચાઈ સર કરી રહી છે, જે સકારાત્મક ગતિ અને લોકો દ્વારા મેટ્રો મુસાફરીના વધતા સ્વીકારને પ્રતિબિંબિત કરે છે. પોસ્ટમાં મુસાફરોની સંખ્યામાં સતત વધારો થવાનો શ્રેય મુસાફરોના વધતા સમર્થન અને પડદા પાછળ કામ કરતી ઓપરેશન ટીમના અથાક પ્રયાસોને આપવામાં આવ્યો હતો. મુંબઈ મેટ્રોએ ૬ ઓગસ્ટ, ૨૦૨૪ થી ૧૮ જૂન, ૨૦૨૫ સુધીમાં સૌથી વધુ એક દિવસીય મુસાફરોનો ડેટા પણ શેર કર્યો છે.

**મુસાફરોની સંખ્યા સતત વધી રહી છે, જેમાં ચોક્કસ તારીખો પર નીચેના આંકડા નોંધાયા છેઃ**

૧૮ જૂન, ૨૦૨૫ ના રોજ ૨,૯૪,૬૮૧
૭ ઓક્ટોબર,૨૦૨૪ ના રોજ ૨૯૨,૫૭૫
૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ ૨૮૧,૨૪૯
૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ૨૭૯,૭૧૭
૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ ૨,૭૮,૪૪૩
અને ૬ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ મુસાફરોની સંખ્યા ૨,૬૯,૨૩૦ હતી.

ઉલ્લેખનીય છે કે, ૧૮ જૂને શહેરમાં ભારે વરસાદ હોવા છતાં મુંબઈ મેટ્રોમાં સૌથી વધુ એક દિવસીય મુસાફરોની સંખ્યા હતી. ■

# બીએમસી ચૂંટણી સાથે લડવી કે નહીં એની એમવીએમાં ચર્ચા થશેઃ શરદ પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપી (એસપી)ના વડા શરદ પવારે શુક્રવારે કહ્યું હતું કે મહા વિકાસ આઘાડી (એમવીએ)ના ઘટક પક્ષો મહારાષ્ટ્રમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ સાથે મળીને લડવા પર ચર્ચા કરશે.

તેમણે એ વાત પર પણ નવાઈ વ્યક્ત કરી હતી કે બારામતીમાં નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના વડા અજિત પવારના નેતૃત્વ હેઠળની પુણે ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ (પીડીસીસી) બેંક બુધવારે મધ્યરાત્રિ સુધી ખુલ્લી જોવા મળી હતી. બાવીસ જૂને પુણેના બારામતીમાં આવેલી માલેગાંવ સહકારી શુગર મિલની ચૂંટણી છે.

સુપ્રીમ કોર્ટે રાજ્યમાં નગરપાલિકાની ચૂંટણીઓ યોજવાનો નિર્દેશ આપ્યો હોવાથી પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થશે એવી શક્યતા છે, એમ પવારે શુક્રવારે બારામતીમાં પત્રકારોને જણાવ્યું હતું.

અમે હજુ સુધી કોંગ્રેસ સાથે ચર્ચા કરી નથી, પરંતુ અમારી પાર્ટી, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી), શેતકરી કામદાર પક્ષ (શેકાપ) અને અન્ય પક્ષો સાથે મળીને ચૂંટણી લડવાની શક્યતાઓ ચકાસી રહ્યા છીએ. ચર્ચા પછી અંતિમ નિર્ણય લેવામાં આવશે, કારણ કે અમે સાથે મળીને ચૂંટણી લડવા માગીએ છીએ, એમ તેમણે કહ્યું હતું. શું એમવીએ મુંબઈ મનપાની ચૂંટણીઓ પણ સંયુક્ત રીતે લડશે એમ પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે અત્યાર સુધી આવી કોઈ ચર્ચા થઈ નથી.

અમારામાં ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)નો મુંબઈમાં મજબૂત જનાધાર છે અને તેમના મંતવ્યને ધ્યાનમાં લેવામાં આવશે.

માલેગાંવ સહકારી ખાંડ મિલની ચૂંટણી યોજાવાની છે, જ્યાં બારામતીમાં બુધવારે મધ્યરાત્રિ સુધી પીડીસીસી બેંક ખુલ્લી રહેવા અંગે પૂછવામાં આવતાં પવારે કહ્યું હતું કે લોકસભા ચૂંટણી દરમિયાન પણ બેંક મોડી રાત્રે ખુલ્લી જોવા મળી હતી.

‘આ બીજી વખત થઈ રહ્યું છે. બેંકને નિયંત્રિત કરનારાઓ તરફથી સૂચના ન મળે ત્યાં સુધી બેંક ખુલ્લી રહી શકતી નથી,’ એમ તેમણે કહ્યું હતું. ■

**દશા શ્રીમાળી સ્થા. જૈન**



**શ્રીમતી દક્ષાબેન બિપીનભાઇ સંઘવી**

અરિહંત શરણ : ૧૯-૦૬-૨૦૨૫

મોરબી નિવાસી હાલ ઘાટકોપર શ્રીમતી દક્ષાબેન બિપીનભાઇ સંઘવી ઉમર-૬૫ તે બિપીનભાઇ ગગુભાઇ સંઘવી ના ધર્મપત્ની સ્વ. મધુકાંતાબેન વિપીનચંદ્ર દોશી ની સુપુત્રી તે સ્વ. રાજુભાઇ અને સ્વ. સંજયભાઇ દોશી ના મોટા બેન તે ગીરીશભાઇ અશ્વિનભાઇ અને અંજનાબેન ગાંધી ના ભાભી તે અવની સંઘવી ના મામ્મા તે જીગર નેમિશ અને અર્પિત ના મોટા મમ્મી તારીખ ૧૯-૬-૨૦૨૫ ગુરૂવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે તેની પ્રાર્થના સભા રવિવાર તારીખ ૨૨-૬-૨૦૨૫ સવારે ૧૦ થી ૧૨ કલાકે રાખેલ છે.

સ્થળ : હિંગવાલા સ્થા. જૈન ઉપાશ્રય, આનંદ મંગલ હોલ, ૨જે માળે, હિંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.




# નવી મુંબઈમાં પાલિકાની હૉસ્પિટલમાં ધમાલ કરવા બદલ મનસેના ૨૦ કાર્યકરો સામે ગુનો

થાણેઃ નવી મુંબઈમાં આવેલી પાલિકાની હૉસ્પિટલના પોસ્ટમોર્ટમ વિભાગમાં ભ્રષ્ટાચારનો દાવો કરીને ધમાલ કરવા પ્રકરણે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના ૨૦ કાર્યકરો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મનસેના કાર્યકરોનું જૂથ ૧૭ જૂને વાશી મ્યુનિસિપલ હૉસ્પિટલમાં પ્રવેશ્યું હતું અને સૂત્રોચ્ચાર કરતા મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાજેશ મ્હાત્રેની કેબિનમાં ઘૂસ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ કાર્યકરોએ ડૉ. મ્હાત્રેને ધમકી આપી હતી અને હૉસ્પિટલના સિક્યુરિટી ચીફે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરતાં તેની મારપીટ કરી હતી.

સોશિયલ મીડિયા પર સર્ક્યુલેટ થયેલા એક વીડિયોને કારણે આ ધમાલ થઇ હોવાનું કહેવાય છે. એ વીડિયોમાં દાવો કરવામાં આવ્યો હતો કે પોસ્ટમોર્ટમ વિભાગના કર્મચારીએ મૃત વ્યક્તિના કપડાં પાછાં કરવા માટે તેના પરિવાર પાસે લાંચ માગી હતી. (પીટીઆઇ)■

# અમદાવાદમાં રથયાત્રાના રૂટ પર આવતા ૫૦૦થી વધુ જર્જરિત મકાનોને નોટિસ આપવામાં આવી

અમદાવાદઃ શહેરમાં ૧૪૮મી જગન્નાથ રથયાત્રા પરંપરાગત રીતે જ નીકળશે. ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રાને લઈ મેયર અને પદાધિકારીઓ દ્વારા ૧૪ કિલોમીટરના રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. રથયાત્રા દરમિયાન કોઈ અઘટિત ઘટના ના બને તે માટે રથયાત્રાના રોડ પર આવતા ૫૨૫ જર્જરિત મકાનોને કોર્પોરેશને નોટિસ આપી હતી. જગન્નાથની રથયાત્રા પરંપરાગત રીતે અને શાંતિપૂર્ણ માહોલમાં નીકળે, જેને લઈને આજે રૂટ ઉપર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તમામ કોર્પોરેશનના પદાધિકારીઓ અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.અષાઢી બીજના દિવસે નીકળતી ભગવાન જગન્નાથની રથયાત્રામાં સરસપુર મોસાળ તરફથી ભાણેજ એવા ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને ભાવથી મામેરું કરવામાં આવે છે. મામેરામાં ભગવાનને આપવામાં આવતા વાઘા, દાગીના સહિતની ચીજવસ્તુઓ સાથે મામેરાનાં દર્શન ૨૨ જૂનના રોજ સરસપુર રણછોડરાય મંદિર ખાતે થશે. ભગવાનને મામેરામાં આપવામાં આવેલી તમામ વસ્તુઓ લોકોનાં દર્શન માટે મૂકવામાં આવે છે. દર વર્ષે સાંજે ૫ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી મામેરાનાં દર્શન થતાં હોય છે. આ વર્ષે આખો દિવસ ભક્તો મામેરાનાં દર્શન કરી શકે એ માટે ૨૨ જૂનના રોજ સવારે ૧૧ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી મામેરાનાં દર્શન થાય એ મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. રથયાત્રાના રૂટને હેરિટેજ રૂટ તરીકે વિકસાવવા માટેની તૈયારીઓ ચાલી રહી છે. આ માટે જમાલપુર જગન્નાથ મંદિરથી ખમાસા કોર્પોરેશન ઓફિસ સુધીના એક કિલોમીટરના રૂટ પર અત્યારે કામ ચાલી રહ્યું છે. રથયાત્રા રાબેતા મુજબ થવાની હોવાથી મોટી સંખ્યામાં લોકો દર્શને આવશે.



**આંતરરાષ્ટ્રીય યોગ દિવસઃ** આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અગાઉ નેશનલ કૅડેટ કોર્પ્સ (એનસીસી)ના કૅડેટોએ શુક્રવારે ગુજરાતના અમદાવાદસ્થિત એનસીસીના વડામથકે યોગની પ્રેક્ટિસ કરી હતી. (એજન્સી)

# ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૭,૭૧૨ ભરતી મેળાઓ થકી ૬.૨૯ લાખ કરતાં વધુને રોજગારી અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની રોજગાર વિનિમય કચેરી દ્વારા છેલ્લાં પાંચ નાણાકીય વર્ષમાં કુલ ૭,૭૧૨ ભરતી મેળાઓ થકી અંદાજે ૬.૨૯ લાખ કરતા વધુ રોજગારવાંચ્છુઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે.

ભરતી મેળાઓના આયોજન દ્વારા રોજગારી આપનાર તથા મેળવનાર વચ્ચે સેતુ બનીને વધુમાં વધુ યુવાનો રોજગારી પ્રાપ્ત કરી શકે તે દિશામાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર નક્કર કામગીરી કરી રહી છે. શ્રમ-રોજગાર પ્રધાન બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં ગુજરાત દેશભરમાં નીચા બેરોજગારી દર માટે તથા રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા સૌથી વધુ રોજગારી પૂરી પાડનાર રાજ્ય તરીકે મોખરાનું સ્થાન ધરાવે છે.

રોજગાર વિનિમય કચેરી થકી કરવામાં આવતી અસરકારક કામગીરીના પરિણામે કેન્દ્ર સરકારના સપ્ટેમ્બર-૨૦૨૪ના સર્વે મુજબ ભારતના ૩.૨ ટકા બેરોજગારી દરની સરખામણીએ ગુજરાતનો બેરોજગારી દર માત્ર ૧.૧ ટકા જ છે. જે રાજ્ય સરકારની રોજગારવાંચ્છુ યુવાઓને રોજગારી પૂરી પાડવા પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવે છે.

રાજ્ય સરકારની ડિજિટલ પહેલ થકી શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલા અનુબંધમ પોર્ટલ થકી યુવાનો રોજગારલક્ષી સેવાઓ ઓનલાઈન માધ્યમથી પણ મેળવી શકે છે. આ પોર્ટલ પર અત્યારસુધીમાં ૪.૫ લાખ કરતાં વધુ રોજગારવાંચ્છુઓએ નોંધણી કરાવી છે.

# સુરતમાં નવ મહિનામાં ૧૪૦૦થી વધુ બૅંક ખાતા ખોલી ₹ ૨,૬૦૦ કરોડની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત સાયબર ફ્રોડનું હબ બન્યું હોય તેમ ૯ મહિનામાં ૧૩ ખાનગી અને ૧૧ સરકારી બૅંકોમાં ૧૪૦૫ ખાતા ખોલી ૨૬૦૦ કરોડથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હતી. ૨૬૦૦ કરોડથી વધુનાં ટ્રાન્ઝેક્શન, જે ૨૦૦૭ બૅંક ખાતામાં થયાં હતાં એમાંના ૭૦ ટકા બૅંક ખાતાં સુરતનાં હોવાનું સામે આવ્યું હતું. ૧,૪૦૫ એકાઉન્ટ સુરતનાં હતાં. આ એકાઉન્ટ્સમાં વિદેશમાં બેસેલા સાયબર માફિયાઓ સુરતના લોકોની મદદ લઈ આ બૅંક ખાતાંનો સાયબર ક્રાઈમ માટે ઉપયોગ કરતા હતા.

સુરતના જે બૅંક એકાઉન્ટનો ઉપયોગ થયો હતો એમાં કેટલાક એકાઉન્ટ હોલ્ડરોએ તો કમિશન પર એકાઉન્ટ આપ્યાં હતાં, જ્યારે કેટલાક એકાઉન્ટ હોલ્ડરની જાણ બહાર જ તેમના નામે ખાતાં ખોલી સાયબર ક્રાઈમ માટે એનો ઉપયોગ કરાયો હોવાનું સામે આવ્યું હતું. ચાઇનીઝ ગેંગ દ્વારા દેશભરમાં સાયબર ફ્રોડની ઘટનાઓને અંજામ આપવામાં આવી રહ્યો છે, જેમાં સૌથી મહત્ત્વનો રોલ સુરતમાં ખોલવામાં આવી રહેલાં બૅંક એકાઉન્ટનો છે.

સુરતમાં પરપ્રાંતિયો મોટી સંખ્યામાં રોજગારી માટે આવતા હોય છે. તેમાંથી ઘણાને અક્ષર જ્ઞાન હોતું નથી. આવા લોકોને ટાર્ગેટ કરીને ટોળકી તેમને બૅંકમાં ખાતું ખોલાવી આપવાની લાલચ આપતા હતા.

આ જ કારણે સાયબર માફિયાઓ સુરતમાં સૌથી મોટી સંખ્યામાં બૅંક એકાઉન્ટ અલગ-અલગ લોકોના નામે ખોલાવ્યા હતા. બૅંક એકાઉન્ટ ખોલવાના નામે તેમને ૫,૦૦૦થી ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. ઘણા કિસ્સાઓમાં તો લોકો પૈસાની લાલચમાં પણ બૅંક એકાઉન્ટ ભાડેથી આપતા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું.

સુરત પોલીસે અત્યાર સુધીમાં જેટલા પણ સાયબર ફ્રોડની ઘટનાઓમાં પર્દાફાશ કર્યા છે એમાં તમામનું આંતરરાષ્ટ્રીય કનેક્શન બહાર આવ્યું છે. ખાસ કરીને દુબઈ, ક્યુબા, થાઈલેન્ડ, સિંગાપોર, પાકિસ્તાન, મ્યાનમારનો સમાવેશ થાય છે. આ તમામ સાયબર ફ્રોડની ઘટનાઓ ચાઈનીઝ ગેંગ દ્વારા ચલાવવામાં આવે છે અને આ ફ્રોડને ચલાવવા માટે ભારત અને ખાસ કરીને સુરતના લોકોના બૅંક એકાઉન્ટનો ઉપયોગ થઈ રહ્યો છે.

# ગુજરાત લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા તા. ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ લેવામાં આવી હતી. લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી. ૨.૩૭ લાખથી વધુ ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી હતી. જ્યારે ૧૬ જૂને પોલીસ ભરતી બોર્ડે આ પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોની ઓએમઆર શીટ સ્કેનિંગ કરીને સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી હતી. રાજ્યમાં લોકરક્ષક સંવર્ગની બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, જેલ સિપાઈ, એસઆરપીએફ સહિતની ૧૨૦૦૦ જેટલી જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ છે, ત્યારે પોલીસ વિભાગ દ્વારા ભરતીની શારીરિક કસોટી અને લેખિત પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે. લેખિત પરીક્ષા અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ અને ગાંધીનગર સહિત ૮૨૫ કેન્દ્ર-શાળા ખાતે યોજવવામાં આવી હતી. શુક્રવારે ભરતી બોર્ડ દ્વારા લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી.

લેખિત પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ઉમેદવારો ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જઈને મેળવી શકશે. જો કોઈ ઉમેદવારોને વાંધો જણાય તો, તેઓ ૨૩ જૂન, ૨૦૨૫ની રાત્રિના ૧૧:૫૯ વાગ્યા સુધી ઓનલાઈન વાંધા અરજી-રજૂઆત મોકલી શકે છે. ઓનલાઈન સિવાય અન્ય કોઈપણ રીતે વાંધા મોકલવામાં આવે અથવા તો સમય મર્યાદા પૂર્ણ થયા બાદ મોકલવામાં આવેલા વાંધા-રજૂઆતને ધ્યાને લેવામાં નહીં આવે.

# આણંદ કલેક્ટર કચેરીની રેકર્ડ શાખામાંથી ફાઈલ ગુમ થવાના ગુનામાં પૂર્વ નાયબ મામલતદારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ કલેકટર કચેરીના રેકર્ડ શાખામાંથી ફાઇલ ગુમ થઈ જવાના ગુનામાં કચેરીમાં તત્કાલીન ફરજ બજાવતા નાયબ મામલતદાર જે.ડી.પટેલ (હાલ ફરજ મોકૂફ)ની આણંદ એલસીબી પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી વિગત પ્રમાણે, બોરસદમાં જમીન નવી શરતની હોવા છતાં બિનખેતી કરીને સરકારના પ્રીમિયમનું નુકસાન કરવામાં આવ્યું હતું. કોઈ કર્મચારીએ સંબધિત ફાઈલ રેકર્ડ શાખામાંથી મેળવી ફાઈલ મુવમેન્ટ રજિસ્ટરમાં જાણી જોઈને ઈરાદાપૂર્વક અગર ખોટી રીતે સહી કરી ફાઈલ મેળવી હતી. ત્યારબાદ આ ફાઈલ રેકર્ડ શાખામાં પરત નહીં કરી પુરાવાનો નાશ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ કલેકટર કચેરી આણંદની રેકર્ડ શાખાના નાયબ મામલતદાર દ્વારા નોંધાવવામાં આવી હતી. આ અંગે આણંદ શહેર પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક જી.જી.જસાણી દ્વારા આ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ તેની તપાસ આણંદ એલસીબી પી.આઈ એચ.આર.બ્રહ્મભટ્ટને સોપવામાં આવી હતી.

આ ગુનાની તપાસ દરમ્યાન કલેકટરની કચેરીમાં ફરજ બજાવતા સંલગ્ન વિભાગના કર્મચારીઓનાં નિવેદનો લઇ જરૂરી રેકર્ડ કબ્જે લેવામાં આવ્યા હતા. તપાસ દરમ્યાન આ ફાઇલ જે તે વખતે કલેકટર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર જે.ડી.પટેલ ઉર્ફે જયેશભાઇ દેસાઇભાઇ પટેલ (હાલ ફરજ મોકૂફ નાયબ મામલતદાર)એ મંગાવી હોવાનું જણાઈ આવ્યું હતું. જે બાબતે જે. ડી. પટેલની ધરપકડ કરવામાં આવી હતી અને કોર્ટમાં રજૂ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સસ્પેન્ડેડ નાયબ મામલતદાર જે ડી પટેલ અગાઉ કલેક્ટર કચેરીમાં સ્પાય કેમેરા મૂકવાના પ્રકરણમાં ઝડપાયો હતો. જેણે તત્કાલીન અધિક કલેક્ટર કેતકી વ્યાસના કહેવાથી આમ કર્યું હતું. ત્યારબાદ તે બાબતે અગાઉના કલેક્ટરની એક મહિલા સાથેની વીડિયો ક્લિપ બનાવી વાયરલ કરી હતી. આ પ્રકરણ એ સમગ્ર ગુજરાતમાં ભારે ચકચાર મચાવી હતી.

# સુરતમાં ડુમસના દરિયાકિનારે છ ગોલ્ડન શિયાળોનું ટોળું જોવા મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ડુમસના દરિયા કિનારે મિત્રો સાથે ફરવા નીકળેલા એક યુવકે ડુમસ રોડ પર એક સાથે છ જેટલા ગોલ્ડન શિયાળના સમૂહને વિહરતા જોયા હતા. આ અદ્ભુત દ્રશ્ય તેણે કેમેરામાં કંડારી લીધું હતું. મળતી વિગત પ્રમાણે, ડુમસ વિસ્તારમાં રહેતો અને પ્રકૃતિ નિરીક્ષણનો શોખ ધરાવતો યુવક પોતાના મિત્રો સાથે ડુમસના શાંત માહોલનો આનંદ માણતો હતો. તે સમયે તેની નજર રોડ પર આવેલા ઝાડી -ઝાંખરાવાળા વિસ્તાર તરફ પડી હતી. જ્યાં તેને એક સાથે છ જેટલા ગોલ્ડન જેકલનું ટોળું જોવા મળ્યું હતું. જેમાંથી એક તો રોડ પર પણ હતું. યુવકના કહેવા પ્રમાણે, આ શિયાળોનું જૂથ શાંતિપૂર્વક રોડ ઓળંગીને નજીકની ઝાડીઓ તરફ આગળ વધી રહ્યું હતું. તેણે તરત જ પોતાના મોબાઈલમાં આ દ્દશ્ય કેદ કરવાનું શરૂ કર્યું. તેણે જણાવ્યું કે તેણે શિયાળોને તેમની વિશિષ્ટ ચાલવાની પદ્ધતિ અને તેમની ઝાડી પૂંછડી પરથી ઓળખ્યા હતા. આ ગોલ્ડન શિયાળોનું સમૂહ એકસાથે જોવું એ ખરેખર એક દુર્લભ ઘટના હતી.

# સુરતમાં ધોરણ નવના વિદ્યાર્થીએ જન્મ દિવસે જ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. ધો.૯ના વિદ્યાર્થીએ જન્મ દિવસે જ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી ગઈ હતી. પુત્રનો જન્મદિન મનાવવા પિતા દુકાનથી કેક લઈને ઘરે આવ્યા હતા અને પુત્રને ગળાફાંસો ખાધેલી હાલતમાં જોઈ ચોંકી ઊઠ્યા હતા.

ડંડોલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી વિદ્યાર્થીના મૃતદેહને પીએમ અર્થે મોકલી કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગત પ્રમાણે, મૂળ ઓડિશાના વતની અને સુરતના ભેસ્તાન વિજય લક્ષ્મીનગરમાં રહેતા વિનોદ પ્રધાન મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં પત્ની, એક દીકરો અને એક દીકરી છે. તેમનો ૧૬ વર્ષીય પુત્ર ધોરણ ૯મા અભ્યાસ કરતો હતો. ગત રોજ આશુતોષનો જન્મદિવસ હતો, જેથી એને લઈ પરિવાર ખુશખુશાલ હતો. સવારથી જ પરિવાર સહિત તેના મિત્રો જન્મદિવસની શુભેચ્છાઓ આપી રહ્યા હતા. સાંજે આશુતોષના પિતા પુત્રના જન્મદિવસ મનાવવા કેક લઈને ઘરે પહોંચ્યા હતા. પુત્રના જન્મના દિવસે જ પિતાએ પોતાના પુત્રને ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં જોઈ ચોંકી ઉઠ્યા હતા. પિતાએ બૂમાબૂમ કરતાં આજુબાજુમાં રહેતા સ્થાનિકો દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં ડિંડોલી પોલીસ તાત્કાલિક સ્થળે આવી પહોંચી હતી. પોલીસે વિદ્યાર્થીના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલમાં મોકલી કાર્યવાહી હાથ ધરી હતી. એકના એક પુત્રએ જન્મદિવસે જ આપઘાત કરી લેતાં પરિવાર શોકમગ્ન થઈ ગયો હતો.

# વડોદરામાં આરટીઓએ ટેક્સની ભરપાઈ ન કરતા અને જપ્ત કરેલાં વાહનોની હરાજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા આરટીઓમાં છેલ્લાં ઘણા સમયથી ટેક્સની ભરપાઈ ન કરનારા વાહન ખૂબ જ કપરી સ્થિતિમાં પડેલા હતા. આ વાહનોએ ૨૦ વર્ષથી ટેક્સ ભર્યો નહોતો. આવાં ૨૪ મોટાં વાહનોની શુક્રવારે હરાજી કરવામાં આવી હતી. વડોદરા આરટીઓ વિભાગ દ્વારા હાલમાં કરવામાં આવી રહેલી કાર્યવાહીમાં વર્ષ ૨૦૦૧થી લઈ વર્ષ ૨૦૧૬ સુધીનાં ૨૪ વાહનોની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં અપસેટ પ્રાઈઝ રૂ.૪૦,૦૦૦થી લઈ રૂ.૨,૧૫,૦૦૦ સુધી રાખવામાં આવી હતી. જેની હરાજી કરવામાં આવી હતી. આ હરાજીમાં ૧૧૯ બિડ આવ્યા અને જાહેર હરાજી કરવામાં આવતા ૨૮,૫૫,૦૦૦ જેટલી રકમની માતબર આવક થઈ હતી.

વડોદરા આરટીઓ વિભાગે ૨૫ વર્ષ જૂનાં વાહનો કે જેઓ દ્વારા ટેક્સની ભરપાઈ કરવામાં આવી નહોતી તેવાં વાહનોને આરટીઓ વિભાગે જપ્ત કર્યા હતા. કાર્યવાહી બાદ આજ દિન સુધી ટેક્સ ન ભરતા સંબંધિત વિભાગ દ્વારા મિલકત પર બોઝો દાખલ સુધીની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરાંત વાહનોના માલિકોને નોટિસ પણ આપવામાં આવી હતી.

# સુરતની લાજપોર જેલમાં બંધ નારાયણ સાંઈને પાંચ દિવસના કામચલાઉ જામીન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની લાજપોર જેલમાં બંધ નારાયણ સાંઈના કોર્ટે ૫ દિવસના કામચલાઉ જામીન મંજૂર કર્યા હતા. નારાયણ સાંઈ લાજપોરથી જોધપુર જઈ શકશે. પરંતુ ૫ દિવસમાં જોધપુરથી લાજપોર આવવું પડશે. તેમજ પોલીસના જાપ્તા સાથે જ જોધપુર જવાની મંજૂરી આપવામાં આવી હતી. તમામ ખર્ચ નારાયણ સાંઈએ ભોગવવાનો રહેશે. આસારામ યૌન શોષણના આરોપમાં જોધપુર જેલમાં બંધ છે. તેનો પુત્ર નારાયણ સાંઈ પણ દુષ્કર્મના આરોપમાં સુરતની લાજપોર જેલમાં બંધ છે.

વર્ષ ૨૦૧૩માં સુરતની બે બહેનોએ નારાયણ સાંઈ અને તેમના પિતા આસારામ પર દુષ્કર્મ મામલે ફરિયાદ દાખલ કરી હતી. તેમના કહેવા પ્રમાણે તેઓ ૧૯૯૭થી ૨૦૦૬ વચ્ચે અમદાવાદમાં આવેલા આસારામના આશ્રમમાં રહેતાં હતાં. આ સમયગાળા દરમિયાન આસારામે તેમના પર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. જેને પગલે આ કેસમાં કોર્ટે નારાયણ સાંઈને દોષિત જાહેર કર્યો હતો.

# અત્યાર સુધીમાં કુલ ૨૩૧ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયાઃ ૨૧૦ મૃતદેહ પરિવારજનોને સોંપાયા

અમદાવાદઃ વિમાન દુર્ઘટનામાં ૨૩૧ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨૧૦ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપવામાં આવ્યા હોવાનું સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું. મીડિયા બ્રીફિંગમાં વધુ વિગતો આપતા ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ૧૦ પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે, ૩ એર ક્લિયરન્સમાં હોવાથી ટૂંક સમયમાં પરિવારોને સોંપાશે, ૮ પરિવારો બીજા સ્વજનના ડીએનએ મેચની રાહમાં છે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે, ૨૧૦ મૃતકોમાં ૧૫૫ ભારતના નાગરિક, ૭ પોર્ટુગલના, ૩૬ બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ ૧૧ નોન પેસેન્જરનો સમાવેશ થાય છે.

ડો.રાકેશ જોશીએ સોંપવામાં આવેલા પાર્થિવ દેહોની વિગતો પૂરી પાડી હતી. તેમણે કહ્યું કે, ઉદયપુર ૭, વડોદરા ૨૧, ખેડા ૧૧, અમદાવાદ ૬૦, મહેસાણા ૬, બોટાદ ૧, જોધપુર ૧, અરવલ્લી ૨, આણંદ ૨૩, ભરૂચ ૭, સુરત ૧૧, પાલનપુર ૧, ગાંધીનગર ૬, મહારાષ્ટ્ર ૨, દીવ ૧૪, જૂનાગઢ ૧, અમરેલી ૨, ગીર સોમનાથ ૫, મહીસાગર ૧, ભાવનગર ૧, લંડન ૩, પટના ૧, રાજકોટ ૩, રાજસ્થાન ૧, મુંબઈ ૯, નડિયાદ ૧ , જામનગર ૨, પાટણ ૨, દ્વારકા ૨ તેમજ સાબરકાંઠાના ૧, નાગાલેન્ડ ૧, મોડાસા ૧ના પાર્થિવ દેહો સ્વજનોને સોંપવામાં આવ્યા હતા.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ડીએનએ સેમ્પલ મેચિંગની પ્રક્રિયા અત્યંત સંવેદનશીલ હોવાથી અને કાયદાકીય બાબતો પણ સંકળાયેલી હોવાથી આ પ્રક્રિયા ખૂબ જ ગંભીરતાપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. પરિવારજનોને તેમનાં સ્વજનોના પાર્થિવ દેહો ઝડપથી સોંપવા માટે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલ અન્ય સંસ્થાઓ, સ્થાનિક વહીવટી તંત્ર સહિત રાજ્ય સરકારના આરોગ્ય અને અન્ય વિભાગો તથા વિવિધ એજન્સી ખડેપગે કામગીરી કરી રહી છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળ પર ભુજના સ્મૃતિવન જેવું સ્મારક બનાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેઘાણીનગર ખાતે થયેલી વિમાન દુર્ઘટનાને આઠ દિવસ વિતી ગયા છે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહોની ઓળખ કરી તેને પરિવારજનોને સોંપવામાં આવી રહ્યા છે ત્યારે હવે આ દુર્ઘટનાને લઈને ગુજરાત સરકાર દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અતુલ્યમ હોસ્ટેલ પર પ્લેન ક્રેશ થયું હતું ત્યાં હવે વિમાન દુર્ઘટના સ્મારક બનાવવામાં આવશે.

દુર્ઘટનાનો શિકાર બનેલી અતુલ્યમ હોસ્ટેલને સંપૂર્ણ રીતે જમીનદોસ્ત કરવામાં આવશે. ત્યારબાદ આ જગ્યા પર એક સ્મારકનું નિર્માણ કરવામાં આવશે. જેથી ત્યાં જઈને લોકો વિમાન દુર્ઘટનામાં જેમણે જીવ ગુમાવ્યો છે તેઓને શ્રદ્ધાંજલિ આપી શકશે. જોકે વિમાન ક્રેશ થયા બાદ અતુલ્યમ હોસ્ટેલને ભારે નુકસાન પહોંચ્યું છે. તેનું સ્ટ્રક્ચર પણ નબળું થઈ ગયું છે. તેથી તેને તોડી પાડીને આ જ કેમ્પસની અન્ય કોઈ જગ્યાએ તેનું નિર્માણ કરવાનું સરકાર વિચારી રહી છે.

હાલ વિમાન દુર્ઘટના અંગેની તપાસ કરતી ટીમ ઘટનાસ્થળેથી જરૂરી સામગ્રી એકઠી કરી રહી છે. તપાસની તમામ કામગીરી પૂર્ણ કર્યા બાદ હોસ્ટેલને તોડીને સ્મારક બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, વિમાન દુર્ઘટનાનું સ્મારક કેવું હશે તેના વિશે કોઈ માહિતી સામે આવી નથી. સૂત્રોના અનુમાન મુજબ, અહીં એક બગીચો બનાવવામાં આવશે. જ્યાં મુલાકાતીઓ પ્રાર્થના કરીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી શકશે. આ સ્મારક ભૂજના સ્મૃતિવન જેવું પણ હોઈ શકે છે.

# શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં રાજ્યમાં માળખાકીય વિકાસ કામો માટે ૩૩૯૫ કરોડ રૂપિયા ફાળવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોના જન સુવિધા વૃદ્ધિ માટેનાં વિવિધ કામો માટે ત્રણ નવરચિત મહાનગરપાલિકાઓ તથા સુરત મહાનગરપાલિકા અને બે નગરપાલિકાઓને કુલ ૩૩૯૪.૫૫ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. રાજ્યમાં ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫માં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જે વિકાસ કામો માટે મુખ્ય પ્રધાને નાણાં ફાળવવાની અનુમતિ આપી છે તેમાં આઉટગ્રોથ ડેવલપમેન્ટ, આગવી ઓળખનાં કામો તથા આંતર માળખાકીય વિકાસનાં કામોનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર સુરત મહાનગરપાલિકાને ભૌતિક માળખાકીય સુવિધા વિકાસ, સામાજિક માળખાકીય સુવિધા વિકાસ તેમજ અર્બન મોબિલિટી અને આગવી ઓળખના કામો તથા આઉટગ્રોથ એરિયા ડેવલપમેન્ટના કામો માટે ૩૨૬૩ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા.

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં અને આઉટગ્રોથ વિસ્તારમાં આ રકમમાંથી સ્ટોર્મ ડ્રેનેજ, પાણી પુરવઠો, ટર્શરી ટ્રીટમેન્ટ એન્ડ રિસાયક્લિંગ, લાઇટ એન્ડ એનર્જી ઓફિશિયન્સી તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વગેરે માળખાકીય વિકાસ કામો હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આઉટગ્રોથ એરિયા ડેવલપમેન્ટ માટે ૬૬.૯૪ કરોડ રૂપિયાના કામો હાથ ધરવાની સૈદ્ધાંતિક મંજૂરી પણ મુખ્ય પ્રધાને આપી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આપેલી આ મંજૂરી અંતર્ગત નડિયાદ મહાનગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ, પબ્લિક ટોયલેટ રીનોવેશન, સીટી સિવિક સેન્ટર, પાર્ક એન્ડ ગાર્ડન તથા લેક ડેવલપમેન્ટ એમ ૩૫ કામો માટે ૧૭ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા. આણંદ મહાનગર પાલિકાના આઉટગ્રોથ વિસ્તારમાં પાણીની નવી ટાંકી, લિંક રોડ અને સ્ટોર્મ ડ્રેઈનનાં કામો મળી કુલ ૯ કામો માટે ૧૭ કરોડ રૂપિયા ફાળવાયા હતા..

# વીક એન્ડ

સ્પોર્ટ્સ મૅન

સાશા

feedback@bombaysamachar.com

## બુમરાહ ફિટ તો ટીમ ઈન્ડિયા હિટ

### ઈંગ્લૅન્ડ સામે શરૂ થયેલી ટેસ્ટ-સિરીઝમાં ભારતના ભાવિનો આધાર મુખ્ય બોલર જસપ્રીત બુમરાહના વર્કલૉડ પર રહેશે




**શુભમન** ગિલે ક્યારેય સપનાંમાં પણ નહોતું વિચાર્યું કે એક દિવસ તે ભારતીય ટીમનું નેતૃત્વ સંભાળશે. હવે તે ભારતની ટેસ્ટ ટીમનો કૅપ્ટન છે અને તેણે અમુક લક્ષ્યો નિર્ધારિત કર્યાં છે જેમાં ખાસ કરીને તેનો એક ટાર્ગેટ એવો છે કે તે ટીમમાં એવું કલ્ચર ઘડવા માગે છે જેમાં દરેક ખેલાડી ‘સુરક્ષા અને પ્રસન્નતા’નો અનુભવ કરતો રહે. આ લક્ષ્ય પ્રશંસનીય છે. જોકે મંઝિલ તો સફળતાના પથ પરથી જ મળતી હોય છે. વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવિચન્દ્રન અશ્વિન જેવા વરિષ્ઠ ખેલાડીઓના રિટાયરમેન્ટ બાદ હવે ભારતીય ટેસ્ટ ટીમનો પરિવર્તનકાળ શરૂ થયો છે જેમાં ટીમ ઇન્ડિયા નવેસરથી આકાર પામી રહી છે એટલે પહેલો સવાલ એ છે કે શું ભારત ૨૦૦૭ પછી હવે પહેલી વાર ઇંગ્લૅન્ડમાં ટેસ્ટ-સિરીઝ જીતી શકશે?

પાંચ મૅચવાળી ટેસ્ટ-શ્રેણીનો પ્રથમ મુકાબલો લીડ્સમાં શુક્રવારે શરૂ થયો. રનનું ઘણું મહત્ત્વ છે એ વાતનો ઇનકાર કોઈ ન કરી શકે, પરંતુ ટેસ્ટમાં વિજય તો બોલર્સની ક્ષમતા પર નિર્ભર કરતી હોય છે. ટેસ્ટમાં બોલર્સ હરીફ ટીમની તમામ ૨૦ વિકેટ લેવા કાબેલ છે કે નહીં એ સૌથી મોટો મુદ્દો હોય છે.

હાલનાં વર્ષોમાં ભારતે SENA (સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા) દેશોમાં સારું પ્રદર્શન પોતાની અસરદાર ફાસ્ટ બોલિંગને લીધે જ કર્યું છે. ઇંગ્લૅન્ડમાં બૉલ વધુ સ્વિંગ થાય અને સીમ મૂવમેન્ટ પણ વધુ મળતી હોય છે અને એ પણ ૫૦-૬૦ ઓવર સુધી. એ જોતાં ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ આપણા પેસ બોલર્સ કેવું પ્રદર્શન કરશે એના પર નિર્ભર કરશે. કુલદીપ યાદવને જો આશા હોય કે ઇંગ્લૅન્ડમાં સ્પિનર્સને મદદ કરતી પિચ મળી શકે છે તો પણ પેસ બોલર્સ જ નિર્ણાયક બની શકશે.

ફાસ્ટ બોલિંગમાં ભારતનો સૌથી મોટો આધાર નિર્વિવાદપણે જસપ્રીત બુમરાહ પર છે. તેણે ૪૬ ટેસ્ટમાં ૬/૨૭ના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે કુલ ૨૦૫ વિકેટ લીધી છે. ઇંગ્લૅન્ડમાં પણ તેનો પર્ફોર્મન્સ સારો રહ્યો છે. ત્યાં તેણે નવ ટેસ્ટમાં કુલ ૩૭ વિકેટ લીધી છે અને ૫/૬૪ તેનો બેસ્ટ પર્ફોર્મન્સ છે.

લોકો સ્ટેડિયમમાં બુમરાહની જાદુઈ બોલિંગ જોવા માટે આવતા હોય છે. તે સ્ટાર છે. જોકે તેની સાથે કેટલીક સમસ્યાઓ પણ જોડાયેલી હોય છે. ખુદ તેણે જ કહ્યું છે કે તે ઇંગ્લૅન્ડ સામેની સિરીઝની પાંચેય ટેસ્ટ નહીં રમે. તે વધુમાં વધુ ત્રણ ટેસ્ટ રમશે અને એ માટે જ તેને કૅપ્ટન નથી બનાવવામાં આવ્યો. ઑસ્ટ્રેલિયામાં તેણે કૅપ્ટનપદે રહીને સારું પર્ફોર્મ કર્યું હતું, પરંતુ ઈજાની સંભાવના અને વર્કલૉડ મૅનેજમેન્ટને લક્ષમાં રાખીને તેણે પોતે જ કૅપ્ટન્સી નથી સ્વીકારી અને માત્ર પ્લેયર તરીકે ટીમને યોગદાન આપવાનું પસંદ કર્યું છે.

ભારતના અન્ય ફાસ્ટ બોલર્સ, ખાસ કરીને મોહમ્મદ સિરાજે બુમરાહ પરનો વર્કલૉડ શૅર કરવો પડશે. સિરાજના આંકડા પર નજર કરીએ તો તેણે ૩૬ ટેસ્ટમાં ૧૦૦ વિકેટ લીધી છે અને ૬/૧૫ તેનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. ઇંગ્લૅન્ડમાં તેનો દેખાવ જોઈએ તો છ ટેસ્ટમાં તેણે ૨૩ વિકેટ લીધી છે અને ૪/૨૩ તેનો બેસ્ટ પર્ફોર્મન્સ છે. ભારતના ભૂતપૂર્વ બોલર ભરત અરુણનું કહેવું છે કે ‘સિરાજ હવે પર્ફોર્મન્સ સુધારવા પર વધુ ધ્યાન આપે અને ટીમનો મુખ્ય ફાસ્ટ બોલર બને એ સમય આવી ગયો છે. સિરાજ માટે આ બહુ સારો અવસર છે. તેની પાસે પૂરતો અનુભવ છે. મેં તેને અહીં ઇંગ્લૅન્ડમાં જ અને એ પણ ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સના મેદાન પર અસરદાર બોલિંગ કરતો જોયો છે. તેના એ દેખાવવાળી ટેસ્ટ (ગયા વખતે) ભારતે જીતી લીધી હતી. હવે સમય એ આવી ગયો છે જેમાં સિરાજ કહે કે તે હવે ટીમનો ફ્રન્ટલાઇન બોલર બનવા જઈ રહ્યો છે. સિરાજ પાસે પ્રતિભા છે. જોકે મહત્ત્વપૂર્ણ વાત એ છે કે તેની માનસિક સ્થિતિ કેવી છે. તે જે ચાલાકીથી બોલિંગ કરતો હોય છે એ સૌ કોઈ જાણે છે. સિરાજ એ બોલર છે જેને કૅપ્ટનની પસંદગીના લિસ્ટ અચૂક હોય છે, કારણકે તે ૧૦૦ ટકા ક્ષમતાથી રમવામાં ક્યારેય પાછીપાની નથી કરતો. આક્રમક હોવું સારી વાત છે, પણ એને નિયંત્રિત પણ કરવું પડે. આઇપીએલમાં સિરાજે સારી બોલિંગ કરી હતી. તે સારા રિધમમાં જોવા મળ્યો હતો.’

હવે જોવાનું એ છે કે શુભમન ગિલ પોતાના બોલર્સનો કેવી સમજદારીથી ઉપયોગ કરશે. ગિલ કહે છે, ‘હું કૅપ્ટન બનીશ એ મેં સપનાંમાં પણ નહોતું વિચાર્યું. જોકે હવે જ્યારે આ જવાબદારી મારા પર આવી જ ગઈ છે તો હું ટ્રોફી અને મેડલની સિદ્ધિને બાજુ પર રાખીને એવી ટીમ ઘડવાનો પ્રયત્ન કરીશ જેમાં દરેક ખેલાડી પોતાને સુરક્ષિત અને આનંદિત ગણે.’

જોકે ગિલ એ પણ જાણે છે કે તે જે કહી રહ્યો છે એ કહેવું સહેલું છે, એ કરી બતાડવું અઘરું છે. અલગ-અલગ વાતાવરણમાં અને ભિન્ન ટીમો સામે હરીફાઈમાં ઊતરવાનું હોવાથી ઇચ્છિત પરિણામ આપવું મુશ્કેલ હોય છે એવું જાણવાની સાથે ગિલ કહે છે, ‘લીડરનું સૌથી મહત્ત્વપૂર્ણ કાર્ય ટીમમાં ખેલાડીઓ માટે સુરક્ષિત વાતાવરણ જાળવી રાખવાનું હોય છે તેમ જ પ્લેયર્સને તેમની ક્ષમતા મુજબ સુરક્ષિતતાનો અનુભવ કરાવવાનો હોય છે.’

મુખ્ય પસંદગીકાર અજિત આગરકર અને હેડ-કોચ ગૌતમ ગંભીર ઇચ્છે છે કે ગિલ પોતાની કાબેલિયત અને ક્ષમતા મુજબ આગળ વધે. ગિલની ક્ષમતાની બહાર હોય એવી કોઈ જ આશા તેઓ નહીં રાખે.

જોકે ગિલના નેતૃત્વની ત્યારે ખરી કસોટી થશે જ્યારે તેણે બુમરાહના વર્કલૉડ પર નિર્ણય લેવાનો હશે. આગરકરે અગાઉ જ સ્પષ્ટ કરી દીધું હતું કે બુમરાહ આખી શ્રેણીમાં મોટા ભાગે ઉપલબ્ધ નહીં જ હોય.

એ સંબંધમાં શુભમન ગિલનું કહેવું છે કે ‘દરેક મૅચ પર નિર્ભર રહેશે. અમે જોઈશું કે તેના પર કેટલો વર્કલૉડ આવે છે. અમે એ પણ જોઈશું કે એક મૅચમાં બુમરાહ પર કેટલો વર્કલૉડ પડ્યો. એને આધારે પછીની મૅચ વિશેનું પ્લાનિંગ કરીશું. બધુ અગાઉથી વિચારીને ચાલવામાં અમે નથી માનતા.’ ■

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી

pratiksha.thanki@bombaysamachar.com

## હેવાનો તોરી-પાણીમાંથી ઊગ્યો હોય તેવો શાંતિનો દરવાજો...







**ટોક્યોથી** કલાકના અંતરે ઓડાવારાથી અમે હાકોને જતી બસ લીધી. પહેલાં તો માત્ર ઊભાં રહેવાની જ જગ્યા મળી. આમ તો ઓડાવારા પોતે પણ કોઈ ડેસ્ટિનેશનથી કમ નથી, પણ ત્યાં આવવાનો બધાંનો પહેલો પ્લાન તો હાકોને જવાનો જ હોય છે. હાકોનેથી ફુજીના વ્યૂ તો છે જ, સાથે ત્યાંનો લેક આશી, એક ખ્યાતનામ શ્રાઇન, અને માઉન્ટ હાકોને ઉપરાંત ત્યાં ઘણા મજેદાર ઓનસેન એટલે કે સ્પા પણ છે. બસમાં મોટાભાગનાં ટૂરિસ્ટ જ હતાં. જોકે અહીં ઘણાં ટૂરિસ્ટ વીકેન્ડ પર જાપાનનાં બીજાં શહેરોથી સફર કરવા પણ આવે છે. તે દિવસે ઘણાં લોકો એવી રીતે જ આવ્યાં હોય તેવું લાગતું હતું. હાકોને નજીક આવતાં ઘણાં બસ સ્ટોપ્સ પર લોકો હોટલમાં ચેક-ઇન કરવા ઊતરી રહ્યાં હતાં. છેલ્લા સ્ટોપ પછી વધુ એક બસ લઈને પહાડની તળેટી સુધી જઈ શકાતું હતું.

બીજો ઓપ્શન હતો લેક આશી પાસે ઊતરીને શ્રાઇન અને તેના ભવ્ય ગેટ પાસે રોકાઈને કિનારેથી ફુજીનાં દર્શન કરી માઉન્ટ હાકોને તરફ એક પાઇરેટ શિપમાં જવાનો હતો. હાકોને પહોંચીને લેકના કિનારે ચાલીને બધી મજા કરતા પહેલાં દરેક સ્ટોપ પર રોકાવામાં હિલોળા ખાવા પડતા હતા. વળી એક વાત અવારનવાર વાંચવામાં આવી હતી કે લોકો અહીં શક્ય હોય ત્યાં સુધી પબ્લિક ટ્રાન્સપોર્ટમાં વધુ પડતો સામાન લઈને ચઢવાનું ટાળે છે. કોઈ કારણસર તે દિવસે અમારા ભાગે જ સામાનવાળાં ટૂરિસ્ટ આવેલાં. અમે તો ત્યાં ડે ટ્રિપ માટે એક નાનકડું બેક-પેક લઈને ગયેલાં, પણ ડ્રેગિંગ ટ્રોલી સાથે લાવેલાં ટૂરિસ્ટ ઘણું ઓકવર્ડ ફીલ કરતાં હતાં. જાપાનમાં તમારો સામાન એક હોટલથી બીજા શહેરની હોટલ સુધી પહોંચાડવાની અલગ લગેજ સર્વિસ છે જ, પણ હાલમાં ઓવર ટૂરિઝમના કારણે આ સર્વિસ એટલી ઓવરલોડેડ છે કે તેમાં પણ વેઇટિંગ લિસ્ટ હોય છે.

અમે તો મજેદાર પ્લાનિંગ કરેલું, પણ ઘણી વાર સામાન સાથે ન ફેરવવા માટે ઘણા ખરીદીના મોકા જતા કરવા પડેલા. જોકે અંતે ઓસાકા, ક્યોટો, કોબેથી મનભરીને ખરીદી કરવા મળી જ હતી. જોકે અમે મજા પડે તો ટોક્યોનું બુકિંગ તે રાત માટે પણ હોવા છતાં તેને રહેવા દઈને અહીં રોકાઇ જવાની તૈયારી સાથે આવેલાં. એક વાર લેક આશી પાસે ઊતર્યાં ત્યાં ઘણાં લોકો પાતાની પ્રાઇવેટ બોટ પણ પાર્ક કરીને જલસા કરી રહ્યાં હતાં. અમે ત્યાંની સેવન-ઇલેવનથી ફ્રાઇડરાઇસ અને ચીઝકેક લઈને લેકના કિનારે પગથિયાં પર બેસીને ઉજાણી કરી. જ્યાં પણ જાઓ ત્યાંથી ફુજી દેખાશે તેવું ધારેલું પણ ફુજી તો માત્ર લેકના એક ખૂણેથી દેખાતો હતો. તે બસમાંથી ઊતરતી વખતે જોયેલો. તે પછી વાદળો આવજા કરતાં હતાં એટલે ત્યાં જમતી વખતે તો ફુજી દેખાયો નહીં. ઊલટું આગલી રાત્રે પડેલો સ્નો ઓગળતાં પાણી પરથી આવેલો પવન વધુ પડતો ઠંડો લાગતો હતો. અમે વિન્ડશિટર તો સાથે લાવેલાં જ, પણ જ્યારે પણ કોઈ ઝાડ નીચેથી નીકળતાં તો માથા પર ઠંડું બોળ બરફ ઓગળેલું પાણી પડતું હતું.

જમ્યા પછી અમે સીધાં શ્રાઇન તરફ નીકળી પડ્યાં. મોટાભાગનાં લોકો કાં તો શ્રાઇન તરફ જતાં હતાં અથવા ત્યાંથી પાછાં આવતાં હતાં. શ્રાઇન અને તેના પાણીમાં સબમર્જ્ડ ગેટથી પાછાં આવીને અમારે માઉન્ટ હાકોને જતી બોટ લેવાની હતી. એક વાર શ્રાઇનનો ગેટ નજીક આવ્યો એવી એક લાંબી લાઈન પણ શરૂ થતી દેખાઈ. લાઇન ઓલમોસ્ટ શહેરના અંત સુધી હોય તેવું લાગતું હતું. અને પછી ગેટ પાસે જઈને જોયું તો ત્યાં લખ્યું હતું તેમ એક સમયે એક જ પરિવાર કે ગ્રુપ ફોટો પાડવા જઈ શકે તેમ હતું. અને એક માણસને ત્યાં ગેટ પાસે ત્રણ મિનિટ જેટલો જ સમય વિતાવવાનું સૂચન હતું. એટલું જ નહીં, એમ પણ લખેલું હતું કે જો ત્રણ મિનિટનો નિયમ નહીં પાળવામાં આવે તો આ સ્થળ મુલાકાતીઓ માટે બંધ કરી દેવામાં આવશે.

હેવાનો ટોરી નામે આ ગેટનું લિટરલ ટ્રાન્સલેશન હતું શાંતિનો દરવાજો. અને દુનિયાભરનાં માણસો જાણે ત્યાં ફોટો પડાવશે તો જ શાંતિ મળશે તેવો ડેસ્પરેટ માહોલ હતો. ખરેખર ફોટો પાડવા જેવો છે એ વાત પર સોશિયલ મીડિયાએ ભાર મૂક્યો હતો એવું કુમારે ક્યાંક જોયું હતું. એવામાં કોઈ ત્યાં ગેટ પર ત્રણ મિનિટથી વધુ સમય નહોતું લેતું, તો પણ આ લાઈનમાં અમને દોઢ કલાક થયો. આખરે વારો આવ્યો પછી ફોટા પણ સારા આવ્યા. ત્યાં લાઈનમાં વિતાવેલા સમય દરમ્યાન આસપાસનાં લોકો સાથે પણ જાણે અમે એક જ મિશન પર આવ્યાં હોઇએ એવું ફિલ થતું હતું. તેમાંય આ ઓલમોસ્ટ ફ્લોટિંગ ગેટ જાણે પાણીમાંથી ઊગ્યો હોય તેવો લાગતો હતો. ૧૯૫૨માં જાપાન માટે બીજા વિશ્વયુદ્ધ પછી પીસ ટ્રીટી દરમ્યાન, શાંતિનાં પ્રતીક રૂપે આ ગેટ બનાવવામાં આવ્યો હતો. જોકે આ ગેટ નજીકની શિન્ટો શ્રાઇન તો છેક ૭૦૦ની સાલની હતી. આમ તો આખાય જાપાનની ૯૦,૦૦૦ શ્રાઇન આપણે ત્યાં ખૂણે ખૂણે આવેલાં નાનાં-મોટાં મંદિરો અને ગ્રીસમાં મોટાભાગની રોડ સાઇડ પર આવેલી શ્રાઇનની યાદ અપાવતી હતી.



આખરે ફોટો પાડવાનો સમય આવ્યો ત્યારે અનુભવવા મળ્યું કે પૂરી ત્રણ મિનિટ તો કોઈ નહોતું વિતાવતું. છતાંય દોઢ કલાક થયેલો, એટલે લાઇન હતી તેનાં કરતાં પણ લાંબી હોવી જોઈએ. જ્યાં સુધી લાઈનમાં હતાં ત્યાં સુધી બીજાં લોકો સાથે ત્યાં ટકી રહેવાની ધીરજ અને આ બધું કેટલું બિનજરૂરી છે તેની મજાકો થતી રહી. ક્યારેક તો એવું પણ લાગતું હતું કે બધાં આવી વાતો એટલે કરતાં હતાં કે કોઈ પ્રભાવિત થઈને લાઇન છોડીને જતું રહે તો થોડી રાહત થાય. બધાંને ખબર હતી કે તે ફોટો ખરેખર ઓલમોસ્ટ બે કલાક વેડફવાને લાયક ન હતો, પણ બધાં એટલાં આગળ વધી ચૂક્યાં હતાં કે કોઈ લાઈન છોડવા તૈયાર ન હતું. એ લાઈન ભલભલાને ફિલોસોફર બનાવી દે તેવી હતી. કોણ જાણે કેમ, ત્યાં ફોટા પાડીને અમે જાણે મુક્ત થઈ ગયાં હોઈએ એમ નક્કી કર્યું કે ફરી કદી જિંદગીમાં ફોટો પાડવા માટે લાઈનમાં નહીં ઊભાં રહીએ. કોઈ કારણસર એ દરવાજાની બહાર વિતાવેલો નકામો લાગતો સમય હવે યાદગાર લાગવા માંડ્યો હતો. પ્રવાસની એ જ તો મજા છે, ગમે તેટલો થાક લાગે, પ્રવૃત્તિ ભલે સાવ વ્યર્થ લાગે, અંતે તો યાદો બની જ જતી હોય છે. ■






### ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# સંજય ગાંધીના મૃત્યુ બાદ પ્લેન ક્રેશ થયું ત્યાં ઈન્દિરા ગાંધી શું શોધતાં હતાં?

## આ સોમવારે ફરી એક વાર ૨૩ જૂન આવશે અને સંજયની અણધારી વિદાયને સાડા ચાર દાયકા પૂરા થશે ત્યારે પણ અમુક સવાલ હજુ અનુત્તર છે!




ઈંદિરાજી સાથે સંજય ગાંધીઃ દુર્ઘટનાનું ઘટના સ્થળ

૨૩ જૂન, ૧૯૮૦નો દિવસ ...

તત્કાલીન પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીનો નાનો દીકરો સંજય ગાંધી ત્યારના કૉંગ્રેસ પક્ષનો સૌથી 'મોટો' કર્તા-હર્તા નેતા...

વહેલી સવારે હવાબાજીનો શોખ પૂરો કરવા માટે પોતાનું નવુંસવું પ્લેન લઈને નીકળે છે. થોડી જ મિનિટ્સમાં પ્લેન તૂટી પડે છે અને માત્ર તેત્રીસ વર્ષના સંજય મૃત્યુ પામે છે.

આમ ચાર-પાંચ વાક્યમાં કહેવાય જાય એટલી આ વાત ટૂંકી નથી. સંજય ગાંધીના મૃત્યુ સાથે તાજીતાજી સત્તામાં પાછી ફરેલી કૉંગ્રેસ પાર્ટીના ભવિષ્ય સામે એ વખતે પ્રશ્નાર્થ ચિહ્ન મુકાઈ ગયું હતું . અભ્યાસુઓનો એક વર્ગ માને છે કે સંજય ગાંધી લાંબું જીવીને વડા પ્રધાનપદ સુધી પહોંચી જાત (જે એ વખતે બહુ આસાન જણાતું હતું) તો દેશનું ભવિષ્ય પણ કંઈ જુદું હોત, કેમકે બીજા કૉંગ્રેસી દિગ્ગજોની સરખામણીએ સંજય પાસે ખાસ્સું અલગ વિઝન હતું. પણ સંજય ગાંધીની અચાનક આ એક્ઝિટ પછી એક શૂન્યાવકાશ સર્જાઈ ગયો. સાથે જ સર્જાઈ ગઈ અનેક લોકવાયકાઓ.

શું સંજય ગાંધીનું મૃત્યુ પ્લેનના કરતબ કરવાના શોખને કારણે થયું? સંજયના મૃત્યુ માટે પ્લેનની ઝડપ જવાબદાર હતી કે પછી એની પોલિટિકલ ઝડપ 'કોઈક'ની આંખમાં ખૂંચતી હતી? સંજય ગાંધીની હત્યા કરવામાં આવી હોય, તો એ માટે જવાબદાર કોણ?

સંજય ગાંધીના મૃત્યુ માટે જે આધિકારિક કારણ છે, એ આ મુજબ છે. સંજય ગાંધીને માત્ર પ્લેન ઉડાડવાનો જ શોખ નહોતો, બલકે હવામાં તેજ ઝડપે ઊડતા પ્લેનને ગુંલાટ ખવડાવીને કરતબ કરાવવાનો પણ ગાંડો શોખ હતો. એટલે જ એને નવા ખરીદેલા Pitts S-૨ વિમાનમાં વારંવાર ઊડતા રહેવાનું ઘેલું વળગેલું હતું આ વિમાન હવાઈ કરતબના શોખીનોનું જેટલું માનીતું છે એટલું જ ખતરનાક પણ છે. ૧૯૭૩થી ૧૯૮૦ દરમિયાન આ મોડેલના જુદા જુદા પંદરેક પ્લેન જીવલેણ અકસ્માતનો ભોગ બની ચૂક્યા હતા. સંજયના મોટા ભાઈ રાજીવ ગાંધી ખુદ એ સમયે એક પાઈલટ હતા અને Pitts S-૨ Specialની ઉડાન વખતે ઊભા થતાં જોખમોથી સુપેરે માહિતગાર હતા. કહે છે કે નાના ભાઈ સંજયને આ વિમાન નહિ ઉડાડવાની મોટા ભાઈ રાજીવે સલાહે ય આપેલી, પણ.... ૨૩ જૂનના રોજ વહેલી સવારે સફદરજંગ હવાઈ અડ્ડા પરથી સંજય ગાંધી પોતાનું Pitts S-૨ Special વિમાન લઈને ઉડ્યા. હવામાં ત્રણેક ચક્કર માર્યા... ને પછી અચાનક પ્લેન અશોકા હોટેલની પાછળના ભાગમાં એક વૃક્ષ સાથે ધડાકાભેર અથડાઈ પડ્યું! સંજયની સાથે એના સહાયક પાઈલટ તાત્કાલિક મૃત્યુ પામ્યા. પ્લેનમાં આગ નહોતી લાગી એટલે ડેડબોડીઝ મળ્યા ત્યારે એ બંને શરીર વૃક્ષ ઉપર લટકેલી હાલતમાં હતા!

સંજય જીવિત હતો ત્યારે જ એનું વ્યક્તિત્વ એટલું ચર્ચાસ્પદ રહ્યું કે અચાનક-અકાળ મૃત્યુ પછી જાતજાતની શંકાઓ જાગે એ સ્વાભાવિક હતું. સંજયના મૃત્યુ પછી ઘણી વાતો વહેતી થઇ.

એક મોટો વર્ગ આજે ય માને છે કે સંજય ગાંધીનું મૃત્યુ માત્ર એક અકસ્માત નહોતો. તાજેતરની અમદાવાદની દુર્ઘટનામાં પ્લેન ક્રેશ સાથે જ ભયંકર આગ લાગી કેમકે વિમાનની ટાંકી ફ્યુઅલથી ભરેલી હતી. કોઈ પણ વિમાન ટેક ઓફ કરે ત્યારે એની ટાંકી ફૂલ જ હોવાની એટલે ટેક ઓફ પછી તરતના સંજોગોમાં પ્લેન ક્રેશ થાય તો આગ લાગવાની શક્યતા હોય જ, પણ ટેકઓફ બાદ ગણતરીની મિનિટ્સમાં તૂટી પડેલા સંજયના વિમાનમાં આગ નહોતી લાગી, કેમકે એમાં પૂરતું પેટ્રોલ નહોતું! તો શું સંજય ગાંધીને સાવ ઓછા પેટ્રોલ સાથે ટેક ઓફ કરવા દેવાયા? સંજય કોઈ પ્રોફેશનલ પાઈલટ નહોતા, વિમાન ઉડાડવું એ એમના માટે એક તોફાન એક મસ્તી હતી. એટલે ટેક ઓફ પહેલા ફ્યુઅલ મીટર તરફ એનું ધ્યાન ન ગયું હોય એ બનવાજોગ છે. સંજયને હવાબાજી કરવાની એટલી ઉતાવળ હતી કે સહાયક પાઈલટે મંગાવેલી ચા આવે એ પહેલા તો સંજય વિમાનમાં ચડી બેઠેલા એટલે સહાયકને ય ટેક ઓફ પહેલાં કશું જોવા સમજવાનો સમય ન મળ્યો હોય એમ બને તો શું ગ્રાઉન્ડ સ્ટાફે ય પોતાની ફરજ નહોતી બજાવી?

ઇન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીને કારણે ૧૯૭૭માં કૉંગ્રેસ પાર્ટી સત્તામાંથી ફેંકાઇ ગઈ હતી. કટોકટી દરમિયાન કૉંગ્રેસ પક્ષ પર સંજય ગાંધીએ પૂરેપૂરું વર્ચસ્વ જમાવી દીધેલું. એવું કહેવાતું કે દેશનું સંચાલન PMO (પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ) નહિ પણ PMH (પ્રાઈમ મિનિસ્ટર હોમ) દ્વારા થઇ રહ્યું છે. મતલબ સાફ હતો. પક્ષમાં અને દેશમાં બિનઅનુભવી ગણાતા યુવાન સંજય ગાંધીનું કદ માતા (અને વડા પ્રધાન) ઇન્દિરા કરતાં મોટું થઇ ગયું!

એક વાત તો એવી ય છે કે એક વાર કોઈક બાબતે સખત ચિડાયેલા સંજય ગાંધીએ પોતાની જ માતા ઇન્દિરા ગાંધીને થપ્પડ મારી દીધેલી! ન્યાય ખાતર કહેવું જોઈએ કે ૧૯૮૦માં કૉંગ્રેસ ફરી સત્તામાં આવે એ માટે સંજય ગાંધીએ જાતે મેદાનમાં ઊતરીને ભારે મહેનત કરેલી. હજારો યુવાનોને કૉંગ્રેસમાં ભરતી કરીને સંજયે રાજકીય દુશ્મનો સામે એમનો છૂટથી ઉપયોગ કર્યો. કટોકટી કાળ દરમિયાન પણ ફરજિયાત નસબંધી જેવા કાર્યક્રમો અમલમાં મૂકીને સંજય ગાંધી એક ચોક્કસ વર્ગ માટે ભારે અળખામણા બન્યા.

દિલ્હીમાં જામા મસ્જિદ વિસ્તારમાં સંજયના હુકમ બાદ મોટા પાયે ડિમોલીશન કરાયું, એ પછી મુસ્લિમોનો એક વર્ગ પણ સંજયથી ભારે ખફા થઇ ગયો હોવાનું મનાય છે. ૧૯૮૦માં ફરી સત્તા મળી એ પછી ઇન્દિરા સ્વાભાવિક રીતે જ નહોતા ઇચ્છતા કે કટોકટી દરમિયાન બનેલી ઘટનાઓનો બોજ ભવિષ્યમાં એમણે પોતે કે પાર્ટીએ વેંઢારવો પડે.

આ બધી વાત અને સંજોગોને આધારે ઘણા લોકો એવું માને છે કે સંજય ગાંધીનો વિમાન અકસ્માત એક 'પોલિટિકલ મર્ડર'હતું!

અમેરિકા અને રશિયા વચ્ચે ચાલતી કોલ્ડવોર ત્યારે ચરમસીમાએ હતી. બંને મહાસત્તાઓ દુનિયાના બીજા દેશોમાં પોતાની ફેવર કરતી સરકાર ઈચ્છતી હતી. ભારતે આમ તો તટસ્થ રહેવાનું વલણ દાખવ્યું, પણ અમેરિકાએ પાકિસ્તાનને કાંખમાં લીધું હોવાથી ભારત પાસે રશિયા સાથેના સંબંધો ગાઢ કર્યા સિવાય છૂટકો નહોતો. બદલામાં રશિયાએ ગાંધી પરિવારને સત્તામાં ટકાવી રાખવાની જવાબદારી લીધી હશે? કોણ જાણે!

જોકે, સુબ્રમણ્યમ સ્વામીના આક્ષેપ મુજબ સંજય ગાંધીની હત્યા પાછળ રશિયાનો જ હાથ હતો. રશિયા ઇન્દિરાને કાબૂ કરી શકતું હતું, પણ સંજય માથા ભારે હતો. એમ કોઈના કીધે રાજ કરે એમ નહોતો!

ખરેખર એવું હશે? સંજય ઉપર અગાઉ પણ ત્રણ વખત પ્રાણઘાતક હુમલા થઇ ચૂકેલા.. એક વાર તો કોઈક અજાણ્યા વ્યક્તિએ સીધું ફાયરિંગ પણ કરેલું...

આ સોમવારે ફરી એક વાર ૨૩ જૂન આવશે અને સંજયની અણધારી વિદાયને સાડા ચાર દાયકા પૂરા થશે, છતાં ઘણા પ્રશ્નો હજી અનુત્તર છે.

પત્રકાર તવલીનસિંહ પોતાના પુસ્તકમાં લખે છે કે સંજય ગાંધીની ડેડબોડીને હોસ્પિટલ લઇ જવામાં આવી. પોસ્ટમોર્ટમ ચાલતું હતું એ દરમિયાન મેડમ ગાંધી ઘટનાસ્થળે પહોંચીને કાટમાળમાંથી 'કશુંક' શોધતા હતા! એ શું હતું, પોલિટિકલ વારસદાર ગણાતા દીકરાની એના અત્યંત મહત્ત્વાકાંક્ષી દીકરાની કોઈક 'પોલિટિકલી કિંમતી' ચીજ કે પછી કોઈ ખાસ લોકરની ચાવી?! ■

### સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# માઉન્ટેન હાઉસ - બ્રિટિશ કોલમ્બિયા -કેનેડા ચટ્ટાન સાથેનો અનોખો સંવાદ

**સ્થપતિ** મિલાદ એથિયાધિ દ્વારા નિર્ધારિત કરેલ આ એક અનોખી કાલ્પનિક રચના છે. સન ૨૦૨૦-૨૧ના ગાળામાં આ આવાસની ફરી કલ્પના કરાઈ હતી જે સ્થાપત્યમાં નિર્ધારિત થયેલી કેટલીક સીમાની બહાર જઈને પોતાની છાપ છોડી છે તેમ કહેવાય. એક વિધાન પ્રમાણે અહીંના હયાત ચાર જૂના વૃક્ષોના સ્થાનને કેન્દ્રમાં રાખી, ખડકનો મજબૂત પાયા તરીકે ઉપયોગ થઈ શકે તે રીતે આ રચનાનો વિચાર શરૂ થયો હશે. એ વાત સાચી છે કે આ પરિકલ્પનામાં વૃક્ષો કેન્દ્રમાં છે અને ખડક મજબૂત આધાર તરીકે છે.

પથ્થરની ચટ્ટાન પર હયાત ટેકા સમા બહાર ઝૂલતા ભાગને ધ્યાનમાં રાખીને આ આવાસનું સ્થાન નિર્ધારિત કરાયું છે. ચટ્ટાનના જે તે ઝૂલતા ભાગથી આવાસને પ્રાથમિક ટેકો તો મળી ગયો પણ સાથે સાથે ચટ્ટાનના બીજા ભાગ સાથે પણ આવાસનું જોડાણ વ્યવસ્થિત કરવું જરૂરી હતું. આ માટે આવાસની માળખાકીય રચના એવી રીતે નિર્ધારિત કરાઈ કે જેને સહેલાઈથી ચટ્ટાન સાથે મજબૂતાઈથી જોડી દેવાય. આ સમગ્ર આવાસ ઝૂલતું હોવાથી તેને જટિલ અને પ્રમાણમાં વધુ બળ લાગુ પડે. આવી પરિસ્થિતિમાં મજબૂતાઈ ધરાવતો ઘનાકાર સ્થાપતિને યોગ્ય લાગ્યો.

આવાસના સ્થાન નિર્ધારણમાં જેમ ચટ્ટાનના ઝૂલતા ભાગે અગત્યની ભૂમિકા ભજવી છે તેમ આ સ્થાન પરના ચાર વૃક્ષોની ભૂમિકા પણ મહત્ત્વની રહી છે. ઘણા વર્ષથી હયાત એવા ચાર વૃક્ષો ન કાપવા તેવો નિર્ણય પ્રારંભિક તબક્કે જ લેવાઈ ગયો હતો. આવાસની રચનામાં આ ઝાડને જાણે પરોવી દઈ બહારની જગ્યા વધુ અર્થપૂર્ણ તથા કુદરત લક્ષી બનાવવાનો પ્રયત્ન કરાયો છે. ઝાડ સચવાઈ જવાથી એક અનેરી ખુશી પણ પ્રાપ્ત થાય. આ સમગ્ર આવાસ જાણે કે ભૌમિતિક શુદ્ધતા વાળા ઘનાકાર ચોસલાઓને એકબીજા સાથે, ઊંચાઈમાં અને વિસ્તારમાં, લાઈનમાં ગોઠવી બનાવાયું છે. આ પ્રકારની ચોસલાની ગોઠવણથી એક ચોક્કસ પ્રકારની લયબદ્ધતા ઊભી થાય છે. આ લયબદ્ધતામાં રસપ્રદ વિવિધતા લાવવા માટે દરેક ચોસલાના વિગતિકરણમાં બદલાવ સૂચવવામાં આવ્યો છે. આ ચોસલાના પ્રમાણમાપ સરખા હોવાથી તેનાથી નિર્ધારિત થતાં આંતરિક સ્થાનો પણ સમાન પ્રમાણ માપવાળા બને તે સ્વાભાવિક છે. તેવાં સંજોગોમાં જોડેની સંભવિત ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરી આંતરિક સ્થાનોની અનુભૂતિ નાની મોટી થઈ શકે તેવું આયોજન વિચારાયું છે.

કુટુંબની જરૂરિયાત પ્રમાણે આ આવાસ ત્રણ સ્તરમાં વિભાજિત કરાયું છે. એક સ્તરે કુટુંબના વડીલોને રહેવાની સગવડ કરાઈ છે તો બીજું સ્તર અનુજો માટેનું છે. આ બંને સ્થાનોને તેની ઉપરના સ્તરે આયોજાયેલ મનોરંજન તથા રમતગમતની પ્રવૃત્તિ માટેના સ્થાન સાથે સાંકળી લેવાયાં છે. એક રીતે જોતાં અહીં વિભાજન પણ કરાયું છે અને જોડાણ પણ સ્થાપિત થયું છે. સ્થાપત્ય શૈલીમાં જોઈએ તો પણ આ જ વાત ઊભરી આવે છે. અહીં પ્રત્યેક ઘનાકાર વિભાજિત પણ લાગે છે અને તેમનો સમૂહ પરસ્પર સંકળાયેલા પણ વર્તાય છે. આવાસની આંતરિક રચનાને બાહ્ય દેખાવ સાથે જોડી દેવાનો આ અનેરો પ્રયાસ છે.

બહારના દ્રશ્યને માણવા માટે અહીં પ્રત્યેક આંતરિક સ્થાન સાથે કાં તો બાલ્કની સંકળાયેલી છે કાં તો વચ્ચેની ખુલ્લી જગ્યાનો હકારાત્મક ઉપયોગ કર્યો છે. અહીંની કેનોપી અને કેટલીક દીવાલો પણ યાંત્રિક રીતે ઉઘાડ બંધ થઈ શકે તેવી બનાવાઈ છે. જ્યારે સૂર્ય-કિરણોની મજા માણવાની હોય ત્યારે આ દીવાલો અને કેનોપી ખુલી જાય અને જ્યારે ઠંડી વધી જાય ત્યારે તે બંધ થતાં આવાસની અંદરની ગરમી જળવાઈ રહે. સાથે સાથે ખીણ તરફની બારીઓ પણ એવી રીતે ઉઘાડ-બંધ થતી રહે છે કે જેનાથી બારી ક્યારેક ટેરેસ બની જાય અને ટેરેસ ક્યારેક બારી બની જાય. આ પ્રમાણે આ સૂચિત આવાસનું સ્થાપત્ય જેટલું આધુનિક અને યંત્ર આધારિત જણાય છે તો તેનું આંતરિક સુશોભન લગભગ પરંપરાગત અને વંશીય કહી શકાય તે શૈલીનું છે. આવાસની અંદરના ભાગથી એવું ભાગ્યે જ પ્રતીત થાય કે આ આવાસ આ પ્રકારની આધુનિકતા અનુસારનું હશે.

આ આવાસ દિવસના સમયે અને રાતના સમયે કોઈ જુદા જ પ્રકારની અનુભૂતિ કરાવી શકે. દિવસે કુદરતનું પ્રભુત્વ જણાય તો રાતના સ્થાપત્યનું. જુદી જુદી ઋતુમાં પણ આ આવાસની અનુભૂતિ ભિન્ન ભિન્ન રહી શકે. તેમાં પણ જ્યારે વરસાદનો સમય હોય કે ધુમ્મસ છવાયું હોય કે સીધો સૂર્યપ્રકાશ આવતો હોય - દરેક પરિસ્થિતિમાં આવાસ જાણે અલગ અલગ રાગ ગાતું હોય તેમ લાગે. આ આવાસની સૂચિત રચના જુદા જુદા સમયે જુદા જુદા પ્રકારની ભાવનાત્મક અનુભૂતિ સર્જવા સક્ષમ જણાય છે. આ કદાચ 'આશય' નહીં, પરંતુ 'પરિણામ' વધુ હોય તેમ લાગે છે.

કુદરત અને સ્થાપત્યનું આ એક વિશેષ પ્રકારનું સહ-અસ્તિત્વ છે. અહીં કુદરતની વાતો જાળવી રાખીને સ્થાપત્ય પોતાનું સ્વતંત્ર વિધાન પ્રસ્તુત કરે છે. આ વિધાન બોલ્ડ છે પણ સાથે સાથે તે કુદરતના અસ્તિત્વ તથા મહત્ત્વને નકારતા નથી. બંને પોત પોતાની વાત તાલબદ્ધ રીતે કરે છે. અહીં ક્યાંય વિરોધ નથી દેખાતો. કુદરત સ્થાપત્યને પોતાની અંદર સમાવી લે છે તો સ્થાપત્ય કુદરતની આસપાસ જાણે ગોઠવાઈ જાય છે. આ સહ-અસ્તિત્વથી કુદરત પણ નીખરી ઊઠે છે અને સ્થાપત્યની સાર્થકતા પણ જળવાય છે. આ પ્રકારનું મકાન બને પછી જ તેનું વ્યવસ્થિત મૂલ્યાંકન થઈ શકે. વિચારો તો સારા છે, અમલીકરણ પણ શક્ય છે, સમાજનો ચોક્કસ વર્ગ આ પ્રકારની રચનાને સ્વીકારી પણ લે, તે બધા સાથે એ અગત્યનું છે કે શેનું અને કેટલું રોકાણ કરવાથી શું અને કેટલું પરિણામ મળે છે. ■





### મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# એ ભુરિયાવ... છે આવી મજા?!




આ ભુરિયાઓને અહીંથી રાડ પાડી અને કહેજો કે 'અમારા જેવી મોજ તમે ક્યારેય નહીં માણી શકો.'

કેવી અને કેટલા પ્રકારની એ પણ કહેવી.

દાખલા તરીકે, વરસાદનું ઝાપટું પડે અને વીજ તંત્ર તમારા ઇલેક્ટ્રોનિક ઉપકરણો બગડી ન જાય તે માટે વીજ પ્રવાહ બંધ કરે. (આપણે તો આમ જ મન મનાવવું)

તમે પરસેવે રેબ ઝેબ થઈ જાવ, પછી ઊભા થઈ અને બાજુના ઘરમાં ડોકિયું કરો, ત્યાં પણ લાઈટ બંધ જુઓ, છતાં તમે પૂછો કે 'લાઈટ છે?' તેની 'ના' આવે એટલે હૈયે ટાઢક વળે કે ચાલો મારે એકને નથી ગઈ.

થોડા કલાકો પછી લાઈટ આવે અને જે આનંદ આવે તે આનંદ ભુરિયાઓ તમને ક્યારેય ન મળે. કારણ કે તમારે ત્યાં લાઈટ જતી નથી.

આ લાઈટનો એક કિસ્સો મને યાદ આવે છે એક અંતરિયાળ ગામમાં જવાનું થયું. લગભગ અડધો દિવસ રોકાયો તેમાં સાત - આઠ વાર લાઈટ ગઈ એટલે મેં ઘરધણીને પૂછ્યું : 'આટલી બધી વાર લાઈટ જાય છે?' તો મને કહે 'ના, આટલી બધી વાર લાઈટ આવે છે!' એ ભાઈની સકારાત્મકતા ઉપર મને માન થયું.

અમારે ત્યાં રસ્તો જામ હોય ત્યારે અમે જામથી ભલે અડધો કિલોમીટર પાછળ હોઈએ તેમ છતાં હોર્ન મારી મારીને અમારી લાગણી વાયા વાયા વાયા આગળ પહોંચાડવાનો સતત પ્રયત્ન કરતા રહીએ. તમારી જેવું નહીં કે શાંતિથી કોઈને ખબર ન પડે તેમ જામમાં ફસાઈ રહેવું. રસ્તામાં પણ અમે અમારી લાઈટ ડીમ ના કરીએ ને સામેવાળાની માથે નાખી દઈએ. મોજ આવે.

તમારે તો સામેવાળો ફુલ લાઇટ કરે તો ફાટી પડો અને તરત ડીમ લાઇટ કરી બાજુમાંથી નીકળી જાવ.

હમણાં મારા હાસ્યના કાર્યક્રમની એક વિદેશ ટૂર દરમિયાન મને ડ્રાઇવર વગરની ગાડી લેવા આવેલી. બધુ મોબાઈલ પર સમજાવી દીધું અને ખાલે ખાલી ગાડીમાં હું બેસી ગયો. સાલુ, વાત કોની સાથે કરવી? મૂંગો મંતર થઈ અને આખો રસ્તો મૂઢની જેમ બેસી રહ્યો.

અમારે અહીંયા તો યજમાનની ઓળખાણ પૂરેપૂરી થાય તે પહેલાં તો લેવા આવેલ ડ્રાઇવરને સાત પેઢી સુધીનું પૂછી લીધું હોય એટલી વાતો કરીએ અને હાઇ-વે ઉપર કોઈને કોઈ ગાડી અડી જાય તો અમે જે છુટા હાથની મારા મારી કે ડિક્ષનરી બહારના શબ્દોથી એને વધાવીએ તે આ ડ્રાઇવર વગરની ગાડીમાં ક્યારેય શક્ય બને? ગાડી અડી જાય તો ગાળો કોને દેવી, વઢવું કે મારવા કોને?

યાર, આમ તો જિંદગી જીવવાની મોજ જ ના આવે.

તમારે ત્યાં છૂટથી તમે પાનની પિચકારી પણ ના મારી શકો અને કદાચ પિચકારી મારી હોય તો ૫૦૦ ડૉલરનો દંડ કરો.

અમે અહીં રોજના પાંચ હજાર ડૉલરની તો પિચકારી મારી નાખીએ. અમીર હોવાનો અહેસાસ અમને આ એક માત્ર બાબતમાં થાય છે. આ કંઈ જેવી તેવી મોજ છે?

તમને લોકોને ગંધ કે દુર્ગંધનો ફરક જ નથી ખબર. ક્યાંથી હોય ત્યાં કોઈ ખુલ્લી ગટર જોઈ છે...અનુભવી છે? અહીં આવો નાક ફાટી જાય તેવી દુર્ગંધ આવતી હોય અને ત્યાર પછી તમે કોઈ અત્તર કે પરફ્યુમની મજા માણો તો એ આનંદ કેવો અલૌકિક હોય? એ તમને ક્યારેય નહીં સમજાય.

અહીં રસ્તા ઉપરના અમારા ખાડા પહેલે ખાડે ચીપટી આવી હોય અને બીજા ખાડે ચીપટીમાંથી મુક્તિ મળે ત્યારે સુખની ચરમસીમાએ પહોંચી અમને આનંદ આવે...તમારે ત્યાં હોય તો પણ નાની-નાની ખાડુડી. અમારા એક ખાડામાં આવી સો ખાડુડી સમાઈ જાય.

જેને જીવનમાં ચીપટી નથી આવી તેને એ ચીપટીમાંથી મુક્તિનો આનંદ ક્યારેય ના અનુભવાય. છે આવી મોજ તમારા જીવનમાં?

જોકે અમારે અહીંયા તો શેરબજારમાં કે હીરા બજારમાં પણ સોદો ઊંધો પડે તો એને ચીપટી આવી કહેવાય છે. અહીં અમારે જેટલા ખાડામાં ચીપટી આવે છે તેનાથી વધારે કદાચ 'નિફ્ટી'માં ચીપટી આવે છે.

તમારે ત્યાં આજુબાજુમાં રહેતા હોય એને પણ તમે ઓળખતા ન હો અને અમારે અડધું ગામ એકબીજાને ઓળખતું હોય. કારણ વગરના બે કલાક વાતો કરી શકીએ. એકબીજાની પંચાત ડહોળી શકીએ.

તમે ઓળખાણની તો વાત જ જવા દો. સાવ અજાણ્યા, કદાચ બીજી વાર મળવાના પણ નથી તેવા લોકો ટ્રેનમાં સાથે પ્રવાસ કરતા હોય ત્યારે એકબીજાના થેપલા અને છુંદા ઉલાળી જાય. ઘરધણી પહેલા બાજુની સીટવાળો દહીંની વાટકી મોઢે માંડી જાય. આગ્રહ કરી કરી અને ગાંઠિયા- મરચા- સંભારો ખવરાવે.

આવી મોજ તમે સપનામાં પણ નહીં વિચારી શકો.

ભુરિયાવ, તમે ભલે અમારા રોટલા- રોટલી કે સાત્ત્વિક ખોરાક ખાવ, પણ અમે તો તમારા પીઝા- બર્ગર ધીમે ધીમે અપનાવતા રહ્યા છીએ અને આમ બદલો લેતા રહીશું.

તમે અમારા યોગને અપનાવશો પણ અમે તો તમારા દેકારાવાળા સંગીતને અપનાવી બદલો લઈ લઈશું. ભલે તે સંગીતમાં ખબર ના પડે પણ 'દેખાડાની મોજ', તમને ક્યારેય ન આવે એવી મોજ અમે કરીએ છીએ.

આવી તો ઘણી મોજ છે, જે અમે માણી શકીએ તમે નહીં, ભુરિયાવ.....!■

#### વિચાર વાયુ

*અહીંના લોકોને ત્યાં જઈને નિયમો પાળવા છે.*

*અહીં કોઈ બોલતું નથી એટલે બેફામ થવું છે. પાછા વખાણ કરે કે 'ત્યાં બધું સ્ટ્રીક બહુ'.*

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# મેઈડ ઈન ઈંડિયા 'પોસ્ટ-ઓફિસ' કેવી હોત?




દેશને આઝાદી મળી ને સાથે સાથે રેડીમેડ પોસ્ટ ઓફિસો પણ મળી ગઈ. ખાલી આઝાદી મળી હોત અને પોસ્ટ ઓફિસ ન હોત તો તમને મને અહીંયા ઘેરબેઠાં કેવી રીતે ખબર પડી હોત કે આપણને છેક દિલ્હીમાં આઝાદી મળી છે?

ગામેગામ બધાંના ઘરે રેડિયો તો નહોતા. આઝાદીના લગભગ ૭ દિવસ પહેલાં મારા દાદાજીએ (પ્રભુ એમના આત્માને શાંતિ આપે ) ચોખ્ખું કહેલું કે આ કૉંગ્રેસીઓનો ખોટો પ્રચાર છે. અંગ્રેજો કંઇ જવાના નથી. એ તો આભાર માનો કે પોસ્ટ ઓફિસ હતી એટલે દિલ્હીથી સંબંધીઓએ પત્ર લખીને જણાવ્યું કે અંગ્રેજો બંગલા ખાલી કરીને જઈ રહ્યા છે....અને એટલે જ્યારે જ્યારે હું આઝાદી વિશે વિચારું છું ત્યારે સામાન્ય ભારતીયની જેમ ખુશીથી દાંત કચકચાવું છું ને ત્યારે પોસ્ટ ઓફિસ વિશે વિચાર્યા વગર રહી શકતો નથી, જેના વગર મને આઝાદીનાં સાચા સમાચાર જ મળ્યા ન હોત.

અંગ્રેજો ધારત તો એમના સરકારી પત્રો, સરકારી આદેશ અહીં-તહીં મોકલવા માટે કબૂતરાં, ઘોડા, મોટર કે ટ્રેનની વ્યવસ્થા કરી જ શક્યા હોત, પણ જનતાને આ સુવિધા આપીને અંગ્રેજોએ બહુ મોટો ઉપકાર કર્યો છે. ત્યાર પછી જ દેશમાં મોટા પ્રમાણમાં પ્રેમપત્રોની આપલે શરૂ થઈ. જો આઝાદી પછી પોસ્ટ ઓફિસો ખુલી હોત તો 'અમે પોસ્ટ ઓફિસો ખોલી છે', એવો પ્રચાર કરીને જે-તે પક્ષ એક-બે ચૂંટણીઓ તો જીતી જ ગઈ હોત!

હું એ વિચાર માત્રથી થથરી જાઉં છું કે અંગેજોએ નહીં પણ આઝાદી બાદ આપણે પોસ્ટ ઓફિસ શરૂ કરી હોત તો સાવ કેવી હોત? શરૂઆતમાં અમુક ૪૫ શહેરમાં ખૂલી હોત ને પછી ગામેગામ પોસ્ટ ઓફિસ માટે આંદોલનો થયાં હોત તો પણ એને દબાવી દેવામાં આવ્યા હોત. ત્યારે દિલ્હીની સરકાર સ્પષ્ટ કહી દેત કે કાં તો પોસ્ટ ઓફિસ બનાવો અથવા યુનિવર્સિટી. સ્વાભાવિક રીતે લોકોએ યુનિવર્સિટીને પસંદ કરી હોત, કારણ કે જ્યાં સુધી શિક્ષણનો વિકાસ નહીં થાય ત્યાં સુધી લોકો પત્રવ્યવહાર કેવી રીતે કરી શકે?!

જો આઝાદી પછી દેશમાં ટપાલ સેવા બની હોત તો એ રેઢિયાળ સરકારી તંત્ર જેવી હોત ને એનો નઝારો કંઈક આવો હોતઃ

ધારો કે જો મારેતમારે મુંબઈથી અમદાવાદ પત્ર લખવો હોય તો મારે પહેલાં કલેક્ટરેટ ઓફિસમાં જઈને અરજી કરવી પડતે કે 'મારે અમદાવાદ પત્ર મોકલવો છે.'

ત્યાંનો ક્લાર્ક ૧૦ પૈસા લઈને મને એક ફોર્મ આપતે (જો ફોર્મ સ્ટોકમાં હોત તો),જેમાં ઘણાં બધાં ખાના હોત. એમાં મારું નામ, પિતાનું નામ, રાષ્ટ્રીયતા, કાયમી સરનામું, જેને પત્ર મોકલવાનો છે એ વ્યક્તિનું નામ, એનું સરનામું, રાષ્ટ્રીયતા... આ ઉપરાંત પત્ર મોકલનાર અને મેળવનાર વચ્ચેનો સંબંધ, પત્ર મોકલવાનું કારણ અને વળી મારે બાંયધરી આપવાની કે 'હું કંઈ પણ અયોગ્ય લખીશ નહીં અને પત્રની વાત ટૂંકાણમાં જ હશે' વગેરે વિગતો ભરવી પડત! પછી ક્લાર્ક, ફોર્મને ચેક કરત ને મારું ફોર્મ કલેક્ટર અથવા ડેપ્યુ. કલેક્ટર પાસે તપાસવા પહોંચત.

તમે આઠ-દસ દિવસ કચેરીના ચક્કર કાપ્યા પછી ને ક્લાર્કની પ્રશંસા પ્લસ લાંચ દીધાં વગેરે પછી લગભગ પંદર દિવસે મંજૂરી મળી હોત કે 'શ્રી શ્રીનિવાસ જોશીના પુત્ર શરદ જોશી પત્ર મોકલવા માટે લાયક છે અને અમુક રકમ જમા કરીને એ ટપાલ સેવાનો લાભ મેળવી શકે છે!'

હું એટલો ખુશ હોત કે તમે કલ્પના ના કરી શકો. હું ઝટથી સરકારી નાણાં વિભાગમાં દોડીને ગયો હોત અને ચલાણ ફોર્મ લઈ- એમાં પૈસા ભર્યા પછી, હું સ્ટેટ બેંકમાં જાત અને સ્ટેમ્પની કિંમત (જે એક રૂપિયાથી ઓછી ના હોત) જમા કરાવત. ત્યાંથી પાછો સરકારી નાણાં વિભાગમાં આવતે, જે એટલીવારમાં બંધ જ થઈ ગયું હોત.

ફરી બીજા દિવસે ફરી હું ત્યાં જાત અને થોડા કલાકો રાહ જોયા પછી મને પેલી મહામૂલી ટિકિટ મળી જાત, જેને ચોંટાડીને પત્ર મોકલવાનો. ત્યાર પછી હું પત્રને એક પરબીડિયામાં મૂકીને, ટિકિટ ચોંટાડીને કલેક્ટરેટ કચેરીમાં જાત. ત્યાં ક્લાર્ક, એ લેટર, પરબીડિયું પર સ્ટેમ્પ વગેરે ચેક કરત ને મને એની સામે જ જરાંક અમથો ગુંદર ચોંટાડવા દેત. પછી છેક મારો પત્ર સરકારના જવાબદાર હાથોમાં પહોંચત.

જોકે, હવે મને સતત ચિંતા એ રહેત કે પત્ર પોસ્ટ ઓફિસમાંથી નીકળી ગયો કે નહીં? એક રૂપિયો આપીને તમે આખી સરકાર તો નથી ખરીદી કે તમે ઇચ્છો એ થઈ જાય.

તમારે ત્યાં પોસ્ટ ઓફિસમાં ધક્કા ખાવા પડશે, કારકુનને ચા પીવડાવવી પડશે ત્યારે જઈને ખબર પડશે કે લેટર ગયો કે નહીં. પછી જવાબની રાહ જોવાની.

અમદાવાદથી વળતો જવાબ લખનાર વ્યક્તિ પણ આ બધી વિધિમાંથી પસાર થશે ને આખરે પ્રત્યુત્તર મોકલશે. મહિનાઓ પછી એક દિવસ પટાવાળો મારા ઘરે સમન્સ લઈને આવત કે 'તમારો પત્ર કલેક્ટર ઓફિસમાં આવી ગયો છે, તમારી ઓળખ આપ્યા બાદ ત્યાંથી લઈ જાઓ....'

ખેર, હું ત્યાં જાત, અરજી કરત, બે વ્યક્તિ પાસેથી પ્રમાણિત કરાવત કે 'હું જ શરદ જોશી છું અને આ પત્રનો હકદાર માલિક છું' એ પછી રસીદ દેખાડીને મહામહેનતે એક મહિને પત્ર મેળવત.

આભાર અંગ્રજોનો, પોસ્ટ ઓફિસ બનાવીને ગયા, નહીંતર આપણાં પ્રેમપત્ર પહોંચતા સુધીમાં તો પ્રેમીપ્રેમિકા પરણી ગયા હોત! ■

## ફોકસ

ધીરજ બસાક
feedback@bombaysamachar.com

# સિંધુ દર્શન મહોત્સવ







'સિંધુ દર્શન મહોત્સવ' આ નામ પરથી જ ખબર પડે કે, આ સિંધુ નદીનો એક ઉત્સવ છે. જે ભારતીય સંસ્કૃતિના ગૌરવનું પ્રતીક બની ચુક્યું છે. સિંધુ દર્શન મહોત્સવ સાલ ૧૯૯૭માં શરૂ કરવામાં આવ્યો હતો અને હવે આ ઉત્સવ આંતરરાષ્ટ્રીય સ્તર પર ઉજવવામાં આવે છે. ફક્ત ૨૯ વર્ષમાં આ ઉત્સવે ભારતના ખૂણે ખૂણે પોતાની સાંસ્કૃતિક છાપ છોડી છે. આ મહોત્સવમાં દેશના અલગ અલગ સંસ્કૃતિઓના વિશિષ્ટ મંડળ પોતાની ઉપસ્થિતિ દેખાડી ગૌરવનો આનંદ માણે છે. આ ઉત્સવ દરમિયાન સિંધુ નદીની પૂજા કરવામાં આવે છે. ત્યાર બાદ દેશના અલગ અલગ જગ્યાએથી આવેલા કલાકાર પોતાના ક્ષેત્રના વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પ્રદર્શન કરે છે.

સિંધુ દર્શન મહોત્સવની શરૂઆત સિંધી સમુદાયના 'સિંધુ દર્શન અભિયાન'થી શરૂ થઈ, જે હવે સિંધુ દર્શન મહોત્સવના નામે આયોજિત કરવામાં આવે છે. આવું આયોજન પહેલી વાર ૧૯૯૬માં થયું હતું અને ૧૯૯૭ પછી આ વ્યવસ્થિત રીતે થવા લાગ્યું. આ ઉત્સવ ત્રણ દિવસ સુધી ચાલે છે, જે સિંધુ નદીના કિનારા પર પનપી સભ્યતા અને સંસ્કૃતિના સંગમને દર્શાવે છે. ત્રણ દિવસના આ મહોત્સવમાં પહેલા દિવસે સિંધુ દર્શન ઉત્સવ એટલે કે, સિંધુ નદીના પૂજા પાઠ સાથે લદાખની પરંપરાઓ અને સંસ્કૃતિના સમ્માનના કાર્યક્રમમાં વિતે છે

આ પર્વમાં ઘણા ધર્મોનો સંગમ થાય છે, મોટા ભાગે સનાતન ધર્મ, બૌદ્ધ ધર્મ અને શીખ ધર્મના વિદ્વાન અંદર અંદર મળી સિંધુ નદીની પૂજા અર્ચના કરે છે અને તેને પોતાના વિકાસ માટે આપેલ યોગદાન માટે ધન્યવાદ કરે છે. આ મહોત્સવમાં ભારતની બધી જ મહા નદીઓમાંથી માટીના ઘડામાં પાણી લાવી અને તે પાણીને સિંધુ નદીમાં વિસર્જિત કરવામાં આવે છે. આજ રીતે આખા ભારતની નદીઓનું પાણી ભેળવી તેને આખા ભારતની પવિત્ર નદી બનાવવામાં આવે છે. આ મહોત્સવ માટે લદાખમાં એક વિશેષ વિસ્તાર બનાવવામાં આવ્યો છે. આ વિસ્તારમાં ૫૦૦ લોકોના બેસવા માટે એક સભાગૃહ છે, એક ઓપન થિયેટર છે, એક એક્ઝિબિશન ગેલેરી છે, એક સંગીત રૂમ અને એક નાની લાઈબ્રેરી છે જેમાં સિંધુ નદીની ગાથા ગાતું સાહિત્ય ઉપલબ્ધ છે. આ મહોત્સવમાં ભાગ લેનારા લદાખના હસ્તકળાની વિવિધ સામગ્રીની ખરીદી કરે.

સિંધુ નદીનું ભારતના ધર્મ અને સંસ્કૃતિમાં જે મહત્ત્વ છે તે તો છે જ. આની એક ઐતિહાસિક અને ભૌગોલિક મહત્વ પણ છે. આજે આપણને જે હિંદુ તરીકેની જે ઓળખ મળી છે તે સિંધુ નદીની જ દેન છે. તે માટે જ લેહના 'લેહ શે મનલા' ખાતે આયોજિત આ મહોત્સવ હિમાલયની ખૂબસૂરતી માટે ભારતની ઐતિહાસિકતા અને ભૌગોલિકતાનું ગૌરવ અને મહોત્સવ છે. આ વર્ષે આ મહોત્સવનું ૨૯મું સંસ્કરણ છે, જેમાં મોટા સ્તર પર પર્યટકોની આવવાની સંભાવના છે. જ્યારે ૧૯૯૭માં ફિલ્મ 'દિલ સે'નું શૂટીંગ થયું ત્યારે આ જગ્યા પહેલી વાર વિશ્વના ધાર્મિક અને સાંસ્કૃતિક પરિદશ્યમાં આ મહોત્સવ ઊભરીને સામે આવ્યો હતો. કુલ મળીને સિંધુ દર્શન મહોત્સવ પોતાની સાંસ્કૃતિક પવિત્રતા, સર્વ ધર્મ સમભાવ અને પર્યટન આધારિત ઉલ્લાસનું એક વિશિષ્ટ મંચ છે. આ વર્ષે બે આયોજન થશે. જૂનની શરૂઆતમાં ૫ થી ૮ જૂન ૨૦૨૫ સુધી થવાવાળી સિંધુ દર્શન યાત્રાનું આયોજન હવે પૂરું થઈ ગયું છે અને ૨૩ થી ૨૭ જૂન ૨૦૨૫ સુધી ગુરુ પૂર્ણિમા પર આધારિત વ્યાપક સાંસ્કૃતિક સમારોહ એટલે સિંધુ દર્શન મહોત્સવ ઉત્સુકતાથી પોતાનો સમય પૂરો થવાની રાહ જોઈ રહ્યા છે. ■

## વાંચકની કલમે

આલોક ગાગડેકર
feedback@bombaysamachar.com

# શું આમ પણ થઈ શકે?




૧૯૮૮ઃ અમદાવાદ દુર્ઘટના

એક દિવસની સાંજે જ્યારે મારા પપ્પાએ મારી મમ્મીને ઝટ તૈયાર થઈ જવાનું કહ્યું અને સાથે મને પણ નવા કપડાં પહેરાવી સાથે લઈ લેવાની મંજૂરી આપી ત્યારે હું બહુ રાજીનો રેડ થઈ ગયો હતો. ઘરમાં સૌથી નાનો હતો એટલે આવા અવસર મને બહુ મળ્યા કરતા.

મમ્મીએ પૂછ્યું તો પપ્પા એ કહ્યું કે 'આપણે નોબલ નગરમાં એક વિમાન તૂટી ગયું છે એ જોવા જવાનું છે.' મારી ઉંમર અંદાજે છ કે સાત વરસની હતી. અને અમે જઇ રહ્યાં હતાં અમુક દિવસ અગાઉ મુંબઈથી અમદાવાદ માટે નીકળેલા ઇન્ડિયન એરલાઇન્સનાં તૂટેલાં વિમાનના કાટમાળને જોવાં.

ઘટના ૧૯/૧૦/૧૯૮૮ ની હતી. અમારું ગામ 'છારાનગર' જે અમદાવાદ એરપોર્ટથી એકદમ નજીક હોવાથી લોકોનાં ટોળે ટોળાં પગપાળા જ એ દૃશ્ય જોવા નીકળી પડ્યા હતા. મને પૂરી ખાતરી છે કે એ સમય સુધી અમારા ગામમાંથી કોઈપણ વિમાનમાં બેસ્યું ન હતું. એટલે લોકોને વિમાન જોવાની પ્રબળ ઈચ્છા થઇ હતી. ભલે ને એ વિમાન કોઇપણ અવસ્થામાં હોય, નજીકથી જોવું હતું. એ પહેલા માત્ર લંકેશપતિ રાવણનું પુષ્પક વિમાન જ નજીકથી જોયેલું જે એ સમયે દૂરદર્શન પર બહુ જોરશોરથી ચાલતું હતું.

આ વિમાનમાં કુલ એકસો પાંત્રીસ જણ બેઠા હતા જેમાંથી ફક્ત બે વ્યક્તિ જીવિત બચી હતી એક 'અશોક અગ્રવાલ' અને બીજા ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ 'વિનોદ ત્રિપાઠી.' જ્યારે મોટો થયો ત્યારે આ બે વ્યક્તિઓના નામ જનરલ નોલેજની ચોપડીમાં પણ વાચ્યાં હતાં.

વિમાનના કાટમાળ અને મુખ્ય રસ્તા વચ્ચે એક મોટું ગટરનું સિમેન્ટથી બનેલો પાઇપ હતો એની અંદરથી પસાર થતા લોકોને વાંકા વળીને જવું પડી રહ્યું હતું. હું નાનપણમાં બહુ બટકો હતો તેથી મારે વાંકુ વળવાની કે ઝૂકવાની જરૂર ન હતી. પાઇપની પેલી પાર અમે જોયું તૂટેલાં વિમાનની બળેલી પાંખો અને તૂટેલી પૂંછડી, જેમાંથી હજી ધુમાડાના ગોટે ગોટા નીકળતા હતા, પણ ના જોઈ શક્યા તો એ એકસો તેત્રીસ વ્યક્તિઓની પીડા, ના સાંભળી શક્યા એમની ચીસો, એમના પગના નિશાન જે પોતાના ઘરે જવાને બદલે ક્યારેય પાછા ના ફરવા વાળી એક મહાયાત્રા પર જતા રહ્યા હતા. વિધિનું વિધાન જુઓ '૧૨/૦૬/૨૦૨૫' બરાબર એ જ શહેર એ જ હવાઈ મથક એ જ છારાનગર પાસે બીજું પણ વિમાન તૂટ્યું ફરક માત્ર એટલો કે પેલું વિમાન ઉતરતા તૂટ્યું હતું આ ચઢતા એમાં માત્ર બે જ વ્યક્તિ બચી હતી આમાં માત્ર એક. ત્યારે નરી આંખે જોયેલું અને આજે મોબાઈલની સ્ક્રીન પર. સાત વરસના બાળકને અકસ્માતની કરુણાંતિકાની શી ખબર પડવાની? પણ હમણાં ભાન થાય છે કે કમોતે મરતો એક વ્યક્તિ હોય કે હજારો જીવન કોઇપણ સંજોગોમાં અમૂલ્ય જ હોય છે. આવી દુર્ઘટના જગતમાં બીજીવાર ક્યાંય ના થાય અને આવા સવાલો જનરલ નોલેજની ચોપડીમાં ના આવે એ પ્રાર્થના સાથે મારી કલમને વિરામ આપું છું. ■

## વિશેષ

નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# ભારતના પાંચ સૌથી સ્વચ્છ દરિયાકિનારા...



દેશભરના અને વિદેશના લોકો ભારતની સંસ્કૃતિ, ખોરાક અને કુદરતી સૌંદર્ય જોવા માટે આવે છે. હવે આવી સ્થિતિમાં જો તમે પણ ક્યાંક મુસાફરી કરવાનું વિચારી રહ્યા છો. જો તમે મનાલી અને સિમલાથી આગળ વિચારી શકતા નથી, તો તમારે ભારતમાં હાજર સુંદર અને સ્વચ્છ દરિયાકિનારાની ચોક્કસપણે મુલાકાત લેવી જોઈએ.

ભારતમાં ફરવા માટે ઘણું બધું છે અને જો તમને મુસાફરીનો પણ શોખ છે, તો પર્વતોથી લઈને દરિયાકિનારા સુધી, દરેક સ્થળ એક્સપ્લોર કરવા માટે શ્રેષ્ઠ છે. પરંતુ શું તમે જાણો છો કે ભારતના સુંદર દરિયાકિનારા માટે એક ખાસ દિવસ પણ ઉજવવામાં આવે છે, જે વિશ્વ મહાસાગર દિવસ છે, જે દર વર્ષે ૮ જૂને ઉજવવામાં આવે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે મહાસાગરો આપણા રોજિંદા જીવનમાં કેટલી મોટી ભૂમિકા ભજવે છે. તેઓ પૃથ્વી માટે ફેફસાં જેવા છે અને ખોરાક અને દવાનો મુખ્ય સ્રોત છે.

મહાસાગરો ફક્ત પાણીના સ્રોત નથી પરંતુ તેઓ વિશ્વભરના લાખો લોકોને ખોરાક અને પોષણ પણ પૂરું પાડે છે, તેથી તેઓ વૈશ્વિક અર્થતંત્રમાં ફાળો આપે છે. ઘણા લોકોની આજીવિકા તેમની સાથે જોડાયેલી છે. ગ્લોબલ વોર્મિંગ જેવી પર્યાવરણીય સમસ્યાઓ સમુદ્ર અને તેમાં રહેતા જીવો માટે ખતરો ઉભો કરી રહી છે, જેને ધ્યાનમાં રાખીને આ દિવસની ઉજવણીનું મહત્ત્વ વધુ વધી જાય છે.

**વિશ્વ મહાસાગર દિવસની શરૂઆત કેવી રીતે થઈ?**

૧૯૯૨ માં પૃથ્વી સમિટમાં, કેનેડાની મહાસાગર સંસ્થા અને કેનેડાના આંતરરાષ્ટ્રીય વિકાસ કેન્દ્રએ વિશ્વ મહાસાગર દિવસ ઉજવવાનો પ્રસ્તાવ મૂક્યો. આ પછી ૨૦૦૮ થી તેની ઉજવણી શરૂ થઈ. આ દિવસ ઉજવવાનું કારણ સમુદ્રને બચાવવાનું છે.

**ભારતના પાંચ સ્વચ્છ દરિયાકિનારા કયા છે?**

**શિવરાજપુર બીચ, ગુજરાત**

ગુજરાતના દ્વારકામાં સ્થિત શિવરાજપુર બીચ ખરેખર ખૂબ જ સ્વચ્છ અને સુંદર છે. બીચમાં હાજર વાદળી પાણી અને સ્વચ્છ રેતી આ સ્થળની સુંદરતામાં વધારો કરે છે. પીવાનું પાણી, પ્રાથમિક સારવારની સુવિધા અને શૌચાલય પણ અહીં ઉપલબ્ધ છે. તમે પરિવાર અને મિત્રો સાથે અહીં પ્રવાસનું આયોજન કરી શકો છો અને કેટલીક યાદગાર ક્ષણો વિતાવી શકો છો.

**પદુબિદ્રી બીચ, કર્ણાટક**

પદુબિદ્રી બીચ કર્ણાટકમાં સ્થિત છે. અહીં વાદળી પાણી અને સફેદ રેતી આ સ્થળને વધુ સુંદર બનાવે છે. આ બીચ એટલો સ્વચ્છ છે કે તમને અહીં રહેવાનું મન થશે અને તમે આખો દિવસ અહીં સમુદ્રની પ્રશંસા કરીને વિતાવી શકો છો.

**સુનહારા બીચ અથવા ગોલ્ડન બીચ, ઓડિશા**

દર વર્ષે હજારો પ્રવાસીઓ ચોક્કસપણે ઓડિશાના ગોલ્ડન બીચ પર આવે છે. આ સ્થળની સુંદરતા તમને મોહિત કરશે. અહીં ખૂબ જ સારી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે જે અહીં આવતા લોકો માટે પણ જરૂરી છે. તમે આ બીચ પર કેટલીક શાંતિપૂર્ણ ક્ષણો વિતાવી શકો છો.

**કપ્પડ બીચ, કેરળ**

કેરળના કપ્પડ બીચમાં પણ ઇતિહાસની એક વાર્તા છુપાયેલી છે. તેને કપ્પકડવુ પણ કહેવામાં આવે છે. આ બીચ તેના ઐતિહાસિક મહત્ત્વ માટે પ્રખ્યાત છે. વાસ્કો-દ-ગામાએ ૧૪૯૮ માં અહીં પગ મૂક્યો હતો. આ બીચ સ્થળાંતર કરનારા પક્ષીઓ અને અદ્ભુત ખડકો માટે પ્રખ્યાત છે. આ એક ખૂબ જ સુંદર અને સ્વચ્છ બીચ છે.

**રુશીકોંડા બીચ, આંધ્રપ્રદેશ**

રુશીકોંડા બીચ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ શહેરથી લગભગ ૮ કિલોમીટર દૂર સ્થિત એક ખૂબ જ સુંદર અને સ્વચ્છ બીચ છે. તમે અહીંની હરિયાળી અને સુંદર શિખરોથી મોહિત થઈ જશો. પેરાસેલિંગ, જેટ સ્કીઇંગ, વિન્ડ સર્ફિંગ અને બોટ રાઈડ જેવી પ્રવૃત્તિઓ અહીં ઉપલબ્ધ છે. તમે અહીં પરિવાર અથવા જીવનસાથી સાથે આવી શકો છો. ■

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિ:શુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૫૦)

## ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ સેવા સમાજ**

49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.) (૧૫૯૫૪-એ)

**રૂપેશ મુલજીભાઈ**

ચર્ચગેટવાળા, ૬૪ વર્ષોથી ચાલતું ઈન્ડિયા એબ્રોડનાં પાત્રો (વાપી)માં પણ 9324534747. (દહેજ નહીં). (૧૫૯૮૯-એ)

■ જુહુસ્કીમ, 1986/ 5'-11", બી.બી.એ., રીચ ફેમિલી, ઈન્ડસ્ટ્રીયલ, હેન્ડસમ હિંદુ વૈશ્યને બ્યુટીફૂલ એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૩-ઈ)

■ ચોપાટીમાં 1980 B.E. MBA 5'4" બિઝનેસમેનને કન્યા આવકાર્ય: 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ ચોપાટીમાં 1996 યુકેથી ન્યુટ્રેશન બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ જુહુ 1984 MBA હેન્ડસમ કપોળને બ્યુટીફૂલ શિક્ષિત કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ માટુંગામાં 1981 BCOM સ્માર્ટ ડાયવોર્સી બિઝનેસમેનને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ વાલકેશ્વરમાં 1975 MBA જૈન ડાયવોર્સી બિઝનેસમેનને જૈન કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૯. લગ્ન સંબંધી

■ ભીવંડી 1973 BCOM વિધુર બિઝનેસ ધરાવતા જૈનને યુવતી આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ અમેરિકાથી માસ્ટર 1980 દેખાવડી એક્ટિવ જૈનને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ CA 1993 ઈન્ટેલીજન્ટ બ્યુટીફૂલ વૈષ્ણવને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ દાદરમાં 1995 MBA દેખાવડી એક્ટિવ પટેલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ ડૉક્ટર BHMS 1981 બ્યુટીફૂલ એક્ટિવ જૈનને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૩૪-ઈ)

■ સુંદર મરાઠી કન્યા ઉંમર 27 ઊંચાઈ 5'.3", શિક્ષણ 12મી, દવાખાનામાં નર્સ તરીકે કામ કરે છે, પગાર 12,000/- કન્યાના માબાપ નથી, કાકા કાકી સાથે રહે છે. અપેક્ષા મહેનતુ, નિર્વ્યસની છોકરો જોઈએ. ઉંમર, શિક્ષણ, જાતિબાધ નથી. 9579032497. (દહેજ નહીં). (બી-૧૬૧૩૧)

■ અલ્ટ્રામોર્ડન ભાઈ બહેનો સર્વ જ્ઞાતિના વિધવા, વિધુર, સુખી લગ્ન જીવન માટે તરત જ મળો 9377992110, 9867510027. (દહેજ નહીં). (બી-૧૬૧૪૬)

■ ઘાટકોપરનાં જૈન DIAMOND GOLD JEWELLERY બિઝનેસમેન - 1989 રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૧૪૭)

■ ગલ્ફનાં/ લંડનનાં યુવક જોઈએ ગલ્ફની ૧૯૮૫ કન્યાને રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૧૪૮)

■ અમેરીકાની કન્યા જોઈએ ૧૯૮૧ અમેરીકન સીટીઝન યુવકને રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૧૪૯)

**વૈષ્ણવ યુવતી**

1996/ 5'-6", M D Palliative Medicine, ક્વોલીફાઈડ યુવક આવકાર્ય. MD/MS & Above 9833824399. (દહેજ નહીં). (૧૫૩૬૫/એ)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. ''Neela Sheth''- 9833676409/ 7045657510. (No Dowry) (15972-C)**

BORIVALI DOCTOR MD Boy 1986 Divorce Rajesh Rajkot 9428250002. (No Dowry) (B-16128)

## ૧૦. મહિલાઓ માટે

**હરીયા સ્ટોર્સ**

૫૬ વર્ષોથી સેવામાં, ૩૫થી વધુ પ્રકારના અમારી દુકાનમાં જ પિસાતા લોટ, અનાજ, ડ્રાયફ્રુટ, મસાલા વગેરે ખરીદવા જયશ્રી બિલ્ડીંગ, બજાજ રોડ, વિલેપાર્લા - (વેસ્ટ) ૯૮૧૯૮ ૧૩૩૬૪, ૭૭૧૫૦ ૭૫૦૭૭. (બી-૧૬૦૭૮)

## ૧૦. મહિલાઓ માટે

**બાંધણી - સાડી**

**સેલ - ડીફેક્ટીવ 70% સુધી. (ફ્રેશમાં 20%) શક્તિ સદન, રૂમ 18, લાડવાડી, જુની હનુમાન ગલી, કાલબાદેવી. 8108023025. (૨૦/એ)**

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૬૦૯૬)

**કાન**

૪૦ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા. ઘાટકોપર - અંધેરી - સેન્ડહર્સ્ટ રોડ - વાલકેશ્વર - દાદર - ચોપાટી ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૬૦૭૯)

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૪૨-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**સ્પેશલ ડિસ્કાઉન્ટ**

કૈલાશ માનસરોવર યાત્રા મુંબઈથી ફ્લાઈટનું પેકેજ 17 જુલાઈ, નેપાળ મુક્તિનાથ યાત્રા- યશસ્વિની ટ્રાવેલ 9969531161/ 9930620105. (૧૫/એ)

**નિ:શુલ્ક મહાબળેશ્વર**

નિ:શુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે ભારે માંગને કારણે હવેથી દરરોજ પ્રસ્થાન કરશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૭૫)

**નિ:શુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૬૪૯)

■ ચિરાગ- 10 ઓગસ્ટથી ઓક્ટોબરમાં ચારધામ 14/12 દિવસ 6. 9833009445. (૧૫૩૫૯-બી)

**લોનાવાલા**

લક્ઝરીયસ રૂમ્સ/વિલા, સ્વિમિંગ પૂલ, પ્યોર વેજ/જૈન ફૂડ, કપલ/ગ્રુપ બુકિંગ આવકાર્ય - 7021073029. (જેપી/ ૪૫૦૩-એ)

**ભૂતાન નેપાલ**

**મીનીમમ બે પ્રવાસીઓ/ ગ્રુપને અનુકૂળ તારીખે (કસ્ટમાઈઝડ) ગ્લોબલ ટૂર્સ - 9967894750. (બી-૧૬૧૩૭)**

**ચિરાગ**

ગોકુલ, જગન્નાથપુરી, ગંગાસાગર, ઓમકારેશ્વર, મહાકાલેશ્વર, ચારધામ, શ્રીનાથજી. 7303560200. (૧૫૩૬૫-બી)

## ૧૪. નોકરી ખાલી છે

**જોઈએ છે**

**ગુજરાતી ટાઈપીસ્ટ ફુલ ટાઈમ/ પાર્ટ ટાઈમ તુરંત સંપર્ક કરો. ફોન નં.- + ૦૨૨-૨૨૬૫૪૬૫૮/ ૦૨૨-૨૨૬૫૪૦૮૩. (બી-૧૬૧૨૦)**

**''લેડી જોઈએ''**

**હાર્ડવેરની દુકાન સંભાળી શકે, મહેનતું, લેડી સ્વતંત્રપણે, રવિવાર ચાલુ, (9- 8)- 14,000/- દહિસર (ઈસ્ટમાં)- 9820120537. (૨૬-એ)**

**EXTRA INCOME**

પાર્ટ / ફુલ ટાઈમ, HSC પાસ, ATTRACTIVE INCOME. (બોરીવલી) 9870714055 (મેનેજર). (૩૩-એ)

REQUIRED CA/PASS/FREshers for Office Management Part/Full Time Churchgate. WhatsUp 7021831500. (B-16141)

## ૧૫. નોકરી જોઈએ છે

■ મીરા-ભાયંદરમાં હાઉસિંગ સોસાયટી બિલિંગ એકાઉન્ટ ઑડિટ મેનેજમેન્ટ માટે: 9324109312. (જેપી/૪૯૯૯-એફ)

## ૧૬. પેઈંગ ગેસ્ટ

**પેઈંગ ગેસ્ટ**

વિલે-પારલા વેસ્ટમાં સ્ટેશન/ કોલેજ નજીક સ્ટુડન્ટ/ વર્કિંગવુમન, છોકરીને જગ્યા મળશે. 9920111654- 8850048973. (૪-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**

2 BHK ગ્રીનકોર્ટ- (2.50 કરોડ). 3 BHK (4.25 કરોડ). પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ- જુહુ સ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433/ 9821069632. (૮-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

એમ. જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @ 90L, 2 બેડ @ 1.19 Cr, પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, રૂફટોપ એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હૉસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૯૯૯-એ)

**લોનાવાલા**

પાવના, ખંડાલા, જમીન, બંગલો-લેવા- વેચવા, વાગડ સેનેટરીની બાજુમાં 3, 4 બેડરૂમનો બંગલો વેચવાનો. મિનાક્ષી: 9930107664. (૧૫૩૬૩/એ)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456 (P51800055546). (૨૩/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૯૬૦-એ)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

એસ. વી. રોડ - 3 બેડરૂમનો ટેરેસ ફ્લેટ + ક્લોઝડ ગેરેજ - વેચાણથી 3,40,000,00/- રેડી/ બંધાતામાં ફ્લેટો લેવા - વેચવા - ભાડેથી સંપર્ક: ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪/ ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૬૦૫૩)

**અંધેરી (વેસ્ટ)**

સ્ટેશન/દેરાસર પાસે, ૩ બેડરૂમ (860'/3CR) ફુલ્લી ફર્નીશ્ડ (જોતા ગમી જાય) સાથે સ્ટીલ્ટ પાર્કિંગ. તથા ૨, ૩, ૪ બેડરૂમ રેડી/ અંડર કન્સ્ટ્રકશનમાં લેવા-વેચવા ''નીરજ એસ્ટેટ'' 9821277077. (૨-સી)

**માટુંગા**

ધ્યાન આપો બે નવા તૈયાર મકાન એક બેડરૂમ અઢી કરોડ પણ બે બેડરૂમ પોણા ત્રણ કરોડ. વિનોદ : 9892980593. (બી-૧૬૧૨૯)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશનની નજીક, રેડીમાં 4 બેડરૂમના 1567' (32500/-થી બોક્સપ્રાઈઝ). ભારત પારેખ 9920675286. (એસડીબી-૨૬૬૬)**

**ગામદેવી/ગોવાલીયા ટેન્ક**

બે/ત્રણ/ચાર બેડરૂમ ભાડેથી/ વેચાણથી, ફર્નિશ્ડ, હાયર ફ્લોર, પાર્કિંગ, વેજીટેરીયન, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૬૦૭૩)

**તારદેવ**
**"મહિન્દ્ર હાઈટસ"**
**૨ બેડરૂમનો ફ્લેટ, એરિયા ૯૭૫' કારપેટ, ૧૬મે માળે, હાલમાં જ સંપૂર્ણ નવા ફર્નિચર સાથે સજાવેલ, ૨ પાર્કિંગ સાથે તુરંત વેચવાનો. કિંમત રૂ. 8,25,00,000/-**
**"ક્રિશ પ્રોપર્ટીઝ"**
**નીતીન શાહ - 9820711649**
(બી-૧૬૧૩૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હમણા નહીં તો ક્યારે નહીં, પ્રાઈમ લોકેશનમાં, 3 બેડરૂમ, હોલ, કિચન- 1010' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન, 1300' યુઝેબલ. 3.35 CR, 3 બેડરૂમ, હોલ, કિચન 930' કારપેટ+ 300' કારપેટ ટેરેસ, 3.45 CR. બધા ચાર્જીસ સાથે, 2 બેડરૂમ, હોલ, કિચન-810' કારપેટ-2.60CR, 1 બેડરૂમ, હોલ, કિચન-450' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, 1.35 CR, પાર્કિંગ મળશે. HOMEALONE PROPERTY-જુગ્નું શાહ-9833352224. (૧૫૯૬૯-એ)**

**નેપિયન્સી/ પેડર/ વોર્ડન**

એક/બે/ત્રણ બેડરૂમ ભાડેથી/ વેચાણથી, હવાઉજાસ, પાર્કિંગ, વેજીટેરીયન, રેડી પજેશન 'ભરતભાઈ' 9322246950. (બી-૧૬૦૭૨)

## ૧૭. જગ્યા આપવી છે

**પાર્લા (વેસ્ટ)**

**દાદાભાઈ રોડમાં બંધાતા 4 વીંગના 2 ટાવરમાં 2/3/5 બેડરૂમના ફ્લેટો ઘટાડેલા ભાવે તથા પેમેન્ટ ચૂકવણીમાં સ્કીમ છે. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૬૭૯)**

**''બોરીવલી (વેસ્ટ)''**

''શિંપોલીમાં રેપ્યુટેડ બિલ્ડરના નવા બિલ્ડીંગમાં UNTOUCHED 3 બેડરૂમ- 1060' કાર્પેટ ફ્લેટ, 2 કાર પાર્કિંગ (2.55 CR+++), તાત્કાલિક કબજો''. સંપર્ક: ''સુગ્નેશભાઈ''- 9819773728. (૧૩/એ)

**બોરીવલી (વેસ્ટ)**

સ્ટેશનથી વોકેબલ ટાવરમાં, ફર્નિશ્ડ 2.5 બેડરૂમ (2,70,00,000/= માં) વેચાણમાં. ''અતુલ સંગોઈ એસોસીએટસ'' 9820203032. (૧૫૯૮૨-એ)

**મીરા રોડ**

1 BHK / 2 BHK 55 લાખ થી 1.40 કરોડ સુધી લેવા વેચવા વિજયભાઈ 8779412464 / 9869320788. (૨૮-એ)

■ તારદેવમાં હાયરફ્લોર પ્રાઈમ લોકેશન- ૨૮૫ સ્કે.ફૂટ ફ્લેટ આપવાના છે. દલાલ માફ. 9324027768. (૨૮૩)

**સાંતાક્રુઝ વેસ્ટમાં**

ફુલ્લી ફર્નીશ્ડ ૨ માસ્ટર બેડરૂમ, હોલ, કીચન અને ૧ કોમન બાથરૂમ સાથે 780' કારપેટ એરિયા અને ૧ પાર્કીંગ- આઉટરાઈટથી આપવાનો. 4.21 કરોડ દત્તાત્રય રોડ સરલા હોસ્પિટલની સામે, સાંતાક્રુઝ વેસ્ટ 9820032150. (૯/એ)

**થાણા**

ઘોડબંદર રોડ, માજીવાડા, માનપાડા, પોખરણ ૧થી ૪ બેડરૂમના ફ્લેટ તૈયાર, બંધાતામાં લેવા, વેચવા હિતેશભાઈ 9920927958, 9820008003. (૨૨/બી)

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઈસન્સથી 4 બેડરૂમ્સ સેમી ફર્નીશ્ડ ફ્લેટ 1236' 11th ફ્લોર નવું મકાન બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૭-સી)**

**વિલેપાર્લે વેસ્ટ**

**ઓનરશીપથી 4 બેડરૂમ્સ 1305' 12th ફ્લોર 2 ફ્લેટ નવું મકાન ૭૪૦' ૨ બેડરૂમ્સ ૧૧મે અને 10મે માળે, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૭-ડી)**

**ઘાટકોપર ઈસ્ટ, વેસ્ટ**

૧થી ૬ બેડરૂમના ફ્લેટ તૈયાર, બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૨૨/એ)

**સાન્તાક્રુઝ વેસ્ટ**

1 બેડ 525 કારપેટ નિયર સ્ટેશન સેલ/ ભાડા પર 7045622403. (બી-૧૬૦૯૦)

**બોરીવલી (વેસ્ટ)**

**એસ. વી. રોડ, પ્લેટફોર્મ 1 પાસે, 2 બેડરૂમ 750' કાર્પેટ, ઈસ્ટ વેસ્ટ ઓપન (પાંચમાં માળે+ લિફ્ટ) વેચવાનો ઓનર: 9057248859, 9819279685. (૧૧/એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**લોનાવાલા**

વર્સોલીમાં ૨ બેડરૂમ ફર્નીશ્ડ બંગલો, મોટું ગાર્ડન વેંચાણથી, શ્રીજી-૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૧૧૨)

**કાંદિવલી વેસ્ટ**

એમ.જી. રોડ, 2 બેડરૂમનો ફ્લેટ, શોર્ટ ટર્મ માટે ભાડેથી. - 9867586949 નીરજભાઈ. (બી-૧૬૧૧૩)

**લોનાવાલા**

તુંગારલીમાં ૪ બેડરૂમ ફર્નિશ્ડ બંગલો લોંગ લીઝથી આપવાનો. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૧૧૧)

**STUDIO FLATS**

1 બેડરૂમ 340' કારપેટ, 95 લાખ +, -440' કારપેટ 1.23 કરોડ+, માસ્ટર બેડરૂમ કાંદીવલી વેસ્ટ એસવી રોડ સ્ટેશનની સામે, Swastick House 9820866563. (જેપી/૪૯૯૯-બી)

**બોરીવલીમાં**

ઓબેરોયની બાજુમાં સ્ટેશન/ હાઈવે નજીક 3 બેડરૂમ 1050' બાલકની, હવા ઉજાસ, પાર્કિંગ, ગેસ્ટ પાર્કિંગ, સુંદર સોસાયટી, વેંચાણથી આપવાનો. ઓનર:- 9820177738. (૨૦/સી)

**કાંદીવલી (વેસ્ટ)**

માતૃ આશિષ, એસવી રોડ બાલભારતી સ્કૂલની બાજુમાં, 22 માળના નવા ટાવરમાં, 2 બેડરૂમ 509' -1.45 કરોડ, 653' - 1.83 કરોડ 3 બેડરૂમ 956' કારપેટ 2.68 કરોડ 20+ એમીનિટી, પોડિયમ, RoofTop Garden marketed by : MG Realtors- 9820964062 Radha estate agency- 98210 34272. (જેપી/ ૪૯૯૯-ઈ)

**અંધેરી (ઈસ્ટ)**

સ્ટેશન અને મેટ્રો નજીક નવા બંધાતા 18 માળના ટાવરમાં 1 અને 2 BHK અને જોડી ફ્લેટ, 13 Slab Completed, દેરાસર ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, મોર્ડન એમેનીટીઝ સાથે, સંપર્ક - દિનેશ - 9757252097. (૩૫-ડી)

**બોરીવલી (વેસ્ટ) - ૨ બેડરૂમ**

**એક્સર - 594' (1.80), શિંપોલી - 510' (1.45), વઝીરા 640' (1.75), એલ.ટી. રોડ 700' (2.45) 9920459827. (૩૩-સી)**

**બોરીવલી (ઈસ્ટ)**

દોલત નગર, 4 બેડરૂમનો ફ્લેટ, 14 માળના નવા ટાવરમાં, 1090' કારપેટ, 3.11 કરોડ+ સંપર્ક 9870865518. (જેપી/૫૦૦૦-બી)

**બોરીવલી (વેસ્ટ)**

લકઝરીયસ 4 બેડરૂમ વેચાણથી બાલ્કની સાથે નવા ટાવરમાં, 2131' કારપેટ 7 કરોડ+ સંપર્ક 9321493215. (જેપી-૫૦૦૦/સી)

**બોરીવલી (વેસ્ટ)**

લકઝરીયસ 4 બેડરૂમ વેચાણથી, 3331' કારપેટ 14' હાઈટ, પ્લાન બાય હફીઝ કોન્ટ્રાક્ટર, નવા ટાવરમાં, 11 કરોડ+ સંપર્ક 9870865518. (જેપી-૫૦૦૦/ડી)

(જુઓ પાનું ૧૨) ▶▶

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ભાત | હિસ્સો |
| ભાગ | સૂર્ય |
| ભાલ | ખુશામતખોર |
| ભાટ | રીત |
| ભાણ | કપાળ |

### ઓળખાણ પડી?



૧૯૭૧ના ભારત-પાક યુદ્ધમાં ભારતને અટકાવવા બંગાળના ઉપસાગરમાં આવેલી સેવન્થ ફ્લીટ નૌકા શક્તિ કયા દેશની હતી?

અ) રશિયા  બ) યુએસએ  ક) ઈરાક  ડ) ડેનમાર્ક

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પા | ચ | ૨ લા | ૩ ગ | ણ | | ૪ ઉ | ફ | ૫ ભ | ૬ વ |
| દ | | ૭ વ | ઢ | | ૮ થ | ડા | | ૯ ગો | ખ |
| ૧૦ ર | ૧૧ મ | ણી | | ૧૨ કા | ન | ન | | | ત |
| | લ્હા | | ૧૩ મા | ર | ગ | | ૧૪ હ | ૧૫ વ | સ |
| ૧૬ નિ | ર | ૧૭ ક્ષ | ર | | ૧૮ ના | ૧૯ શ | | ૨૦ શ | ર |
| રી | | મા | | ૨૧ ભ | ટ | કે | ૨૨ લ | | |
| ૨૩ ક્ષ | તિ | | | વ | | | ૨૪ ગી | ર | ૨૫ વિ |
| ક | | ૨૬ અ | ૨૭ વ | ર | જ | ૨૮ વ | ર | | ટં |
| | | ૨૯ લ | ખ | ણ | | મ | | ૩૦ દા | બ |
| ૩૧ કા | ર્ય | કા | રી | | ૩૨ અ | ળ | ખા | મ | ણ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | | ૫ | ૬ |
| | | ૭ | | | | | ૮ | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | | | |
| | | | ૧૨ | | | | ૧૩ | ૧૪ | |
| ૧૫ | | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | |
| | | | | ૧૯ | | | ૨૦ | | |
| ૨૧ | ૨૨ | | ૨૩ | | | ૨૪ | | | |
| ૨૫ | | | | | ૨૬ | | | ૨૭ | ૨૮ |
| | | ૨૯ | | ૩૦ | | | | | |
| | ૩૧ | | | | | | | ૩૨ | |

**આડી ચાવી**

૧. અલિપ્ત (૭)
૫. પિતા (૨)
૭. અંદાજ (૩)
૯. દાસ, ચાકર (૩)
૧૧. બાણ છૂટતાં થતો અવાજ (૪)
૧૨. સારાપણું (૩)
૧૩. આસો સુદ દશમ (૩)
૧૫. વહાણનો કેપ્ટન (૩)
૧૭. દરિયાખેડુ (૩)
૧૮. નસ (૨)
૧૯. આનંદ, મજા, મોજ (૨)
૨૦. દોસ્તી, સંગ (૩)
૨૧. છોડને---આપવાં પડે (૫)
૨૪. બહાદુરના---માં જવું (૩)
૨૫. માણસે --- અણગમાથી પર થવું (૨)
૨૬. કક્કાના પહેલા બે અક્ષર (૨)
૨૭. ધૂળ (૨)
૩૦. આંગળી લગાવવાથી પાન બિડાઇ જાય (૪)
૩૧. મનનું વિશ્વ (૫)
૩૨. ગુમાવવું (૨)

**ઊભી ચાવી**

૧. સમાજ, યુગ, લાંબો સમય (૩)
૨. હરોળ, લાઇન (૩)
૩. એક લીલું કઠોળ (૨)
૪. સ્વદેશાભિમાન, રાષ્ટ્રપૂજા (૬)
૬. આગળથી ચાલ્યું આવે છે (૬)
૮. માન આપતું, માનાર્હ (૩)
૧૦. --- ભાતિ એક પ્રકારનો પ્રાણાયમ છે (૩)
૧૧. તુલના, મુકાબલો, બરાબરી (૫)
૧૪. જ્યાં શેરની લેવેચ થાય (૫)
૧૫. માળખામાં બેસે તેવું, માળખા પ્રમાણે (૫)
૧૬. એક ઉભયચર જનાવર (૩)
૨૦. ---માં સુગંધ ભળે (૨)
૨૨. પરવા, કાળજી (૨)
૨૩. ચંચળ ધાતુ (૨)
૨૪. ઘા (૩)
૨૬. હલકી જાત (૩)
૨૮. હું તમને થોડીવારમાં --- (૩)
૨૯. દોષ, અપરાધ (૨)
૩૦. સુધી (૨)

### ગુજરાત મોરી મોરી રે

'લોહીની સગાઈ', 'જનમટીપ', 'કાશીનું કરવત' જેવી લોકપ્રિય નવલકથાના સર્જક કોણ હતા એ જાણો છો?

અ) પન્નાલાલ પટેલ  બ) મોહમ્મદ માંકડ
ક) ઈશ્વર પેટલીકર  ડ) કનુ ભગદેવ

### જાણવા જેવું

હિંદુ શાસ્ત્રકારોનો મત છે કે, આપણે સંસારમાં આવીને જેટલાં સારાંનરસાં કર્મ કરીએ છીએ, તે બધાંના કેટલાક સંસ્કાર આત્મા ઉપર પડે છે અને ભવિષ્યમાં આપણને તે સંસ્કારોનું ફળ મળે છે. આ સંસ્કાર ભાગ્ય કે કર્મ કહેવાય છે અને આપણને સુખ કે દુ:ખ આપે છે.

### સુડોકુ-૯૦૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૧ | | ૨ | | | ૬ |
| | ૪ | | ૫ | ૩ | ૬ | | ૨ | |
| | | | | ૪ | | | | |
| ૩ | ૮ | | | | | | ૯ | ૧ |
| | ૭ | ૪ | | | | ૩ | ૫ | |
| ૧ | ૨ | | | | | | ૭ | ૪ |
| | | | | ૧ | | | | |
| | ૩ | | ૬ | ૫ | ૭ | | ૧ | |
| ૬ | | | ૯ | | ૩ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૬ | ૭ | ૯ | ૨ | ૧ | ૫ | ૪ |
| ૧ | ૨ | ૯ | ૪ | ૬ | ૫ | ૭ | ૮ | ૩ |
| ૫ | ૭ | ૪ | ૧ | ૩ | ૮ | ૨ | ૯ | ૬ |
| ૯ | ૪ | ૩ | ૫ | ૧ | ૭ | ૬ | ૨ | ૮ |
| ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૩ | ૭ | ૫ |
| ૭ | ૫ | ૮ | ૬ | ૨ | ૩ | ૪ | ૧ | ૯ |
| ૨ | ૯ | ૭ | ૩ | ૮ | ૬ | ૫ | ૪ | ૧ |
| ૩ | ૮ | ૧ | ૨ | ૫ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૪ | ૬ | ૫ | ૯ | ૭ | ૧ | ૮ | ૩ | ૨ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

દુનિયા ક્લાઈમેટ ચેન્જની સમસ્યાથી હેરાન થાય છે. વિશ્વના કયા શહેરમાં સૌથી વધુ ગરમી પડે છે એ જણાવો.

અ) તહેરાન  બ) કુવૈત
ક) ઈજિપ્ત  ડ) સુદાન

### નોંધી રાખો

સચ્ચાઈને સ્વીકારી લેવી અને શક્ય હોય ત્યાં સુધી એનું સમર્થન કરવાથી ભીડમાં તમે અલાયદા બની ઊભરી આવો છો.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૫, ૯, ૧૭, ૩૩, ૬૫, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૬૫ પછી કઈ સંખ્યા આવે?

અ) ૮૮  બ) ૯૯
ક) ૧૧૧  ડ) ૧૨૯

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચીલો | નવો રિવાજ |
| ચીવટ | પરવા |
| ચીર | કપડાનો કટકો |
| ચિર | લાંબો વખત |
| ચિંગુસ | કંજૂસ |

ગુજરાત મોરી મોરી રે
મહાદેવ દેસાઈ

ઓળખાણ પડી
રશિયા

માઈન્ડ ગેમ
૬૭

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ઈન્ડોનેશિયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) નૂતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) શ્રદ્ધા આશર (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) મીનળ કાપડિયા (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) પ્રવીણ વોરા (૨૩) પુષ્પા પટેલ (૨૪) અલકા વાણી (૨૫) અરવિંદ કામદાર (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) ભાવના કર્વે (૨૮) હેમા હરીશ ભટ્ટ (૨૯) અંબરીષ ઓઝા (૩૦) વિણા સંપટ (૩૧) પુષ્પા ખોના (૩૨) અંજુ ટોલિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) જગદીશ ઠક્કર (૩૯) ડાયના સંતોકે (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) નિતિન જયંતિલાલ બજરિયા (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) મહેશ સંઘવી (૪૯) ગીતા ઉદેશી (૫૦) હરિહર ભટ્ટ (યુએસએ)

# બૉલ લાગ્યો હેલ્મેટને અને ભારતને મળ્યા પાંચ રન... જાણો, આખો કિસ્સો શું હતો



લીડ્સઃ અહીં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટના પ્રારંભિક દિવસે બીજા સત્ર દરમ્યાન ભારતીય ટીમને પાંચ પેનલ્ટી રન (વધારાના પાંચ રન) મળ્યા હતા એ કિસ્સો ખૂબ રસપ્રદ છે. બીજી રીતે કહીએ તો ઇંગ્લૅન્ડની ટીમને પાંચ રનની પેનલ્ટી થઈ હતી અને એ પાંચ રન ભારતના ખાતામાં ઉમેરી દેવાયા હતા.

શુક્રવારના પ્રથમ દિવસે બ્રિટિશ ટીમ માટે ભાગ્યે જ કંઈક સારું બન્યું હતું. વાત એવી છે કે ઇંગ્લૅન્ડના વિકેટકીપર જૅમી સ્મિથની નજીક મેદાન પર રાખવામાં આવેલી બે હેલ્મેટને બૉલ વાગ્યો હતો. ટી-ટાઇમ પહેલાંની ઓવર બેન સ્ટૉક્સે કરી હતી. તેની ઓવરના પાંચમા બૉલમાં યશસ્વી જયસ્વાલના શૉટમાં બીજી સ્લિપમાં હૅરી બ્રૂક બૉલ નહોતો પકડી શક્યો અને વિકેટકીપર સ્મિથની પાછળ રાખવામાં આવેલી હેલ્મેટને વાગ્યો હતો. ત્યાં બબ્બે હેલ્મેટ પડી હતી. આ ઘટના બની ત્યારે મેદાન પર મૂંઝવણ ફેલાઈ હતી. અમ્પાયરે જોયું કે ગિલ અને યશસ્વી સિંગલ રન દોડ્યા નહોતા. જોકે એમસીસીના કાનૂન ૨૮.૩.૨ મુજબ બૉલ મેદાન પર રાખવામાં આવેલી હેલ્મેટને વાગ્યો એટલે બૉલ ત્યારે ડેડ થઈ ગયો કહેવાય અને નિયમ મુજબ બૅટિંગ કરનારી ટીમને પેનલ્ટીના પાંચ રન મળે એટલે ભારતના સ્કોરમાં પાંચ રન ઉમેરાઈ ગયા હતા.

જો રૂટ અને ખુદ કૅપ્ટન સ્ટૉક્સ અમ્પાયરના નિર્ણયથી સ્તબ્ધ હતા. જોકે પછીથી તેમને નિયમ સમજાઈ ગયો હતો. ■

એમસીસીના નિયમ ૨૮.૩.૨ મુજબ બૉલ મેદાન પર રાખવામાં આવેલી હેલ્મેટને વાગ્યો એટલે બૉલ ત્યારે ડેડ થઈ ગયો કહેવાય અને નિયમ મુજબ બૅટિંગ કરનારી ટીમને પેનલ્ટીના પાંચ રન મળે.





**બ્રિટિશરોનું બૅન્ડ બજાવી દીધુંઃ** ઇંગ્લૅન્ડના લીડ્સમાં ગઈ કાલે પાંચમી ટેસ્ટ ફટકારનાર યશસ્વી (ડાબે) અને બ્રિટિશરોને જોરદાર લડત આપીને છઠ્ઠી ટેસ્ટ સદી સાથે ભારતને પહેલા જ દિવસે મજબૂત સ્થિતિમાં લાવનાર કૅપ્ટન શુભમન ગિલ (જમણે). (પીટીઆઇ)

# ગિલ કૅપ્ટન્સીના ડેબ્યૂમાં સદી ફટકારનાર પાંચમો ભારતીય સુકાની

લીડ્સઃ શુભમન ગિલના સુકાનમાં ભારતની યુવા ટેસ્ટ ટીમે ગઈ કાલે અહીં ઇંગ્લૅન્ડને પાંચ મૅચવાળી સિરીઝના પહેલા જ દિવસે પરચો બતાવી દીધો હતો. યશસ્વી જયસ્વાલ (૧૦૧ રન, ૧૫૯ બૉલ, એક સિક્સર, સોળ ફોર) પછી કૅપ્ટન શુભમન ગિલે પણ સદી ફટકારી હતી. ગિલ કૅપ્ટન તરીકેની પહેલી જ ટેસ્ટમાં સદી ફટકારનાર ભારતનો પાંચમો સુકાની બન્યો છે. તે વિજય હઝારે, સુનીલ ગાવસકર, વેન્ગસરકર અને વિરાટ કોહલીની હરોળમાં થઈ ગયો હતો. ગિલની આ છઠ્ઠી અને એશિયાની બહાર પ્રથમ સદી હતી. ગિલ અને યશસ્વી વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૨૯ રનની તોતિંગ ભાગીદારી થઈ હતી. ભારતને બૅટિંગ મળ્યા બાદ યશસ્વી અને રાહુલે (૪૨ રન, ૭૮ બૉલ, આઠ ફોર)ની જોડીએ ૯૧ રનની ભાગીદારી થઈ હતી.



**અમદાવાદની કરુણાંતિકાના મૃતકોને અંજલિઃ** લીડ્સમાં ગઈ કાલે પ્રથમ ટેસ્ટ પહેલાં ભારતીય ખેલાડીઓએ અમદાવાદની પ્લેન-ક્રેશની દુર્ઘટનામાં મૃત્યુ પામેલ લોકોને અંજિલ આપવા મૌન પાળ્યું હતું અને હાથ પર કાળી પટ્ટી પહેરીને તેઓ રમ્યા હતા. (બીસીસીઆઇ)

**બન્ને દેશની પ્લેઈંગ-ઈલેવનઃ ભારતઃ** શુભમન ગિલ (કૅપ્ટન), રિષભ પંત (વાઇસ-કૅપ્ટન, વિકેટકીપર), કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન, કરુણ નાયર, રવીન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના. **ઇંગ્લૅન્ડઃ** બેન સ્ટૉક્સ (કૅપ્ટન), જેમી સ્મિથ (વિકેટકીપર), જૅક ક્રૉવ્લી, બેન ડકેટ, ઑલી પોપ (વાઇસ-કૅપ્ટન), જો રૂટ, હૅરી બ્રૂક, ક્રિસ વૉક્સ, બ્રાયડન કાર્સ, જૉશ ટન્ગ અને શોએબ બશીર.

# સચિને પહેલો ફોન-કૉલ પટૌડી-પરિવારને કર્યો અને ખાતરી આપી





નવી દિલ્હીઃ સચિન તેન્ડુલકરે ગુરુવારે અહીં પીટીઆઇને આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'મને જેવી ખબર પડી કે ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની સિરીઝની ટ્રોફીનું નામ બદલાવાનું છે એટલે મેં તરત જ સદગત મન્સૂર અલી ખાન પટૌડીના પરિવારનો સંપર્ક કર્યો હતો અને તેમને ખાતરી આપી હતી કે આ પ્રતિષ્ઠિત શ્રેણી સાથે મહાન કૅપ્ટન પટૌડીનું નામ જોડાયેલું રહે એ માટે હું મારાથી બનતા બધા જ પ્રયત્નો કરીશ.'

ઉલ્લેખનીય છે કે ગઈ કાલે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટથી ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની ટેસ્ટ સિરીઝને 'ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી' નામ આપવામાં આવ્યું છે. આ નવું નામ 'પટૌડી ટ્રોફી'ની જગ્યાએ અપાયું છે. 'પટૌડી ટ્રોફી'ના સ્થાને નવું નામ આપવાનો નિર્ણય ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડ તથા બીસીસીઆઇ દ્વારા સંયુક્ત રીતે લેવામાં આવ્યો હતો.

બાવન વર્ષના સચિને ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદી ફટકારી હતી જે વિશ્વવિક્રમ છે. એ ઉપરાંત બીજા અનેક વિક્રમો તેના નામે અતૂટ છે. તેણે પીટીઆઇને એવું પણ કહ્યું હતું કે 'મને ખબર છે કે પટૌડી ટ્રોફીના નામે બીજું કોઈ નામ આપવાનો નિર્ણય બીસીસીઆઇ તથા ઇંગ્લિશ ક્રિકેટ બોર્ડ દ્વારા થોડા મહિના પહેલાં જ લેવામાં આવ્યો હતો. જોકે મને જેવી ખબર પડી કે આ ટ્રોફી પર જેમ્સ ઍન્ડરસનની સાથે મારું નામ જોડાવાનું છે ત્યારે મેં પહેલો ફોન-કૉલ પટૌડી પરિવારને કર્યો હતો.'

સચિને મુલાકાતમાં એવું પણ કહ્યું હતું કે 'ટાઇગર પટૌડી અનેક પેઢીના ખેલાડીઓ માટે પ્રેરક બન્યા છે એ ક્યારેય ન ભૂલાવું જોઈએ. જોકે હવે તેમના નામ બાબતમાં જે નિર્ણય લેવાયો એ બદલ હું ખુશ છું.'

પટૌડીનું નામ આ શ્રેણી સાથે સંકળાયેલું જ રહેશે. એવું નક્કી કરવામાં આવ્યું છે કે સિરીઝની ટ્રોફી 'ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી' તરીકે ઓળખાશે અને વિજેતા કૅપ્ટનને 'પટૌડી મેડલ' આપવામાં આવશે.

સચિને બીસીસીઆઇના ભૂતપૂર્વ સેક્રેટરી અને આઇસીસીના વર્તમાન ચૅરમૅન જય શાહ તેમ જ બ્રિટિશ ક્રિકેટ બોર્ડના મોવડીઓ સાથે ઘણી ચર્ચા કર્યા કરી હતી જેને પગલે ' પટૌડી મેડલ'ને લગતો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સચિને પીટીઆઇને કહ્યું, 'મેં પટૌડી પરિવારમાં ફોન કરીને તેમની સાથે ઘણી ચર્ચા કરી હતી જેમાં મેં તેમને કહ્યું હતું કે પટૌડીની પરંપરા જીવંત રહેવી જ જોઈએ અને એ માટે હું મારાથી બનતા બધા જ પ્રયત્નો કરીશ. ત્યાર બાદ મેં તરત જ જય શાહને તેમ જ બ્રિટિશ ક્રિકેટ બોર્ડના મોવડીઓ સાથે પણ ફોન પર ચર્ચા કરી હતી અને મારા વિચારો શૅર કર્યા હતા. શ્રેણીના વિજેતા સુકાનીને પટૌડીના નામનું મેડલ આપવાનું નક્કી થયું એ મને બહુ ગમ્યું. મેં ફોન-કૉલ્સ કરીને જે ચર્ચાઓ કરી એનું સકારાત્મક પરિણામ આવ્યું. ટ્રોફીને ઍન્ડરસન-તેન્ડુલકર નામ આપવાનું બન્ને દેશના ક્રિકેટ બોર્ડે નક્કી કર્યું અને પટૌડી મેડલનો આરંભ કરવાનો નિર્ણય પણ આ જ બે ક્રિકેટ બોર્ડે સંયુક્ત રીતે લીધો એ મને બહુ ગમ્યું.' ■

# સાઇ સુદર્શન ડેબ્યૂ ઇનિંગ્સમાં ઝીરોમાં આઉટ થનાર ભારતનો પ્રથમ વનડાઉન બૅટ્સમૅન

## ભારતનો ૩૧૭મો ટેસ્ટ-પ્લેયર બન્યોઃ પુજારાના હાથે મળી ટેસ્ટ-કૅપ

લીડ્સઃ ટેસ્ટ-ક્રિકેટ રમવાનું બૅટ્સમૅન સાઇ સુદર્શનનું વર્ષોનું સપનું હતું જે શુક્રવારે અહીં ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટ સાથે પરિપૂર્ણ થયું અને તેણે ગૌરવપૂર્ણ ટેસ્ટ કૅપ પીઢ ક્રિકેટર અને ટેસ્ટ સ્પેશિયાલિસ્ટ તરીકે જાણીતા ચેતેશ્વર પુજારાના હસ્તે મેળવી હતી, પરંતુ સુદર્શન માટે આ ડેબ્યૂ નિરાશાજનક રહ્યું. ભારતનો બૅટ્સમૅન ટેસ્ટમાં ડેબ્યૂ કર્યા બાદ ત્રીજા નંબર પરની બૅટિંગમાં શૂન્યમાં આઉટ થયો એવું ભારતના ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં પહેલી જ વખત બન્યું છે.

તેણે ડોમેસ્ટિક ક્રિકેટના પ્રશંસનીય પર્ફોર્મન્સ બાદ તાજેતરની આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સ વતી ૧૫ મૅચમાં ૭૫૯ રન કર્યા હતા એને આધારે તેને ટેસ્ટ ટીમમાં સમાવવામાં આવ્યો છે. તે પોતાના ચોથા જ બૉલમાં હરીફ ટીમના સુકાની બેન સ્ટૉક્સને વિકેટ આપી બેઠો હતો. વિકેટકીપર જૅમી સ્મિથે તેનો કૅચ ઝીલ્યો હતો.

સ્ટૉક્સના લેગ-સ્ટમ્પ પરના બૉલને સુદર્શન ફ્લિક કરવા ગયો હતો, પણ તેનું ટાઇમિંગ સારું નહોતું જેને કારણે બૉલ તેના બૅટની ધારને લાગ્યા બાદ વિકેટકીપર તરફ ગયો હતો જેણે કૅચ ઝીલવામાં કોઈ જ ભૂલ નહોતી કરી.

સુદર્શન ભારતનો ૩૧૭મો ટેસ્ટ-ક્રિકેટર બન્યો છે. જોકે તેના માટે શરૂઆત સારી નથી રહી. ડેબ્યૂ ઇનિંગ્સમાં ભારતનો ટૉપ-થ્રીમાં બૅટિંગ કરનાર બૅટ્સમૅન ઝીરોમાં આઉટ થયો હોય એવું ત્રીજી વખત બન્યું છે. ક્રિષ્નામાચારી શ્રીકાંત (૧૯૮૧માં) અને દેવાંગ ગાંધી (૧૯૯૯માં) ટેસ્ટની ઓપનિંગ ઇનિંગ્સમાં ઓપનિંગમાં શૂન્યમાં આઉટ થયા હતા. એકંદરે, સુદર્શન ડેબ્યૂ ઇનિંગ્સમાં ઝીરોમાં આઉટ થનાર ભારતનો ૨૯મો પ્લેયર છે.





ભારતનો બૅટ્સમૅન ટેસ્ટમાં ડેબ્યૂ કર્યા બાદ ત્રીજા નંબર પરની બૅટિંગમાં શૂન્યમાં આઉટ થયો એવું ભારતના ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં પહેલી જ વખત બન્યું છે

### ડેબ્યૂ ટેસ્ટના દાવમાં શૂન્ય પર આઉટ થનાર ભારતીય ખેલાડીઓ

(૧) ચંદુ સરવટે, ૧૯૪૬
(૨) જેની ઇરાની, ૧૯૪૭
(૩) એસ. એ. બૅનર્જી, ૧૯૪૮
(૪) ગુલામ અહમદ, ૧૯૪૮
(૫) સુભાષ ગુપ્તે, ૧૯૫૧
(૬) ગુલાબરાય રામચંદ, ૧૯૫૨
(૭) જસુભાઈ પટેલ, ૧૯૫૫
(૮) મનોહર હાર્ડિકર, ૧૯૫૮
(૯) વેન્કટપ્પા મુથૈયા, ૧૯૫૯
(૧૦) મનમોહન સૂદ, ૧૯૬૦
(૧૧) ભાગવત ચંદ્રશેખર, ૧૯૬૪
(૧૨) ઉમેશ કુલકર્ણી, ૧૯૬૭
(૧૩) એકનાથ સોલકર, ૧૯૬૯
(૧૪) ગુંડપ્પા વિશ્વનાથ, ૧૯૬૯
(૧૫) ધીરજ પરસાણા, ૧૯૭૯
(૧૬) કૃષ્ણમાચારી શ્રીકાંત, ૧૯૮૧
(૧૭) મનિન્દર સિંહ, ૧૯૮૨
(૧૮) રાશીદ પટેલ, ૧૯૮૮
(૧૯) વિવેક રાઝદાન, ૧૯૮૯
(૨૦) એબી કુરુવિલા, ૧૯૯૭
(૨૧) વિજય ભારદ્વાજ, ૧૯૯૯
(૨૨) દેવાંગ ગાંધી, ૧૯૯૯
(૨૩) રૉબિન સિંહ, ૧૯૯૯
(૨૪) અજય રાત્રા, ૨૦૦૨
(૨૫) પાર્થિવ પટેલ, ૨૦૦૨
(૨૬) વૃદ્ધિમાન સાહા, ૨૦૧૦
(૨૭) આર. અશ્વિન, ૨૦૧૧
(૨૮) ઉમેશ યાદવ, ૨૦૧૧
(૨૯) સાઇ સુદર્શન, ૨૦૨૫ ■

# હૉકી ખેલાડીઓને દર મહિને ₹ ૨૫,૦૦૦નું ભથ્થું

નવી દિલ્હીઃ ક્રિકેટ ભારતમાં સૌથી લોકપ્રિય રમત છે, પરંતુ ભારતે હૉકી જેવી સિદ્ધિ (ઑલિમ્પિક્સના આઠ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૩ ચંદ્રક) બીજી કોઈ રમતમાં નથી મેળવી અને એ જ ભારતીય હૉકીમાં પહેલી વાર ખેલાડીઓ માટે એક અભૂતપૂર્વ નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં ખેલકૂદ મંત્રાલય તરફથી દર મહિને રાષ્ટ્રીય શિબિરમાં સામેલ (પુરુષ અને મહિલા) પ્રત્યેક ખેલાડીને મહિને ૨૫,૦૦૦ રૂપિયાનું ભથ્થું આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

હૉકીની ગવર્નિંગ બૉડી તરફથી વારંવાર વિનંતી કરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવાયો હોવાનું પીટીઆઇના અહેવાલમાં જણાવાયું હતું.

ટાર્ગેટ ઑલિમ્પિક પૉડિયમ સ્કિમ (ટીઓપીએસ-ટૉપ્સ) હેઠળ નક્કી કરવામાં આવેલા ઍથ્લીટોને અલાવન્સ આપવામાં આવે છે અને એ મુજબ પુરુષ વર્ગના ૪૦ અને મહિલા વર્ગના ૪૦ હૉકી ખેલાડીને આ ભથ્થું આપવામાં આવશે.

ગુરુવારે મિશન ઑલિમ્પિક સેલની મીટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો જે મુજબ સરકારને આ ખેલાડીઓના ભથ્થા પાછળ કુલ ૨૦ લાખ રૂપિયાનો ખર્ચ થશે.

ઉલ્લેખનીય છે કે મુખ્ય ઍથ્લીટોવાળું જે ગ્રૂપ હોય એમાંના દરેક ઍથ્લીટને મહિને ૫૦,૦૦૦ રૂપિયાનું ભથ્થું આપવામાં આવે છે.

સ્પોર્ટ્સ મિનિસ્ટર મનસુખ માંડવિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે ' હૉકી ઇન્ડિયા અમને થોડા સમયથી ખેલાડીઓ માટેના ભથ્થાં વિશે વિનંતી કરી રહ્યું હતું અને અમે તેમની એ માગણી સ્વીકારી લીધી છે. આ ખેલાડીઓએ ઘણું સારું પર્ફોર્મ કર્યું છે અને તેમને મેરિટને આધારે ભથ્થું આપવાનો નિર્ણય લેવાયો છે.'

હૉકી ઇન્ડિયાએ આ ભથ્થાને લગતા ફંડ માટે ખેલકૂદ મંત્રાલયને દર મહિને ખેલાડીઓની યાદી આપવી પડશે.

હૉકી ખેલાડીઓ હાલમાં જે વિભાગ કે સંસ્થામાં નોકરી કરી રહ્યા હોય તેમના તરફથી તેમને પગાર મળે છે. હૉકી ઇન્ડિયાએ પ્લેયર્સ માટે ગ્રેડ આધારિત કૉન્ટ્રેક્ટ સિસ્ટમની દરખાસ્ત સરકારને કરી છે, પરંતુ એના પર હજી વિચારણા થઈ રહી છે. ■

## દેશ-વિદેશ

# લૉસ એન્જેલસમાં નેશનલ ગાર્ડ્સ મોકલવાનું ટ્રમ્પનું પગલું યોગ્યઃ કોર્ટ

લૉસ એન્જલસઃ અહીંની અપીલ્સ કોર્ટે ગુરુવારે આપેલા ચુકાદામાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે 'ઇમિગ્રેશન રેડ્સ' સામેની હિંસાને રોકવા માટે લૉસ એન્જલસ ખાતે નેશનલ ગાર્ડ્સની ટુકડી મોકલવા લીધેલું પગલું અને ટુકડી પરના તેમના નિયંત્રણને યોગ્ય ઠેરવ્યું હતું.

ટ્રમ્પે અપીલ્સ કોર્ટના આ ચુકાદાને પોતાનો મોટો વિજય ગણાવ્યો હતો.

અગાઉ, નીચલી અદાલતના એક ન્યાયાધીશે આ કિસ્સામાં આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે ટ્રમ્પે કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમના અભિપ્રાયની વિરુદ્ધ જઇને સૈનિકો મોકલવાનું લીધેલું પગલું ગેરકાયદે હતું.

ટ્રમ્પે ગવર્નરની પરવાનગી વગર નેશનલ ગાર્ડ્સને લૉસ એન્જલસમાં મોકલવાનું લીધેલુ પગલું અમેરિકાના ઇતિહાસમાંનું ૧૯૬૫ બાદનું સૌપ્રથમ હતું.

અમેરિકાની અપીલ્સ માટેની નવમી સર્કિટ કોર્ટના ત્રણ ન્યાયાધીશે સર્વાનુમતે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે ટ્રમ્પે નેશનલ ગાર્ડ્સની ટુકડી લૉસ એન્જલસ ખાતેની હિંસાને ડામવા મોકલવા માટે લીધેલું પગલું યોગ્ય હતું.

અદાલતે જણાવ્યું હતું કે લૉસ એન્જલસમાં દેખાવકારોએ સુરક્ષા અધિકારીઓ પર પથ્થરો અને બાટલીઓ ફેંકી હતી અને તેને લીધે અનેક સરકારી ઇમારતો બંધ કરી દેવી પડી હતી. આવા સમયે ટ્રમ્પે હિંસાને રોકવા માટે નેશનલ ગાર્ડ્સની ટુકડી મોકલવાનું લીધેલું પગલું યોગ્ય ગણાય. ગવર્નર પાસે પ્રમુખના નિર્ણયને રદ કરવાની કોઇ સત્તા નથી. (એજન્સી) ■

# નાસાએ ભારતીય અવકાશયાત્રીને લઈ જનારા એક્સિઓમ-૪ મિશનના રવિવારના લોન્ચિંગને ફરી મુલતવી રાખ્યું

નવી દિલ્હીઃ રશિયન વિભાગમાં તાજેતરમાં થયેલા સમારકામ પછી ઓર્બિટલ લેબ પર કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે વધારાના સમયની જરૂર હોવાનું કારણ દર્શાવીને નાસાએ ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને ત્રણ અન્યને લઈને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર જનારા એક્સિઓમ-૪ મિશનના રવિવારના લોન્ચિંગને મુલતવી રાખ્યું છે.

સ્પેસએક્સના ફાલ્કન-૯ રોકેટના બૂસ્ટરમાં લીકેજ, ચઢાણ માર્ગમાં ખરાબ હવામાન અને ઝવેઝદા સર્વિસ મોડ્યુલના પાછળના ભાગમાં લીકેજને કારણે ઘણી વખત મુલતવી રાખ્યા બાદ એક્સિઓમ-૪ મિશન ૨૨ જૂને લોન્ચિંગ કરવાનું હતું.

ઓર્બિટલ લેબોરેટરીના ઝવેઝદા સર્વિસ મોડ્યુલના પાછળના મોટાભાગના ભાગમાં તાજેતરના સમારકામ કાર્ય પછી આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની કામગીરીનું મૂલ્યાંકન કરવાનું ચાલુ રાખવા માટે નાસાને વધારાના સમયની જરૂર છે, એમ તેણે જણાવ્યું હતું.

સ્પેસ સ્ટેશનની એકબીજા સાથે જોડાયેલી અને પરસ્પર નિર્ભર સિસ્ટમોને કારણે, નાસા ખાતરી કરવા માગે છે કે સ્ટેશન વધારાના ક્રૂ સભ્યો માટે તૈયાર છે, અને એજન્સી ડેટાની સમીક્ષા કરવા માટે જરૂરી સમય લઈ રહી છે, એમ એક્સિઓમ સ્પેસના નિવેદનમાં જણાવાયું છે.

નાસાના ભૂતપૂર્વ અવકાશયાત્રી અને એક્સિઓમ સ્પેસ ખાતે માનવ અવકાશ ઉડાનના ડિરેક્ટર, પેગી વ્હિટસન, વાણિજ્યિક મિશનનું નેતૃત્વ કરશે, જ્યારે શુક્લા પાઇલટ તરીકે સેવા આપશે. ■

# દિલ્હી સરકાર શહેરમાં ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ માટે ધારાવી મોડેલનો અભ્યાસ કરશે

નવી દિલ્હી : દિલ્હીના મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ શુક્રવારે જણાવ્યું હતું કે દિલ્હી સરકાર રાષ્ટ્રીય રાજધાનીમાં ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ માટે મુંબઈના ધારાવી મોડેલનો અભ્યાસ કરવાનું વિચારી રહી છે. તેમણે કહ્યું કે તેમની સરકાર રાષ્ટ્રીય રાજધાનીમાં ૬૭૫ ઝૂંપડપટ્ટી વિસ્તારના પુનર્વિકાસ માટે મુંબઈના ધારાવી મોડેલનો અભ્યાસ કરે તેવી શક્યતા છે.

મુંબઈના હૃદયમાં આવેલી વિશાળ ઝૂંપડપટ્ટી ધારાવીનો પુનર્વિકાસ અદાણી ગ્રૂપ અને મહારાષ્ટ્ર સરકાર વચ્ચેના સંયુક્ત સાહસ દ્વારા સ્થાપિત સ્પેશિયલ પર્પઝ વ્હીકલ દ્વારા કરવામાં આવશે.

ગુપ્તાએ એવો પણ દાવો કર્યો હતો કે કેટલાક લોકો દિલ્હીમાં ઝૂંપડપટ્ટીના ક્લસ્ટરોના તોડી પાડવા અંગે ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. ''જો તમે રેલ્વે લાઇન પાસે ઘર બનાવશો, તો મુખ્ય પ્રધાન તમને બચાવશે નહીં. હું લોકોને સલામતી અને સુરક્ષા વિશે વિચારવા વિનંતી કરું છું. જો કોઈ રેલવે અકસ્માત થાય અથવા કોઈ રેલવે ટ્રેક પર મૃત્યુ પામે, તો કોણ જવાબદાર રહેશે?'' એવો તેમણે સવાલ પૂછ્યો હતો. ગુપ્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઘરો તોડી પાડવાનું તેમની સરકારનું લક્ષ્ય નથી, પરંતુ એવું ન થવું જોઈએ કે આપણે ઘરો આપતા રહીએ અને લોકો ઝૂંપડપટ્ટી ખાલી ન કરે. ■

# મણિપુરમાં સાત ઉગ્રવાદીઓની ધરપકડ

ઇમ્ફાલઃ મણિપુરમાં સુરક્ષા દળોએ વિવિધ પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા સાત ઉગ્રવાદીઓની ધરપકડ કરી હતી. આ જાણકારી પોલીસે શુક્રવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર તમામ ધરપકડ બુધવાર અને ગુરુવારના રોજ ઇમ્ફાલ પશ્ચિમ, તેંગનૌપાલ, કાકચિંગ અને વિષ્ણુપુર જિલ્લામાંથી કરવામાં આવી હતી. એક અધિકારીએ જણાવ્યું કે પ્રતિબંધિત પીપલ્સ લિબરેશન આર્મીના બે સક્રિય કાર્યકરોની ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લાના વાંગોઇ બજારમાંથી ધરપકડ કરવામાં આવી છે.

કેન્દ્રીય દળોએ તેંગનૌપાલ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ પર બોર્ડર પિલર ૮૭ની આસપાસથી પ્રતિબંધિત યુનાઇટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ(કોઇરેંગ) અને પ્રતિબંધિત પીઆરઇપીએકે(પ્રો) સાથે જોડાયેલા એક-એક વ્યક્તિની ધરપકડ કરી હતી. એક અન્ય પોલીસ અધિકારીએ જણાવ્યું કે પ્રતિબંધિત કેસીપી(પીડબ્લ્યુજી)ના એક સક્રિય સભ્યની કાકચિંગ જિલ્લાના સેકમાઇજિંગ ખુનો વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આરોપી ખીણ વિસ્તારમાં ખંડણીની પ્રવૃત્તિઓમાં સામેલ હતો.

પ્રતિબંધિત કેસીપી(પીએસસી)ની એક મહિલા કેડરની બુધવારે ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના ફાકનંગ થોંગખોંગમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પ્રતિબંધિત સંગઠન પ્રેપાકના એક અન્ય સક્રિય સભ્યની બિષ્ણુપુર જિલ્લાના ક્વાક્તા તેરાખોંગશાંગબી બજારમાંથી ખંડણી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું કે બુધવારે તેમના નિવાસસ્થાનેથી હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે મણિપુરમાં બે વર્ષ પહેલા વંશીય હિંસા ફાટી નીકળ્યા બાદથી સુરક્ષા દળો સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. મે ૨૦૨૩થી મેઇતેઇ અને કુકી-ઝો જૂથો વચ્ચે વંશીય હિંસામાં ૨૬૦થી વધુ લોકોનાં મોત થયાં છે. જ્યારે હજારો લોકો બેઘર થયા છે. ■

## ૧૭. જગ્યા આપવી છે

**''દહિસર''**

''ભાડેથી 1 બેડરૂમ - 19,000/- વેચાણમાં - 70,00,000/-, 2 બેડરૂમ - 1,20,00,000/- '' :- 7021281534. (૩૫-બી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

સ્પેશિયસ 3 BHK, 1221' કારપેટ, હાયરફલોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, વેસ્ટ સાઈડ ઓપન વ્યુ, OC અને પાર્કિંગ સાથે, રામમંદિર રોડ, જૈન દેરાસર અને માર્કેટ નજીક, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 જતીન વીરા - 9119512675. (જેપી-૫૦૦૦/ઈ)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**

વેચાણથી 3 BHK, 938' કારપેટ, હાયરફલોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, નવું બિલ્ડીંગ 2 પાર્કિંગ અને OC સાથે, આશા પારેખ હોસ્પિટલ પાસે. ધીરેન ગડા - 9594925992 જતીન વીરા - 9119512675. (જેપી-૫૦૦૦/એફ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી, 1 BHK, 485' કારપેટ, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, 1 પાર્કિંગ સાથે, તેજપાલ રોડ, ZEE નોલેજની બાજુમાં. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 જતીન વીરા - 9119512675. (જેપી-૫૦૦૦/જી)

**ચેમ્બુર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી - વેચાણથી લેવા - આપવા વર્ધમાન પ્રોપર્ટીઝ - ૯૯૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૬૧૩૨)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદન નવું બિલ્ડીંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૬૧૩૩)

**શાંતાક્રુઝ/ખાર/બાંદ્રા (વેસ્ટ)**

૧/૨/૩ બેડરૂમના ફ્લેટો આઉટરાઈટ / લીઝથી - લેવા/વેચવા સંપર્ક: ''ભોલી દત્તા'' 98202 91345. (બી-૧૬૧૩૪)

**કાંદિવલીથી - દહીંસર**

1, 2, 3 બેડરૂમના ફ્લેટ, ઓફીસ, દુકાન, વેચાણથી / ભાડેથી લેવા / આપવા. નવકાર - 9323821471. (બી-૧૬૧૩૬)

**કેમ્પ્સ કોર્નર**

2 બેડરૂમ 850' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ - 4,50,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૫૩૬૪/સી)

**વાલકેશ્વર**

2 બેડરૂમ 920' - પાર્કિંગ - સીવ્યુ 6,25,00000/= નેગોશીએબલ. શાહ - 9820068382. (૧૫૩૬૪/સી)

**ગામદેવી**

2½ બેડરૂમ 825' - પાર્કિંગ - સીવ્યુ 4,50,00000/=. શાહ - 9820068382. (૧૫૩૬૪/સી)

**નાનાચોક**

2½ બેડરૂમ - 970' - કાર્પેટ - 2 પાર્કિંગ ફર્નીસ્ટ 7,50,00,000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૬૪/બી)

**કેમ્પસ કોર્નર**

2 બેડરૂમ- 1050' કાર્પેટ- ગેરેજ- પાર્કીંગ 6,25,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૬૪/એ)

**તારદેવ**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ- 3,50,00,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૬૪/બી)

**મલબારહીલ**

6 બેડરૂમ - 3500' - 2- ગેરેજ- પાર્કિંગ - સી.વ્યુ. 30,00,00,000/= 9820068382. (૧૫૩૬૪/એ)

**વાલકેશ્વર**

રીઝ રોડ 3500' 5 બેડરૂમ-પાર્કીંગ- સીવ્યું- 35,0000000/= 9820068382. (૧૫૩૬૪/એ)

**નેપેન્સી**

4 બેડરૂમ- 3500' ટેરેશ- સી.વ્યુ.- પાર્કિંગ 35,0000000/= શાહ - 9820068382. (૧૫૩૬૪/એ)

**ચોપાટી**

**ન્યુ ટાવર, 2 BHK રેરા કાર્પેટ 800 સ્કે ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.5 CR વેચવાનું છે. 8080753577. (Time: 10-6) (દલાલ માફ) (બી-૧૬૧૩૯)**

**વડાલા**

ભવિષ્યનો સિંગાપોર તૈયાર બે ત્રણ બેડરૂમ લીફ્ટ અઢીથી ત્રણ કરોડ. વિનોદ: 9892980593. (બી-૧૬૧૪૩)

**વિલેપાર્લે ઈસ્ટ**

પ્રાઈમ લોકેશન ઉપર વેચવાના છે. ૧ બેડરૂમના ૩૦ ફ્લેટ્સ, ૨ બેડરૂમના ૫૦ ફ્લેટ્સ, ૩ બેડરૂમના ૪૦ ફ્લેટ્સ (અલગ લોકેશન). 0% બ્રોકરેજ. નામદેવ 9322671121. (એસડીબી-૨૬૯૬)

**અંધેરી ઈસ્ટ**

પિન્કી ટોકીઝ નજીક આઉટરાઈટથી 2BHK 650, 3 BHK 900 કારપેટ ''રિમા એસ્ટેટ'' 9820000627/ 7045660627. (એસડીબી-૨૬૯૪)

**અંધેરી વેસ્ટ**

**1 BHK 50,000 ભાડાથી એક્સર મઠ લેન S.V. Road પ્રાઈમ લોકેશનમાં Flats-OFFICE લેવા - આપવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૬૯૩)**

**અંધેરી ઈસ્ટ**

વિશાલહોલ નજીક આઉટરાઈટથી 2 બેડરૂમ, 725/ 623 કાર્પેટ ''રિમા એસ્ટેટ'' 9820000627/ 7045660627. (એસડીબી-૨૬૯૨)

## ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા (ઈસ્ટ)**

વેચાણથી. ૧ બેડરૂમ, હોલ, કિચન, 560', ફર્નીશ, લીફ્ટ, ૧ કાર પાર્કિંગ, રજીસ્ટર્ડ સોસાયટી, OC છે. આશીષ- 9136655744. (૩૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી. તિલક રોડ, ૨ બેડરૂમ, હોલ, કિચન- 740' કારપેટ. 9821069113, 9870769113. (૩૯-એ)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**

જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧.૩૦ લાખ (નેગોશીએબલ) 9136430653. (એસડીબી-૨૬૮૬)

**પેડર રોડ**

ત્રણ બેડરૂમ (૧૭૦૦ કાર્પેટ) (ગેરેજ અને પાર્કીંગ) ૯ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૮૭)

**તારદેવ**

એક બેડરૂમ (હાયર ફ્લોર) (પાર્કીંગ) ૩૫૦ લાખ (નેગોશીએબલ), બે બેડરૂમ (હાયર ફ્લોર) (પાર્કીંગ) ભાડેથી ૧૩૦૦૦૦ (નેગોશીએબલ), (નવુ બિલ્ડીંગ) ત્રણ બેડરૂમ (૧૦૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (બે પાર્કીંગ) ૬૭૫ લાખ (નેગોશીએબલ), ભાડેથી ૧૮૦૦૦૦ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૮૮)

**ગોવાલિયા ટેંક**

એક બેડરૂમ (૬૦૦ કાર્પેટ) ૨૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૮૯)

**બોરીવલી (ઈસ્ટ)**

**SERENITY HEIGHTS, માગાઠાણે, INVESTMENT OPPORTUNITY, રેડી પઝેશન, ફુલ્લી ફર્નિશ્ડ KING SIZE 1 બેડરૂમ, (2 બેડરૂમ કન્વર્ટ થઈ શકે) 600' કાર્પેટ, (1.25 CR.) PRASHANT 8080232426. (૩૪-જી)**

**ઘાટકોપર ઈસ્ટ**

**ડાયરેક્ટ ઓનર**

60' રોડ, New ટાવર, પ્રિમીયમ 2 Bedroom, અનટચ, રેડી પઝેશન ફ્લેટ લેવા. 7208215105. (૪૦-એ)

**બોરીવલીમાં**

1 અને 2 રૂમ કીચનના 3-3 ફ્લેટ જૂના ભાડાની વેચાણ લેવા તથા અન્ય ફ્લેટ લેવા/વેચવા સંપર્ક ભરત જીમુલિયા ૯૩૨૨૨૯૦૧૮૫/૯૬૬૪૫૧૨૬૮૬. (૪૧-ડી)

**પેડર રોડ**

1060' 2 બેડ ફર્નીશ ગ્રાઉન્ડ ફ્લોર, 1,90,000 ભાડે મળશે. દલાલ માફ- 9819569698. (૪૧-સી)

**SOUTH MUMBAI / ATTRACTIVE PRICE**

2 BHK Kemps Corner, 860 Sq. ft. Compound, Parking, Asking 3.71 Cr. Well Maintained, Immediate Possession For Sale / Purchase / Lease 1/2/3/4 BHK, Shop, Office, Showroom, Warehouse. Ashok Turakhia 9820777676. (B-16083)

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in

**GHATKOPAR EAST**

**NEELSIDHI BRINDAVAN**

ON VALLABH BAUG LANE

**3 BHK** LUXURY FLATS

₹ 3.51 CR*. ONWARDS

**READY POSSESSION OC RECEIVED**

98334 69305

(B-16070)

**LALBAG, MAIN ROAD,**

New Bldg with OC, Low maintenance 2 Bed 650 cpt 3.2 Cr. Genuine Seller, 9773038617. (B-16104)

**DISTRESS SALE**

3 BHK at Vile Parle (East) PM Road, 2nd Floor with One Parking Carpet Area 810 Usable 1180, Empty Flat Ready Possession with Lock N Key, Walkable from Station (Price 3.75 Cr). Contact Dilip Jain- 9820268645. (13/B)

**ZERO MAINTENANCE SOCIETY**

1 BHK Flat for Sale + Parking, at Tardeo. Atul, 9820070445, 9920070445. (B-16103)

**ANDHERI (EAST)**

**Near Station, Underconstruction Project with Ultramodern Amenities, Huge 2 Bedroom 864'/ 3 Bedroom 1250'/ 4 Bedroom 2012' Feet Rera Carpet Higher Floor Flats 11.5' Feet Height with Beautiful + Spacious Lobby Space. For Visit : Bharat Parekh : 9920675286. (SDB-2655)**

**KHETWADI**

For Sale - 2 BHK Semi Furnished (627'), 2nd Floor, Ownership, Lift available. Vijay Realtors 9224142227. (32-A)

## ૧૭. જગ્યા આપવી છે

FOR SALE LUXURIOUS 3 BHK Flat fully furnished Shilaj Opp. Taj Ahmedabad. 8153888008. (B-16091)

ONE BHK WEST FACING Flat for Sale in Andheri West. Near Critical Hospital. CA about 470, 4th Floor in good condition. 1.7 Cr. Phone 7977425718. (B-16145)

## ૧૮. જગ્યા જોઈએ છે

■ઓનરશીપ ૫૦૦+ સ્કે. ફૂટ કારપેટ હવાઉજાસવાળી હાયરફ્લોર ઓપેરાહાઉસથી વર્લી વચ્ચે સાઉથ મુંબઈમાં દલાલ માફ 9324027768. (૨૮૨)

**નેપીયંસી**

શાંતિનગર વેચાણથી બે બેડરૂમનો ફ્લેટ જોઈએ છે. વેચનાર પાર્ટી તાત્કાલીક સંપર્ક કરે. હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૯૦)

**કફપરેડથી હાજીઅલી**

જોઈએ 2.5/3 બેડ 7 કરોડમાં. 9819569698. (૪૧-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૭૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- ગુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૦૧૨-એ)**

**દહીંસર**

ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ૩૫૦', ૧૩૦૦', ૬૫૦', વેચાણથી લેવા- દિનેશ- 9324402779. (એસડીબી-૨૬૯૫)

**INDUSTRIAL - PLOTS**

Asangaon - Atgaon Close to Highway, Rly Station, 850 onwards Outright Sale. Contact Madhukar Thakkar 9820016348. (280)

## ૨૦. ધંધાદારી જગ્યા

**માટુંગા (સેન્ટ્રલ)**

ભાઉદાજી રોડ નવા મકાનમાં (મોતીલાલ મેન્શન) મોકાની દુકાન 475' હાઈટ 14' (સેલ્ફ કન્ટેન્ડ) લીવ લાઈસન્સથી રેડી પઝેશન ડોક્ટર, પોલીક્લીનીક, નર્સરી, કલાસીસ તથા ઓફિસ માટે ઉત્તમ 9821392329. (એસએ/૨૬૨૦-એ)

**મલાડ (વેસ્ટ) સ્ટેશન પાસે**

**UNDER CONSTRUCTION કોમર્શિયલ બિલ્ડિંગમાં, 200-400' ઓફિસ (જોડીમાં ઉપલબ્ધ). (IDEAL FOR PROFESSIONALS) 9769605225. (૨૦/ડી)**

**કાંદિવલી પશ્ચિમ**

લિંક રોડ પાસે સારા ભાડે લાગેલી દુકાનો વેચાણથી, કાર્પેટ ૩૨૨, ૪૩૩, ૧૦૦૦. રેન્ટ ૯૦, ૧૦૦, ૨૪૦ K. રેટ ૨.૮, ૩.૮, ૮.૨ Cr. ફુલ પેમેન્ટ. બ્રોકર્સ આવકાર્ય. ઓનર: ૯૮૧૯૮૨૭૭૧૪. (બી-૧૬૦૮૯)

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઈસન્સથી ઓફિસો ડી જે રોડ ૧૧૫૦' 603' 450' 1030' 225' + 225' આપવી છે. એજન્ટ: અશ્વીન મર્ચન્ટ 9819874515. (૭-એ)**

**બાન્દ્રા (વેસ્ટમાં)**

અમારા માનવંતા ડોક્ટર ઘરાકને ૪૦૦' થી ૫૦૦' કન્સલ્ટીંગ રૂમ માટે જગ્યા ભાડેથી જોઈએ છે. સંપર્ક: જીતુભાઈ શાહ: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૭/એ)

**ખાર (પશ્ચિમ)**

**એક્સક્લુઝિવ ઓફિસ સ્પેસ 430' થી 650' RERA કાર્પેટ, આઉટરાઈટ બેસીસ, O.C. સાથે, પ્રાઈમ લોકેશન એસ. વી. રોડ, સ્ટેશનથી વોકેબલ, ધંધા લાયક જગ્યા વેચવાની છે. સંપર્ક: 9987464111/ 8898901997. (૨૭-એ)**

**જોઈએ છે**

(લીઝથી-વેચાણથી) ઈન્ડસ્ટ્રીયલ ગાળા- દુકાનો-ઓફિસો-ફ્લેટો-લોઅરપરેલ/વરલી/પ્રભાદેવી/દાદર/માહિમ/વડાલા/શિવરી/લાલબાગ. ૯૮૨૧૨૬૮૬૯૯. (બી-૧૬૦૨૬)

**અંધેરી (વેસ્ટ)**

વેચાણથી. D.N. નગર, ''ઓફિસો'' (149' થી 610') જોડી/અલગ તથા દુકાન (618') 14' હાઈટ, OC સાથે રેડી પઝેશન. ''નીરજ એસ્ટેટ''- 9821277077. (૨-એ)

**દાદર (વેસ્ટ)**

સ્ટેશનની બાજુમાં, રોડ ફેસીંગ, 2500', મિલીટ્રેડ, બેંકઓફિસ, ક્લાસીસ લાયક જગ્યા, રજે માળે વેચાણથી. જેન્યુઈન પાર્ટી-દલાલ સંપર્ક: 9324406269 (10-1, 5-8). (૧૫૯૯૦-સી)

**ઓફિસ office**

વેચાણથી Swastik House, કાંદિવલી વેસ્ટ સ્ટેશન સામે, 340' કારપેટ 95 લાખ+, -440' કારપેટ, -1.23 કરોડ+, -90% લોન, Jodi office 690' -890' કારપેટ સંપર્ક 9820866563. (જેપી/૪૯૯૯-ડી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**''કાંદિવલી (વેસ્ટમાં)''**

''ફાટક નજીક 60' + 60' કાર્પેટની અઢીને 2 ઓફિસ (11' હાઈટ) પહેલા માળે વેચાણથી આપવાની છે.'' ''ઓનર'' :- 9821119700/9819741105 (બ્રોકર્સ માફ). (૩૫-એ)

**''કાંદિવલી (વેસ્ટમાં)''**

''ચારકોપ સેક્ટર-2-લોફ્ટ (બાલ્કિયું) 150' ભાડેથી આપવાનું.'' ''ઓનર'' :- 9821119700 / 9819741105. (૩૫-સી)

**બોરીવલી (વેસ્ટ)**

**ઠક્કર શોપિંગ મોલ**

**સ્ટેશનની સામે શોપ્સ 100 ફૂટથી 1000 ફૂટની શોરૂમ લાયક જગ્યા ભાડેથી આપવાની છે. (ફોન 11થી 6 કરવો) 022-35729854/ 022-28334910/ 9167999139. (૩૩-બી)**

**PRELEASED OFFICE**

**મહિને 60,000/- ભાડેથી લાગેલી ઓફિસ વેચવાની. (1.44 CR.) (2 પાર્કિંગ સાથે) (300' + 300' LOFT) યુઝેબલ 600', મહાવીર નગર, CROMA, DMART પાસે, કાંદિવલી (વેસ્ટ). Owner - 7666644727. (૩૪-એ)**

**FOR IMMEDIATE SALE / LEASE**

**COMMERCIAL SPACE**

**AT FOUR BUNGLOW, ANDHERI (W)**

Vastu Compliant Square Office 1350 RERA Carpet, 1st Floor, Excellent & Strategic Location, Opp. Kokilaben Hospital with Main Road Frontage for Display, Metro Station 5 Minutes Walking.

IDEAL FOR: Office/ Clinic / Professional / Finance / Insurance / Government Office

**9167327279 / 7021039785**

(SDB-2683)

**બોરીવલી (વેસ્ટ)**

એલ. ટી. રોડ, 185' ઓફિસ (65,00,000/=) વિજય: 9920459827. (૩૩-ડી)

**કાલબાદેવીમાં દુકાન ભાડા પર**

લક્ઝરીયસ બ્રાન્ડ માટે જોઈએ છે, ગ્રાઉન્ડ ફ્લોર, એરિયા 1500 to 2500, વાઈડ ફ્રન્ટેજ પહેલી પસંદ સંપર્ક: શાહ એસ્ટેટ એજન્ટ્સ 098204 94392. (એસડીબીજી-૨૬૮૫)

**દુકાન વેચાણથી**

કાંદિવલી (વેસ્ટ) દહાણુકરવાડી, પ્રાઈમ લોકેશન 220'+ ઓટલો, રેડી પઝેશન લેવા Valia Associates 9619193346. (જેપી-૫૦૦૦/એ)

**ભાંડુપ**

**હેવી ઈન્ડસ્ટ્રીઅલ ગાળો ભાંડુપ કલા ઉદ્યોગનગર LBS માર્ગમાં 1100 ફીટ અને 1030 ફીટ ગ્રાઉન્ડ ફ્લોર 22 ફીટ હાઈટ, પાવર સાથે ભાડેથી/ વેચાણથી મળો: 9892002660 / 9969469931. (બી-૧૬૧૪૨)**

**મસ્જીદબંદર (વેસ્ટ)**

**સ્ટેશન નજીક ઓનરશીપ**

**ઓફિસ કમ વેરહાઉસ વેચવાનું છે. કાઝી સૈયદ સ્ટ્રીટ રોડટચ, ગ્રાઉન્ડ ફ્લોર, (વેલ મેઈન્ટેઈન્ડ સોસાયટી) ગ્રાઉન્ડ 1000' + 500' મેઝેનાઈન, ટોટલ કાર્પેટ એરિયા 1500 સ્કવેર ફીટ માલિક 9619690555. (૩૭-એ)**

**બોરીવલી (વેસ્ટ)**

**ચીકુવાડી, ફોનિક્ષ હોસ્પિટલની સામે, 500' કાર્પેટ + 200' ઓટલો ધરાવતી કમર્શિયલ જગ્યા (અત્યારે બ્રાન્ડેડ હોટલને મહિને 1,50,000/- ભાડેથી આપેલી છે.) વેચવાની (કિંમત 4.5 કરોડ) PRASHANT 8080232426. (૩૪-એફ)**

**LOWER PAREL**

1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2682)



**Commercial Premises at Kalbadevi on LEASE / RENT**

+ 1500 sq ft fully furnished, In the heart of the city
+ Just Beside Girgaon metro station (aqua line)
+ Very near to Marinlines Railway station

Address : Pudhari Bhavan, Nirnay Sagar Compound, Dr. M. B. Welkar Street, Kalbadevi, Mumbai - 2

Contact : Manoj-9765408106 / Shripad-8879579034 / Ranjit-9881191205

(B-16130)

**NEW MARINELINES**

Office. Well Maintained Fully Furnished 2528 feet Sale 5.5 Crore. Ashok Shah 9821036552. (41-B)

**MALAD WEST**

**Office available for Rent Area: 1700 sq ft including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-16140)**



**અનાવરણઃ** દિલ્હીમાં ટૂર્નામેન્ટના લોગો અને મુખવટાના અનાવરણ દરમિયાન દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા, ભાજપનાં સાંસદ અને વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૫નાં બ્રાન્ડ એમ્બેસેડર કંગના રનૌત સહિત મહાનુભાવો. (એજન્સી)

# કટોકટી લાદવા બદલ કૉંગ્રેસે દેશવાસીઓની જાહેરમાં માફી માગવી જોઈએ: વૈંકૈયા નાયડુ

હૈદરાબાદ: વર્ષ ૧૯૭૫માં કૉંગ્રેસ દ્વારા દેશમાં કટોકટી લાદવાનાં લેવામાં આવેલાં પગલાંને કઠોર લેખાવતાં ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુએ કહ્યું હતું કે કટોકટી લાદવા બદલ દેશના સૌથી જૂના પક્ષ કૉંગ્રેસે દેશવાસીઓની જાહેરમાં માફી માગવી જોઈએ.

કટોકટી કાળમાં દેશના નાગરિકોના અધિકારો અને સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવા બદલ કૉંગ્રેસે માફી માગવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

કટોકટીના સમયગાળા દરમિયાન વિશાખાપટનમસ્થિત આંધ્ર યુનિવર્સિટીમાં કાયદાનો અભ્યાસ કરતી વખતે સ્ટુડન્ટ્સ યુનિયનના નેતા રહેલા નાયડુએ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવવા બદલ મારે લગભગ દોઢ વર્ષ જેટલો સમય જેલમાં રહેવું પડ્યું હતું.

કટોકટી એ તત્કાલીન સરકારનું કઠોર પગલું હતું અને એ બદલ કૉંગ્રેસે માફી માગવી જોઈતી હતી એમ જણાવતાં નાયડુએ કહ્યું હતું કે કૉંગ્રેસે પસ્તાવાની લાગણી અનુભવવી જોઈતી હતી, પરંતુ કટોકટી લાદવા બદલ કૉંગ્રેસને ક્યારેય પસ્તાવો નથી થયો અને તેણે ક્યારેય દેશવાસીઓની માફી નથી માગી.

કટોકટીના પચાસમાં વરસે કૉંગ્રેસે એ બદલ જાહેરમાં દેશવાસીઓની માફી માગી લેવી જોઈએ, એમ નાયડુએ કહ્યું હતું. કટોકટી દરમિયાન તમામ નાગરિકોની સ્વતંત્રતા અને અધિકારો છીનવી લેવામાં આવ્યા હતા તેમ જ ન્યૂઝ પેપર પર સેન્સરશિપ મુકવામાં આવી હતી અને પ્રેસ કાઉન્સિલ એક્ટમાં પણ સુધારો કરવામાં આવ્યો હતો.

વર્ષ ૧૯૭૫ની પચીસમી જૂને દેશમાં કટોકટી લાદવામાં આવી હતી. (એજન્સી) ■

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**

''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બધૈ'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૬૦૦૦-એ)

**હાસ્ય ધમાકો**

**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્નગીત + ગેમ્સ. 9820464530. (૩૬-એ)**

## ૩૧. નાણાંકીય

**PHYSICAL SHARES, INHERItance Shares, IEPF matter please contact for Trustful Guidance: 8910897049. (SDBG-2671)**

## ૩૨. જમીન-મિલકત

■ થાણે જિલ્લાના બોરીવલી ગામ ખાતે તાત્કાલિક ખેતર વેચવાનું છે કુલ ૬ એકર, વર્ગ-1, ખેતી હોવાનું ક્લિયર ટાઈટલ છે તાત્કાલિક વેચાણ. ૯૮૨૨૭૨૪૮૯૬. (બી-૧૬૧૫૧)

AT DEONAR FARM ROAD, Bungalow, 3.5 Bedroom, Garage, Garden, Terrace for Sale. Clear Title. 5.11 Crores. Call 7738964338 / 9819300359. (B-16125)

**AGRICULTURE PLOT SALE AT KARJAT**

**Agricultural Plot 30000 sq.ft. Rate 275/= per sq.ft. available for Sale. Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner. Ideal for Resort, Farmhouse, Home Stay, etc. Contact: 9821114355 / 9321807605. (15992-G)**

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૧૯૬)

**'કેસર કેરી'**

વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

પ્રોપર્ટી વેલ્યુએશન

સોસાયટી ફોર્મેશન

PR કાર્ડ / CTS પ્લાન

પ્રોપર્ટી ટેક્સ

પોઈંટ એડવાઈઝરી

**9029077715**

(બી-૧૬૦૯૨)

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583/ 9892298963. (૧૩/સી)

**એકાઉન્ટ**

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૬૧૦૭)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૧૩૮)

**ONLINE REGISTRATION**

Flat / Shop Leave & License. Call: 9833986526 / 8652586526. (SDB-2662)

**WE DO**

**Filing of Income Tax, TDS Return. Home Loan. "Anjali" : 9324521219. (15936-A)**

STRUCTURAL AUDIT, REpair Consultancy, Thermography, Civil, Waterproofing, Plumbing, Painting. - 9222212231. (B-16060)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**આસ્થા એસ્ટ્રો સેંટર**

**જીવનમાં મુંઝવતી તમામ મુશ્કેલીના સમાધાન માટે આજે જ મળો ગોરેગાંવમાં. સંપર્ક: 9323989491. (૩૪-સી)**

**TOTAL સમાધાન**

ફોન ઉપર- લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છૂટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૮૦)

## ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA [Only Male] Speak perfect English Have USA Visa Be able to Drive Car Must be connected with the Diamond Market. Position is to work 6-8 months per year in USA Selling Diamond Jewellery. (2-3 trips of 2-3 months each) Contact Premal: +91 79774 27785. (B-16097)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૫૯૯૨-એ)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ એક્સપર્ટ**

બિલ્ડિંગ રીપેરીંગ, છજ્જા, ટેરેસ, બાથરૂમ, આઉટસાઈડ વોલ. 7977141377. (૧૫૩૫૦-બી)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૭૯૭૯, ૭૦૨૦૮૦૧૫૧૫. (૧૫૯૭૫-એ)

# ઈરાન પાસેથી ગુરુ ગ્રંથસાહેબની નકલ પાછી મેળવવા ઝડપી પગલાં લો

## એનએપીએની એસજીપીસીને વિનંતી

ચંડીગઢ: યુદ્ધગ્રસ્ત ઈરાનના તહેરાન ખાતે રાખવામાં આવેલી ગુરુ ગ્રંથસાહેબની પવિત્ર નકલ સુરક્ષિત રીતે પાછી મેળવવા ઝડપી પગલાં લેવાની નોર્થ અમેરિકન પંજાબી એસોસિયેશન (એનએપીએ)એ શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી (એસજીપીસી)ને શુક્રવારે વિનંતી કરી હતી.

ગુરુ ગ્રંથસાહેબની પવિત્ર નકલ સંપૂર્ણ આદર સહિત સુરક્ષિત રીતે દેશમાં પાછી લાવવા ચાર્ટર્ડ વિમાનની વ્યવસ્થા કરવાની અને એ માટે પાંચ સમર્પિત શીખના જૂથની રચના કરવાની એસોસિયેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સતનામસિંહ ચહલે એસજીપીસીને વિનંતી કરી હતી. ભાઈ ગંગાસિંહ સભા ગુરુદ્વારા ઈરાનની રાજધાની તહેરાનની ભાગોળે આવેલું છે.

દરમિયાન ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું હોવા વચ્ચે એસજીપીસીના જનરલ સેક્રેટરી ગુરચરણસિંહ ગ્રેવાલે શુક્રવારે કહ્યું હતું કે ઈરાનસ્થિત ગુરુદ્વારાની સુરક્ષા અને ગુરુ ગ્રંથસાહેબની પવિત્ર નકલ પાછી લાવવા ગુરુદ્વારાના મેનેજમેન્ટે કેન્દ્ર સરકારને અગાઉ જ વિનંતી કરી દીધી છે.

એસજીપીસીના પ્રમુખ હરજિન્દરસિંહ ધામીએ ગુરુવારે ભારપૂર્વક કહ્યું હતું કે શીખ સમુદાય ગુરુ ગ્રંથસાહેબ માટે સર્વોચ્ચ આદર ધરાવે છે અને તેનો આદર તેમ જ સુરક્ષા જળવાય તેની ખાતરી કરવી શીખ સમુદાય માટે સૌથી મહત્ત્વની બાબત છે.

ઈરાન-ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે તેવા સમયે ગુરુદ્વારાની સુરક્ષા અને ગુરુ ગ્રંથસાહેબની પવિત્ર નકલ સુરક્ષિત અને આદરપૂર્વક પાછી લાવવાની ખાતરી કરવાની જવાબદારી સરકારની છે, એમ તેમણે કહ્યું હતું.

ગુરુદ્વારા કે ગુરુ ગ્રંથસાહેબને કોઈપણ પ્રકારની હાનિ ન પહોંચે તેની ખાતરી કરવા ભારતે તમામ રાજદ્વારી સંબંધો અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મનો ઉપયોગ કરવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

એસજીપીસીની અપીલને ચહલે સમર્થન આપ્યું હતું અને ભારપૂર્વક કહ્યું હતું કે આ મામલે સ્વતંત્ર રીતે પગલાં લેવાં એ સંસ્થાની નૈતિક જવાબદારી છે.

કેન્દ્ર સરકાર પર સંપૂર્ણ આધાર રાખવાનો આ સમય નથી. આ કામમાં જરા જેટલો વિલંબ પણ ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન કરી શકે છે, એમ તેમણે કહ્યું હતું.

ચહલે ચેતવણી આપતાં કહ્યું હતું કે કેન્દ્ર સરકારના નિર્ણય પર આધાર રાખવો જોખમી વિલંબમાં પરિણમી શકે છે. તાલિબાને અફઘાનિસ્તાન પર કબજો મેળવ્યા બાદ વર્ષ ૨૦૨૧માં ગુરુ ગ્રંથસાહેબની પવિત્ર નકલને સુરક્ષિત રીતે પાછી લાવવા કેન્દ્ર સરકારે વિશેષ વ્યવસ્થા કરી હતી. (એજન્સી) ■

# ટ્રિગર ટ્રમ્પનું કે આરબીઆઈનું! સેન્સેક્સ ત્રણ દિવસની મંદી ખંખેરી એકાએક એક હજાર પોઇન્ટ ઊંચે ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શેરબજારે સતત ત્રણ દિવસની મંદીને બ્રેક મારીને સપ્તાહના અંતિમ સત્રમાં, શુક્રવારે એક હજાર પોઇન્ટનો જોરદાર ઉછાળો નોંધાવ્યો હતો અને એક્સચેન્જ પર લિસ્ટેડ સ્ક્રિપ્સના કુલ બજારમૂલ્યમાં ચાર લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવા વચ્ચે વિદેશમાં મોટા પ્રમાણમાં સકારાત્મક સંકેત અને નવા વિદેશી મૂડીપ્રવાહથી સ્થાનિક ઇક્વિટીને ટેકો મળ્યો હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું.

નબળી શરૂઆત પછી, સેન્સેક્સ પાછળથી ગતિ મેળવીને સત્રને અંતે ૧,૦૪૬.૩૦ પોઈન્ટ અથવા ૧.૨૯ ટકાના ઉછાળા સાથે ૮૨,૪૦૮.૧૭ પોઇન્ટના સ્તર પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૧૩૨.૬૨ પોઈન્ટ અથવા ૧.૩૯ ટકા વધીને ૮૨,૪૯૪.૪૯ની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૩૧૯.૧૫ પોઈન્ટ અથવા ૧.૨૯ ટકાના ઉછાળા સાથે ૨૫,૧૧૨.૪૦ના સ્તરે બંધ થયા હતો. ઈરાન સાથે અમેરિકાની વાતચીત થવાની ધારણા હોવાથી તાત્કાલિક લશ્કરી કાર્યવાહીનું જોખમ ઘટતાં મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવાથી ઇક્વિટી સૂચકાંકોમાં ઉછાળો આવ્યો હતો.

સેન્સેક્સની કંપનીઓમાંથી, ભારતી એરટેલ, નેસ્લે, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, પાવર ગ્રીડ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એનટીપીસી, ઇટરનલ અને એચડીએફસી બેંક સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા. તેનાથી વિપરીત, એક્સિસ બેંક અને મારુતિ ટોપ લૂઝર રહ્યા હતા. શેરબજારે મિડલ ઇસ્ટની ચિંતા કોરાણે મૂકીને શુક્રવારના સત્રમાં જોરદાર ઉછાળા સાથે રોકાણકારોને રાજીના રેડ કરી દીધા હતા. ઇઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અંગે ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સતત ચિંતીત હોવા છતાં, શુક્રવારે ખાસ કરીને બેંકિંગ અને ઓટો શેરોની આગેવાનીએ ભારતીય ઇક્વિટી બેન્ચમાર્કમાં તીવ્ર ઉછાળો નોંધાવ્યો છે.

મધ્યપૂર્વથી કોઇ અનિચ્છનીય સમાચારો ના આવવાથી પ્રારંભમાં એશિયાઇ બજારોમાં સુધારાના અહેવાલ હતાં જોકે, પાછળથી ઇઝરાયલે ઇરાની પરમાણુ સુવિધાઓને નિશાન બનાવી હોવાના અહેવાલોને પગલે શુક્રવારે એશિયન બજારોની આગેકૂચ મર્યાદિત બની ગઇ હતી. ઇરાન તરફથી બદલો લેવા માટે ડ્રોન અને મિસાઇલ હુમલા કરવામાં આવ્યા હોવાના અહેવાલ પણ હતા.

બજારમાં સુધારા પાછળના મુખ્ય પરિબળોમાં, ટ્રમ્પના સંકેત, આરબીઆઈના નીતિ ફેરફાર અને એફઆઈઆઈની નવી લેવાલીનો સમાવેશ થાય છે. શુક્રવારે સતત ત્રણ સત્રના ઘટાડા પછી, એશિયન બજારોમાં સુધારો અને વિદેશી ભંડોળના પ્રવાહમાં વધારો થયા પછી, ઇક્વિટી બેન્ચમાર્ક શેરઆંકો સવારના સત્રમાં જ લગભગ એક ટકાના તીવ્ર સુધારા સાથે ઊછળ્યા હતા. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઇશર મોટર્સ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફિનસર્વ અને મારુતિ સુઝુકીમાં જોરદાર સુધારો જોવા મળ્યો હતો.

તેજી પાછળના મુખ્ય પરિબળો:

૧) સકારાત્મક એશિયન સંકેતો: જાપાનના નિક્કી ૨૨૫, દક્ષિણ કોરિયાના કોસ્પી, હોંગકોંગના હેંગસેંગ અને ચીનના શાંઘાઈ કમ્પોઝિટ સહિતના મુખ્ય એશિયન બેન્ચમાર્ક ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં ટ્રેડ થઇ રહ્યા હતા. પ્રાદેશિક બજારોમાં મજબૂત વલણથી સ્થાનિક રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો.

૨) એફઆઈઆઈની ખરીદી: ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો ૯૩૪.૬૨ કરોડ રૂપિયાના સ્થાનિક ઇક્વિટીના ચોખ્ખા ખરીદદારો રહ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ પણ ૬૦૫.૯૭ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. વિદેશી રોકાણ પ્રવાહ ચાલુ રહેવાથી સ્થાનિક બજારમાં સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો.

૩) રૂપિયાની મજબૂતાઈ: શરૂઆતના વેપારમાં અમેરિકન ડોલર સામે રૂપિયો ૧૩ પૈસા વધીને ૮૬.૬૦ બોલાયો હતો, જે વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને ગ્રીનબેકની નબળાઇને કારણે શક્ય બન્યું હતું. મજબૂત રૂપિયો આયાત ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે અને વિદેશી રોકાણકારોની લેવાલીને વેગ આપે છે.

૪) ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો: બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૨.૪૫ ટકા ઘટીને ૭૬.૯૨ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ક્રૂડ ઓઇલના નીચા ભાવ ભારત માટે સકારાત્મક છે, જે તેની ઇંધણની જરૂરિયાતો માટેના ક્રૂડ ઓઈલનો મોટો હિસ્સો આયાત કરે છે.

૫) ઇન્ડિયા વિક્સ ઘટ્યો: માર્કેટ વોલેટિલિટીનું માપદંડ, ઇન્ડિયા વીઆઈએક્સ ચાર ટકાથી વધુ ઘટીને ૧૩.૬૬ના સ્તરે પહોંચ્યો છે, જે રોકાણકારોના ગભરાટમાં ઘટાડો અને ઇક્વિટી બજારોમાં નજીકના ગાળાની સ્થિરતામાં સુધારો દર્શાવે છે.

૬) ઇન્ડેક્સ હેવીવેઇટ્સમાં ખરીદી: રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ અને એચડીએફસી બેંક જેવા બ્લુચિપ શેરોમાં મજબૂત ખરીદી જોવા મળી હતી, જેણે બેન્ચમાર્કને આગળ વધવામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો.

૭) પીએસયુ પ્રોજેક્ટ ફાઇનાન્સ શેરોમાં તેજી: રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા પ્રોજેક્ટ ફાઇનાન્સ પરની માર્ગદર્શિકાને અંતિમ સ્વરૂપ અપાયા પછી ઇરડા, પીઈસી, આરઈસી, હુડકો અને આઈઆરએફસી જેવી જાહેર ક્ષેત્રની પ્રોજેક્ટ ફાઇનાન્સિંગ કંપનીઓના શેરમાં તેજી જોવા મળી હતી. ૧૯ જૂને જારી કરાયેલા અંતિમ ધોરણોમાં મે મહિનામાં જારી કરાયેલા ડ્રાફ્ટ પ્રસ્તાવની તુલનામાં બાંધકામ અને ઓપરેશનલ તબક્કા દરમિયાન ઓછી જોગવાઈની જરૂર છે, જે ધિરાણકર્તાઓની ચિંતાઓને હળવી કરે છે. આરબીઆઈ પ્રોજેક્ટ ફાઇનાન્સના નિયમોમાં નરમાઈથી ધિરાણકર્તાઓને રાહત મળશે. આ ક્ષેત્રના કેટલાક શેર ચારેક ટકા સુધી વધ્યા હતા.

૮) ભૂરાજકીય ટેન્શનમાં રાહત: ઈરાન-ઈઝરાયલ સંઘર્ષમાં તાત્કાલિક કોઈ ગભરાટ ફેલાવનારી ઘટના ન ઘટી હોવાથી રોકાણકારોએ થોડી રાહત અનુભવી હતી. વ્હાઇટ હાઉસે ઈરાન સાથે વાટાઘાટોની શક્યતાઓને ટાંકીને જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી બે અઠવાડિયામાં સંભવિત સંડોવણી અંગે નિર્ણય લેશે. પાછલા સત્રમાં સેન્સેક્સ ૮૨.૭૯ પોઈન્ટ અથવા ૦.૧ ટકા ઘટીને ૮૧,૩૬૧.૮૭ના સ્તરે, નિફ્ટી ૧૮.૮ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા ઘટીને ૨૪,૭૯૩.૨૫ની સપાટીએ બંધ થયો હતો.

# અમેરિકન ચલણ સામે રૂપિયો ૧૪ પૈસા મજબૂત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકન ચલણ સામે ભારતીય રૂપિયો ૧૪ પૈસા વધીને ૮૬.૫૯ પર બંધ થયો છે. આંતરબેન્કિંગ વિદેશી હૂંડિયામણ બજારમાં શુક્રવારે ડોલર સામે રૂપિયો ૧૪ પૈસા વધીને ૮૬.૫૯ (પ્રોવિઝનલ)ના સ્તરે બંધ થયો હતો. ફોરેક્સ ડીલર્સ અનુસાર આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને નબળા ગ્રીનબેકને કારણે સ્થાનિક ચલણને મજબૂતી મળી હતી.

ફોરેક્સ ટ્રેડર્સના મતે, સ્થાનિક ઇક્વિટી બજારોમાં મજબૂત પ્રદર્શન અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ના સારા આંતરપ્રવાહને કારણે ભારતીય એકમને વધુ ટેકો મળ્યો હતો. આંતરબેંક વિદેશી વિનિમય પ્લેટફોર્મ પર, યુએસ ડોલર સામે રૂપિયો ૮૬.૬૫ પર ખુલ્યો અને ૧૪ પૈસા વધીને ૮૬.૫૫-૮૬.૬૭ ની સાંકડી રેન્જમાં ટ્રેડ થયા બાદ અંતે ૧૪ પૈસા વધીને પ્રોવિઝનલ ૮૬.૫૯ની સપાટી પર સ્થિર થયો હતો.

# ગ્રીન એનર્જી ક્ષેત્રમાં ₹ ૨૫૦ અબજના જાહેર ભરણાંની તૈયારી

મુંબઈ : ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં સ્વચ્છ ઉર્જા-ક્લિન એનર્જી માટે મૂડી ઊભી કરવા ધસારો જોવા મળે એવા સંકેત છે. ક્લિન અથવા ગ્રીન એનર્જી ક્ષેત્રે કંપનીઓ દ્વારા રૂ. ૨૫૦ અબજની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) લાવવા તૈયારી થઈ રહી છે. આ આઈપીઓ માટેનો ધસારો રોકાણકારોની પર્યાવરણ પર ફોક્સ્ડ બિઝનેસો પ્રત્યે વધતાં આકર્ષણને પ્રતિબિંબિત કરે છે, જે મજબૂત નીતિ સમર્થન, ગ્રીન પાવર માટેની વધતી જતી કોર્પોરેટ માગ અને ભારતના મહત્વાકાંક્ષી સ્વચ્છ ઉર્જા લક્ષ્યોને અનુરૂપ સ્થાનિક ક્ષમતા નિર્માણની જરૂરીયાતને કારણે છે. સ્વચ્છ ઉર્જા ક્ષેત્ર મોટા મૂડી બજારમાં જોશ મેળવવા માટે તૈયારી કરી રહ્યું છે. રિન્યુએબલ એનર્જી અને સૌર ઊર્જા ઉત્પાદનની વેલ્યુ ચેઈનની કંપનીઓ ચાલુ નાણાકીય વર્ષમાં આઈપીઓ દ્વારા રૂ. ૨૦૦ અબજથી રૂ. ૨૫૦ અબજ એકત્ર કરવાની તૈયારી કરી રહી છે.

આ વધારો મજબૂત નીતિ સમર્થન, ગ્રીન પાવર માટેની વધતી જતી કોર્પોરેટ માગ અને ભારતના મહત્વાકાંક્ષી સ્વચ્છ ઉર્જા લક્ષ્યોને અનુરૂપ સ્થાનિક ઉત્પાદન ક્ષમતા બનાવવાની જરૂરીયાતને કારણે આબોહવા કેન્દ્રિત બિઝનેસો માટે રોકાણકારોની વધતી જતી ઈચ્છાને પ્રતિબિંબિત કરે છે.

# નિકાસકારોનો લોજિસ્ટિક ખર્ચ ૨૦ ટકા વધી જવાનું જોખમ

નવી દિલ્હી: ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધના ટેન્શનને કારણે મિડલ-ઈસ્ટમાં પરિસ્થિતિ વણસવાની સ્થિતિમાં ભારતની નિકાસોને મોટી અસર પડવાની શક્યતા બતાવવામાં આવી રહી છે. નિકાસો મોંઘી બની જવાની અને નિકાસકારોનો લોજિસ્ટિક ખર્ચ ૧૫થી ૨૦ ટકા જેટલો વધી જવાનું જોખમ હોવાની નિષ્ણાતો શક્યતા બતાવી રહ્યા છે. પાકિસ્તાનનો હવાઈ માર્ગ પહેલાથી જ ભારતીય વિમાનો માટે બંધ છે અને હવે ઈરાનની એરસ્પેસ પણ બંધ થતાં એક કાર્ગો ખર્ચમાં વધુ વધારો થશે. ફ્યુલના ઊંચા ખર્ચથી દરિયાઈ માર્ગે વહન ખર્ચ વધશે અને ક્રુડ ઓઈલના ભાવમાં વધારાની પણ નિકાસ વહન ખર્ચમાં વધારાની અસર પડશે.આ મામલે એક અધિકારીએ જણાવ્યું હતું કે, અમે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. શક્ય છે કે આ સ્થિતિ હંગામી બની રહે અને નિકાસ પર ટૂંકાગાળા માટે અસર જોવાય, પરંતુ આ વિશે અત્યારે કહેવું વહેલું ગણાશે.નાણા વર્ષ ૨૦૨૫માં ભારતની ગુડ્ઝની ઈઝરાયેલને નિકાસો ૨.૧ અબજ ડોલરની અને આયાત ૧.૬ અબજ ડોલરની થઈ હતી.

# સાઉદી ફંડ્સને એફપીઆઇ નિયમોમાંથી મુક્તિ મળશે

નવી દિલ્હી: ભારતે વિદેશી મૂડી આકર્ષવા અને સાઉદી અરેબિયા સાથે નાણાકીય સંબંધો મજબૂત કરવા માટે સાઉદી અરેબિયાના સાર્વભૌમ સંપત્તિ ભંડોળને વિદેશી પોર્ટફોલિયો રોકાણ નિયમોમાંથી મુક્તિ આપવા સંમતિ આપી છે. જાણકારોએ કહ્યું હતું કે આ નિયમો હેઠળ, વિવિધ સાર્વભૌમ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા રોકાણોને એકસાથે જોડવામાં આવે છે અને આમ સંયુક્ત રોકાણ કોઈપણ એક કંપનીમાં ૧૦ ટકા સુધી મર્યાદિત છે. આને કારણે, જાહેર રોકાણ ભંડોળની વિવિધ પેટાકંપનીઓ ભારતમાં વધુ રોકાણ કરવાથી વંચિત રહી છે. થોડા સમય પહેલાં બંને દેશો ઊર્જા, માળખાગત સુવિધાઓ અને ફાર્માસ્યુટિકલ્સ સહિત ઘણા ક્ષેત્રોમાં રોકાણને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**PUBLIC NOTICE LOSS OF SHARES CERTIFICATES**

**Company:** Privi Speciality Chemicals Ltd.
**Shareholder:** Ashok Gangdas Patel
**Folio No:** 007546
**Certi. No.:** 15750 to 15752 (3 Certificate)
**Dist. No.:** 5474901 to 5475200 (300 share)

# પ્રાઇમરી માર્કેટમાં ફરી ધમાલ: સપ્તાહમાં ₹ ૧૫,૦૦૦ કરોડનાં ભરણાં

મુંબઇ: ભારતના પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ જામી છે. સેકન્ડરી માર્કેટને કળ વળી હોવાથી મૂડીબજારનો માહોલ બદલાયો છે. આવતા સપ્તાહમાં ગ્લોબ સિવિલ પ્રોજેક્ટ્સ, એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસ, કલ્પતરુ સહિતની ચાર કંપની મૂડીબજારમાંથી કુલ રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુ ભંડોળ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે. મેઇનબોર્ડ સાથે એસએમઇ સેગમેન્ટની પણ કેટલીક કંપની પ્રાઇમરી માર્કેટમાં પ્રવેશી રહી છે. આવતા સપ્તાહે પણ કેટલીક કંપનીઓ જાહેર ભરણઆં લાવી રહી છે. મેઇનબોર્ડ સેગમેન્ટમાં ઇનિશિઅલ પબ્લિક ઓફરિંગ સાથે પ્રવેશી રહેલી કંપનીઓમાં સૌથી મોટો ઇશ્યુ એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસનો છે.

આ ઇશ્યૂ નોન બેન્કિંગ ફાઇનાન્શિયલ કંપની સેકટરનો સૌથી મોટો ઇશ્યૂ છે અને પાછલા ત્રણ વર્ષનું બીજું સૌથી મોટું જાહેર ભરણું છે. કંપની રૂ. ૧૨,૫૦૦ કરોડના બુકબિલ્ડિંગ ઇશ્યૂ સાથે ૨૫ જૂના સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ જૂને બંધ થશે. શેરની ફાળવણી ૩૦ જૂને અને બીએસઇ, એનએસઇ પર લિસ્ટિંગ બીજી જુલાઈએ થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૦૦થી રૂ. ૭૪૦ અને લઘુત્તમ લોટ સાઈઝ ૨૦ છે. જ્યારે સંભવ સ્ટીલ ટ્યુબ્સનો રૂ. ૫૪૦ કરોડના બુકબિલ્ડિંગ ઇશ્યૂ સાથે ૨૫ જૂને સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ જૂને બંધ થશે. શેરની ફાળવણી ૩૦ જૂને અને બીએસઇ, એનએસઇ પર લિસ્ટિંગ બીજી જુલાઈએ થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૭થી રૂ. ૮૨ પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે. અરજી માટે લઘુત્તમ લોટ સાઈઝ ૧૮૨ શેરની છે. એ જ રીતે, એલેનબેરી ઇન્ડસ્ટ્રીયલ ગેસીસ ૨૪મીએ રૂ. ૮૫૨.૫૩ કરોડનો બુકબિલ્ડિંગ ઇશ્યૂ લાવી રહી છે. પ્રાઇમરી માર્કેટમાં હલચલ તો જામી છે પરંતુ, બજારના અભ્યાસુઓ જણાવે છે કે નવા શેર પ્રીમિયમ સાથે લિસ્ટીંગ મેળવશે કે પછી ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ સાથે રોકાણકારોને નિરાશ કરશે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગ: ચીફ એન્જીનિયર (મિકેનીકલ & ઈલેક્ટ્રીકલ)
નં. ઈ.ઈ.મીકે. સાઉથ/૧૮૪૧/M&E તા. ૨૦-૬-૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. બીડની શરૂઆતની તારીખ અને સમય તથા બીડની છેલ્લી તારીખ અને સમય ટેન્ડર સેક્શન હેઠળ BMCની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં દર્શાવેલ છે.

| અ.નં. | બીડ નં. | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૫_MCGM_ ૧૧૯૨૧૮૯_૧ | વિવિધ મ્યુનિ. ઓફિસો ખાતે વાઈટલ સ્ટેન્ડએલોન સીસ્ટમ્સની જોગવાઈ, પાથરણી, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમીશનીંગનું કામ. |

ઈચ્છુક ટેન્ડરરો ટેન્ડરની વધુ વિગતો માટે BMC વેબસાઈટ **http://portal.mcgm.gov.in** ખાતે મુલાકાત લઈ શકે છે.

સહી/-
ઈ.ઈ.મીકે. (સાઉથ)

PRO/753/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# મિડલઇસ્ટ સાથે ચાઇના-તાઇવાનનું ટેન્શન ઉમેરાતા સોનાચાંદીમાં ઝડપી વધઘટનો દોર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: મિડલઇસ્ટ સાથે ચાઇના-તાઇવાનનું ટેન્શન ઉમેરાતા સોનાચાંદીમાં ઝડપી વધઘટનો દોર જોવા મળ્યો હતો. મધ્યપૂર્વનનું ટેન્શન ઘટવાથી ખૂલતા સત્રમાં ઝડપી ઘટાડા બાદ, ચીનના તાઇવાન તરફના આક્રમણની તૈયારીના અહેવાલો વચ્ચે ફરી એકવાર સેફ હેવન એસેટની માગ વધવાથી નીચા મથાળા સામે સારો સુધારો થયો હતો અને બજારે સોનામાં સારો એવો અને ચાંદીમાં નોંધપાત્ર ધોરણે ઘટાડો પચાવી લીધો હતો.

ઇઝરાયલ અને ઇરાન વચ્ચેની લશ્કરી અથડામણ પૂર્ણ કક્ષાના યુદ્ધમાં ફેરવાઇ જવાની શક્યતાઓ ઓછી થવા સાથે અમેરિકન ડોલરમાં ઘટાડો થવાને કારણે ખૂલતા સત્રમાં સોનાચાંદીના ભાવમાં ઝડપી ઘટાડો જોવા મળ્યો હતો. ઝવેરીઓના કહેવા અનુસાર આમ પણ ઊંચા મથાળે ઘરાકી રૂંધાઇ રહી હતી.

ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૯૯,૨૬૧ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામે રૂ. ૭૫૮ના નોંધપાત્ર ઘટાડા સાથે રૂ. ૯૮,૫૦૩ની સપાટીએ ગબડ્યું હતું. જ્યારે ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૯૮૮૬૪ના પાછલા બંધ સામે રૂ. ૭૫૫ના મોટા ગાબડાં સાથે રૂ. ૯૮,૧૦૯ની સપાટીએ પહોંચ્યું હતું.

એ જ રીતે, .૯૯૯ ટચની શુદ્ધ હાજર ચાંદીનો ભાવ રૂ. ૧,૦૭,૩૮૩ના પાછલા બંધ સામે એક કિલોદીઠ રૂ. ૧૭૯૧ના મોટા ઘટાડા સાથે રૂ. ૧,૦૫,૫૯૨ની સપાટીએ ખૂલી હતી. જોકે, ચીને તાઇવાન સામે સીધા આક્રમણની તૈયારી શરૂ કરી દીધી હોવાના અહેવાલે ચિત્ર બદલાયું હતું અને કિમતી ધાતુઓ નીચા મથાળાથી પાછી ફરી હતી. સત્રને અંતે ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ પાછલા બંધ સામે દસ ગ્રામે રૂ.૫૭૦ના ઘટાડા સાથે રૂ. ૯૮,૬૯૧ની સપાટીએ અને ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોના ભાવ પાછલા બંધ સામે રૂ. ૫૬૮ના ઘટાડા સાથે રૂ. ૯૮,૨૯૬ની સપાટીએ બંધ રહ્યું હતું. જ્યારે હાજર ચાંદી પાછલી બંધ સપાટી સામે એક કિલોએ રૂ. ૬૦૮ના ઘટાડા સાથે રૂ. ૧,૦૬,૭૭૫ની સપાટીએ સ્થિર થઇ હતી. બુલિયન બજારના સાધનોએ જણાવ્યું હતું કે, વિશ્વ બજારના સમાચાર કિંમતી ધાતુઓમાં ઉછાળે ફંડોનું સેલીંગ બતાવતા હતા. આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડાના પગલે ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી આવતાં દેશના ઝવેરી બજારોમાં આજે વધ્યા મથાળે લેનારા ઓછા તથા વેચનારા વધુ રહ્યા હતા.

# મ્યુચ્યુઅલ ફંડોની માર્કેટ કૅપ બાસ્કેટ પખવાડિયામાં બદલાશે, માર્કેટ કૅપને આધારે કરાશે ફેરફાર

નવી દિલ્હી: પખવાડિયા જેટલા સમયમાં આગામી જુલાઈ માસમાં મ્યુચ્યુઅલ ફંડ્સની માર્કેટ કેપ બાસ્કેટ બદલાશે અને માર્કેટ કેપિટલાઈઝેશનના દરેક બાસ્કેટમાંથી ૨૦થી વધુ શેર ઉમેરી અથવા દૂર કરી શકાય છે. દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં લાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપ સ્ટોક લિસ્ટમાં સુધારો કરવામાં આવે છે.

લાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપ જેવી બજાર-આધારિત યોજનાઓ માટે અર્ધવાર્ષિક પુનઃવર્ગીકરણ મહત્વપૂર્ણ છે જેથી તેઓ સત્તાવાર રીતે તેમના પોર્ટફોલિયોને શ્રેણીવાર બનાવી શકે. ૨૦૨૫ ના પ્રથમ અર્ધવાર્ષિક (૧૬ જૂન સુધી) માટે માર્કેટ કેપ ડેટાના વિશ્લેષણ મુજબ, મહિનાના અંતમાં આગામી પુનઃવર્ગીકરણ દરમિયાન ઇન્ડિયન હોટેલ્સ, મેક્સ હેલ્થકેર, મઝાગોન ડોક, સોલર ઇન્ડસ્ટ્રીઝ અને શ્રી સિમેન્ટ જેવા ૧૧ મિડકેપ સ્ટોક્સને લાર્જકેપ ટેગ મળવાની શક્યતા છે.

મિડકેપ સ્પેસમાં કેપીઆર મિલ, ચોલામંડલમ ફાઇનાન્શિયલ, ગોડફ્રે ફિલિપ્સ, ગ્લોબલ હેલ્થ, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ અને આઈટીઆઈ સહિત ૧૨ નવા શેર ઉમેરાઈ શકે છે. પુનઃવર્ગીકરણ કવાયતમાં છેલ્લા છ મહિનામાં સૌથી વધુ સરેરાશ બજાર મૂડીકરણ (માર્કેટ કેપ) ધરાવતા ૧૦૦ અગ્રણી શેરોને લાર્જકેપ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

આગામી ૧૫૦ શેર મિડકેપ બની ગયા છે. બાકીના શેરોને સ્મોલકેપ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ૨૦૨૫માં અત્યાર સુધીની અસ્થિરતાને જોતાં, તાજેતરના વર્ષોમાં, ખાસ કરીને લાર્જકેપ સ્પેસમાં, આ ફેરફાર સૌથી વધુ હોવાની અપેક્ષા છે. વર્ષના શરૂઆતના મહિનાઓમાં થયેલા ઘટાડાનો અર્થ એ પણ છે કે મિડકેપ કટઓફમાં કોરોના પછીના વલણમાં ફેરફાર થયો છે.

પાછલા ૪.૫ વર્ષમાં નવ વખતની કવાયતમાં આ પહેલી વાર હશે જ્યારે મિડકેપ કંપની બનવા માટે માર્કેટ કેપ કટઓફ ઘટવાની શક્યતા છે. આ વખતે કટઓફ લગભગ રૂ. ૨૯,૦૦૦ કરોડ રહેવાની ધારણા છે, જે જાન્યુઆરી ૨૦૨૫માં રૂ. ૩૩,૨૨૧ કરોડ હતો. તેવી જ રીતે, લાર્જકેપ સ્પેસમાં પણ કટઓફ રૂ. એક લાખ કરોડથી ઘટીને રૂ. ૯૦,૦૦૦ કરોડ થવાની શક્યતા છે.

કોરોના પછીના સમયગાળામાં શેરના ભાવમાં વધારાને કારણે કટઓફ અનેક ગણો વધી ગયો હતો. વધતા કટઓફને કારણે લાર્જકેપ અને મિડકેપના વિસ્તરણની માંગ પણ વધી હતી. જુલાઈ ૨૦૨૫ના પહેલા અઠવાડિયામાં સુધારેલી યાદી જાહેર કરવામાં આવશે.

**MUMBAI SLUM IMPROVEMENT BOARD**
A REGIONAL UNIT OF
**(MAHARASHTRA HOUSING AND AREA DEVELOPMENT AUTHORITY)**
**Tel no. 022-66405250, E-mail - eee.east1@gmail.com**

म्हाडा MHADA

No. EE/East/MSIB / e-tender / Labour Soc/22 / 2025-26

Executive Engineer (East) Division, Mumbai Slum Improvement Board, (Unit of MHADA) Room No. 536, 4th floor, Griha Nirman Bhavan, Bandra (East), Mumbai 400 051 Phone Number (022) 66405251 is calling e-Tender for the **13** number of works in the form of B1 (Percentage rate) from Labour Co.op. Societies registered with DDR, East, Suburb, Mumbai, vai online e-tendering system. Detailed Tender Notice and Tender Documents shall be available & can be downloaded from Government of Maharashtra portal **https://mahatenders.gov.in** Bidding documents can be loaded on the website. The tender Document sale start on dated 26/06/2025, 03.05 pm to Document sale end date 04/07/2025, 6.15 pm. Corrigendum / Amendments if any could be published only on the **https://mahatenders.gov.in** website. The Competent Authority reserves the right to reject any or all the tenders without assigning any reason there of Conditional offers will not be accepted.

**Sd/-**
**Executive Engineer (East),**
**M. S I B Board, Mumbai**

**CPRO/A/512**
**MHADA-Leading Housing Authority in the Nation**
Follow us: mhadaofficial

# અમેરિકામાં ટૂંક સમયમાં મોંઘવારી ફાટી નીકળશે, ફેડરલને ફુગાવાની ચિંતા

નવી દિલ્હી : યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વની ફેડરલ ઓપન માર્કેટ કમિટીએ ફરી એકવાર તેના બેન્ચમાર્ક વ્યાજ દરમાં ફેરફાર કર્યો નથી. હવે આ દર ૪.૨૫ ટકાથી ૪.૫ ટકાની વચ્ચે રહેશે. આ સતત ચોથી બેઠક છે, જ્યારે ફેડરલે દર સ્થિર રાખ્યા છે. સમિતિના તમામ મતદાન સભ્યોએ આ નિર્ણયને ટેકો આપ્યો હતો. જોકે, ફેડરલે આગામી સમયમાં અમેરિકામાં કોમોડિટીના ભાવમાં વધારો થશે તેવો ઉલ્લેખ કર્યો હતો.

મીટિંગ પછી જારી કરાયેલા એક નિવેદનમાં, ફેડરલે કહ્યું હતું કે ફુગાવો હજુ પણ થોડો ઊંચો છે.

તાજેતરના ડેટા દર્શાવે છે કે યુએસ અર્થતંત્ર મજબૂત રીતે વૃદ્ધિ પામી રહ્યું છે. બેરોજગારીનો દર હજુ પણ ઓછો છે અને શ્રમ બજારની સ્થિતિ મજબૂત છે, જે દર્શાવે છે કે ફેડનો અર્થતંત્રમાં વિશ્વાસ અકબંધ છે.

ફેડના ચેરમેન જેરોમ પોવેલે કહ્યું હતું કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બદલાતી ટેરિફ નીતિઓને કારણે વર્તમાન પરિસ્થિતિ ખૂબ જ અનિશ્ચિત છે. વૈશ્વિક સંઘર્ષો અને સ્થાનિક નીતિ પરિવર્તન વચ્ચે ફેડ સમયસર યોગ્ય પગલાં લઈ શકે તે માટે વ્યાજ દર સ્થિર રાખવો મહત્વપૂર્ણ છે.

તેમણે ચેતવણી આપી હતી કે આગામી મહિનાઓમાં ચીજ વસ્તુઓના ભાવ વધી શકે છે કારણ કે ટેરિફની અસર ધીમે ધીમે સપ્લાય ચેઇન દ્વારા બજારમાં પહોંચશે.

આખરે કોઈને આ ટેરિફની કિંમત ચૂકવવી પડશે, અને તેનો અમુક ભાગ સામાન્ય ગ્રાહકો પર પણ પડશે. ઘણા રિટેલર્સ હાલમાં જૂનો સ્ટોક વેચી રહ્યા છે, પરંતુ ટૂંક સમયમાં નવો, ટેરિફ-અસરગ્રસ્ત સ્ટોક બજારમાં આવશે.

પોવેલે કહ્યું હતું કે અમે કોમોડિટી ફુગાવામાં થોડો વધારો જોઈ રહ્યા છીએ. અમને અપેક્ષા છે કે ઉનાળામાં તે વધુ વધશે. ટેરિફની અસર સમગ્ર સપ્લાય ચેઇન પર ધીમે ધીમે પડી રહી છે, કારણ કે મહિનાઓ પહેલા ઘણી વસ્તુઓની આયાત કરવામાં આવી હતી.

હવે પર્સનલ કમ્પ્યુટર અને આડિઓ-વિઝ્યુઅલ સાધનો જેવી કેટલીક શ્રેણીઓમાં ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે, અને ટેરિફમાં વધારાને કારણે આવું થઈ રહ્યું છે. આગામી મહિનાઓમાં આવી કિંમતોમાં વધુ વધારો થઈ શકે છે.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્યાજ દરમાં ઘટાડા પર કડક પ્રતિક્રિયા આપી છે. મીટિંગના અગાઉના દિવસે, તેમણે માંગ કરી હતી કે ફેડરલ રિઝર્વ ૧થી ૨.૫ ટકા પોઈન્ટનો ઘટાડો કરે. નોંધનીય છે કે ફેડરલે દરો સંબંધિત નિર્ણય રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત સાત ગવર્નરો અને પાંચ પ્રાદેશિક બેંકોના પ્રમુખોના રોટેશન જૂથ વચ્ચે સંપૂર્ણ ચર્ચા પછી લેવામાં આવ્યો છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ | મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ |
| સબ સેક્શન | સ્ટોર પ્રસ્તાવ |
| ટેન્ડર નંબર | ૨૦૨૫_MCGM_૧૧૯૨૧૭૯ |
| વિષય | મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ ખાતે શિનોહરા ચાર કલર ઓફસેટ મશીનના સ્પેર પાર્ટસની જોગવાઈ |
| ટેન્ડર ફોર્મનું વેચાણ | તા. ૨૧.૦૬.૨૦૨૫ સમય ૧૧.૦૦ કલાકથી તા. ૨૮.૦૬.૨૦૨૫ સમય ૧૬.૦૦ કલાક સુધી |
| સ્થળ | http://portal.mcgm.gov.in/ www.mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી | |
| A) નામ | શ્રીમતી સ્વપ્ના ઘુલે ડે. મેનેજર, મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ. |
| B) ટેલિ. નં. (ઓફિસ) | ૦૨૨-૨૩૦૨૩૪૩૨ |
| C) મોબાઈલ નંબર | ૯૭૦૨૪૯૫૫૪૪ |
| D) ઈમેલ id | dymmp1.mpp@mcgm.gov.in |

સહી/-
મેનેજર
મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ

PRO/759/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# મહારાષ્ટ્રના ઉત્કૃષ્ટ આઈ-સર્જનઃ ડૉ. સાયરસ મહેતા

**પ્રકાશ શાહ**




**પ્રાઉડ મોમેન્ટઃ** *તાજેતરમાં રાજ્યના હેલ્થ ઍન્ડ ફેમિલી વેલફેર મિનિસ્ટર શ્રીમતી અનુપ્રિયા પટેલના વરદ હસ્તે ડૉ. સાયરસ મહેતાને મહારાષ્ટ્રના અગ્રણી આઇ-સર્જનનો એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.*

નવસારીનિવાસી આસ્થાને નાનપણથી પેઇન્ટિંગનો ખૂબ શોખ હતો. તેના શોખને ધ્યાનમાં રાખીને માતાપિતાએ ડ્રોઇંગ વિકસાવવા માટે ક્લાસિસ પણ ભરાવ્યા હતા, જેને પરિણામે નાની ઉંમરમાં તે ઉમદા ચિત્રકારને છાજે એવા પેઇન્ટિંગ બનાવતી. શાળામાં ડ્રોઇંગમાં અચૂકપણે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરવા ઉપરાંત એન્યુએલ મેગેઝિનમાં પણ મુખપૃષ્ઠ તેના પેઇન્ટિંગથી ઓપતું. કૉલેજમાં પ્રવેશી ત્યાં સુધીમાં તો આસ્થા નિપુણ થઇ ગઇ હતી. મસમોટા પેઇન્ટર પાસે માર્ગદર્શન લેનારી આસ્થાના કસબને ધ્યાનમાં રાખીને અનેક સંસ્થાઓ તરફથી પ્રદર્શન યોજવાનું સૂચન કરવામાં આવતું. જે પૈકી એક સંસ્થા સાથે યોગ્ય વાટાઘાટ કરીને આસ્થાનું સ્વતંત્ર એક્ઝિબિશન યોજવાની વાત પાકી થઇ. નિયત દિવસો તથા હોલ નક્કી કરીને હોલના ભાડા પેટે એડવાન્સ રકમ પણ ચૂકવી દેવામાં આવી. કલ્પનાના રંગ ભરીને પતંગિયાની જેમ ઊંચી ઉડાન ભરવાના સ્વપ્ન જોનારી આસ્થાને સહેજે અણસાર નહોતો કે નિયતિના ગર્ભમાં શું છુપાયું છે! ટૂંક સમયથી પેઇન્ટિંગ કરતી વખતે તથા ડ્રાઇવિંગ દરમિયાન અને મોબાઇલ પર SMS કે વૉટ્સઍપ કરતી વખતે દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી હતી. સ્થાનિક ઓફથેલ્મોલોજિસ્ટ પાસે પરીક્ષણ કરાવ્યું ત્યારે હાર્ડ-કેટરેક્ટ-ગ્લુકોમાનો ભોગ બની હોવાનું નિદાન થયું, જે જાણીને આસ્થાનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો. ટૂંક સમયમાં તેના પેઇન્ટિંગનું એક્ઝિબિશન થવાનું હતું અને થોડાં પેઇન્ટિંગમાં ફાઇનલ ટચઅપ આપવાનો, જ્યારે અમુક પેઇન્ટિંગ બનાવવાનાં પણ બાકી હતાં. સમયસર સર્જરી ન કરાવે તો દૃષ્ટિહીન થવાની સંભાવના હતી. આ કારણસર શક્ય એટલું જલદી સમાધાન સાધવું જરૂરી હતું. શું કરવું અને શું ન કરવું એની અવઢવમાં આસ્થા ખૂબ ચિંતિત રહેતી હતી. દીકરીની શારીરિક-માનસિક ક્ષતિથી વાકેફ માતાપિતા પણ ટેન્શનમાં રહેતાં. એ અરસામાં પિતાની મુંબઇસ્થિત બહેન અર્થાત્ આસ્થાની ફોઇ તેમના માટે શુભચિંતક સાબિત થઇ. કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર અર્થાત્ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા અત્યાધુનિક મશીન આરૂઢ હોવાના સમાચારથી વાકેફ બહેને ભાઇ, ભાભી તથા આસ્થાને તાબડતોબ મુંબઇ તેડાવ્યાં અને ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતાની એપોઇન્ટમેન્ટ લીધી. તબીબ સાથેની મુલાકાત આસ્થા માટે આશીર્વાદરૂપ સાબિત થઇ......આસ્થાએ નિશ્ચિત તારીખે પેઇન્ટિંગનું એક્ઝિબિશન કર્યું છે, જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. સાયરસ મહેતાને તેડાવ્યા હતા, પરંતુ સમયના અભાવ તથા કામને કારણે ડૉ. સાયરસ મહેતા તૈયાર નહોતા. જોકે એક્ઝિબિશન હોલમાં આસ્થાએ તેની દૃષ્ટિ માટે તારણહાર સાબિત થનારા ડૉ. સાયરસ મહેતાનું સ્વરચિત પોટ્રેટ મૂક્યું હતું, જેના ઉપર મોટા અક્ષરમાં 'નોટ ફોર સેલ' લખવામાં આવ્યું હતું.

તાજેતરમાં રાજ્યના હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર મિનિસ્ટર શ્રીમતી અનુપ્રિયા પટેલના વરદ હસ્તે ડૉ. સાયરસ મહેતાને મહારાષ્ટ્રના અગ્રણી આઇ-સર્જનનો એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગર્વજનક વાત એ છે કે ડૉ. સાયરસ મહેતાને સતત ત્રીજા વર્ષે આ પ્રકારના એવૉર્ડથી નવાજવામાં આવ્યા છે. આ ઉપરાંત ઓફથેલ્મોલોજીના ક્ષેત્રમાં ક્રાંતિકારી આવિષ્કાર કરવા સાથે સારવારમાં નવીન સોપાન સર કરનાર ડૉ. સાયરસ મહેતાને ભારતના સર્વોત્કૃષ્ટ આઈ-ડૉક્ટર, ઓફથેલ્મોલોજી એક્સેલન્સ, હેલ્થકેર લિડરશિપ સહિત અનેક ઇનામ, અકરામ, ટ્રોફી અને પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર પોલીસના કન્સલટન્ટ ડૉ. સાયરસ મહેતા વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવે છે કે દેખાવમાં સિને-અભિનેત્રી જેવી સોહામણી લાગનારી આસ્થા સુંદરતાને અકબંધ રાખવા માટે સ્ટેરોઇડયુક્ત સ્કિન ક્રીમ લગાવતી હતી, જેને પરિણામે તે યુવાવસ્થામાં કેટરેક્ટ-ગ્લુકોમાનો ભોગ બની હતી. આસ્થાના હાર્ડ-કેટરેક્ટનું સમાધાન અત્યાધુનિક એક્ટિવ સેન્ટ્રી, કેટાલિસ મશીન તથા EDOF લેન્સ જ્યારે ગ્લુકોમાનું સમાધાન નેનો SLT દ્વારા આણ્યું હતું.

સમગ્ર મહારાષ્ટ્રમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે કેટાલિસ, એક્ટિવ સેન્ટ્રી તથા ટોમી ૪૦૦૦ સ્પેક્યુલર માઇક્રોસ્કોપ મશીન વસાવનાર વિઝન વિસ્ટા આઇ સેંટર સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે. હાઇ-બ્લડપ્રેશરયુક્ત કે હાર્ટ-પેશન્ટ કે ડાયાબિટીસગ્રસ્ત તથા હાર્ડ-બ્રાઉન કેટરેક્ટ દૂર કરવા માટે કેટાલિસ તથા એક્ટિવ સેન્ટ્રી લાભદાયક છે.

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ ગ્લુકોમાને અંતર્ગત દૃષ્ટિમાં જે ખરાબી સર્જાઇ છે તેને પુનઃ પ્રસ્થાપિત કરી શકાતી નથી, ફક્ત તેને વકરતી રોકી શકાય છે. ગંભીર બાબત એ છે કે જો સમયસર ઇલાજ ન કરવામાં આવ્યો તો ભવિષ્યમાં અંધાપો પણ નોતરી શકે છે. વિઝન વિસ્ટા આઇ ક્લિનિકમાં ગ્લુકોમાના સમાધાનાર્થે ઉપયોગી સાબિત થતું નેનો SLT લેસર સિસ્ટમ ઉપલબ્ધ છે, જેને અંતર્ગત આંખનું પ્રેશર પાંપણના પલકારામાં અર્થાત્ ફક્ત બે-ત્રણ મિનિટમાં ઓછું કરી શકાય છે. EDOF જેવા અત્યાધુનિક લેન્સના પ્રત્યાર્પણ પછી સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક નજીક, મધ્યમ કે દૂરના અંતરે રહેલી ચીજ-વસ્તુ જોઇ-પારખી અને વાંચી શકે છે. ભારતમાં સૌ પ્રથમ વાર આ પ્રકારના લેન્સનું ઇમ્પ્લાન્ટેશન કરવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાને ફાળે જાય છે, જેને પરિણામે કેટરેક્ટ-ગ્લુકોમાનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સચોટ, સુલભ અને સફળ સમાધાન માટે સહસા ડૉ. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે. અંતમાં એક બાબત ભારપૂર્વક જણાવવાની કે ચોક્કસ ઋતુ કે તાપમાન વગેરેને કારણે કેટરેક્ટ સર્જરી પર આડઅસર સર્જાતી નથી. એ મુજબ મોતિયો પાકી જાય પછી તેને દૂર કરાવવાની ગેરમાન્યતા પ્રવર્તમાન છે. હકીકતમાં વ્યક્તિને દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થાય કે રોજિંદી ક્રિયા કરવામાં તકલીફ કે પરવશતાની અનુભૂતિ થાય ત્યારે સર્જરી કરાવવી સાનુકૂળ છે.

બ્લેડ-ફ્રી મશીન દ્વારા કેટરેક્ટ દૂર કરીને અત્યાધુનિક લેન્સના પ્રત્યાર્પણ માટે તથા પાંપણના પલકારામાં આંખનું પ્રેશર દૂર કરવાનું આદર્શ સરનામુંઃ

**વિઝન વિસ્ટા આઈ ક્લિનિક**

## વિઝન વિસ્ટા આઈ ક્લિનિકની વિશિષ્ટતાઃ

- મુંબઇમાં સૌપ્રથમ કેટાલિસ મશીન આણનાર. જે હાર્ડ કેટરેક્ટ ધરાવનાર કે પ્રૌઢ વયની વ્યક્તિ માટે સલામત છે
- કેટાલિસ મશીન હૃદયરોગી, હાઇબ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે લાભદાયક તથા કોર્નિયા માટે સલામત
- કોર્નિયાની સક્ષમતાનો તાગ મેળવવા માટે ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ. પૌઢ વયના લોકો માટે આશીર્વાદરૂપ
- નિકોન ઓપ્ટોસ મશીન માત્ર પાંચ સેકંડની અંદર રેટિનાના એક છેડેથી લઇને બીજા છેડે સુધીનું સ્કેનિંગ કરી શકે છે
- IOL માસ્ટર 700 વિથ TOPO ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે સમગ્ર વિશ્વમાં સર્વોત્કૃષ્ટ છે. ટૂંકમાં જટિલ સર્જરી પણ સહેલાઇથી, સરળતાપૂર્વક અને સફળતાથી કરી શકાય છે
- એક્ટિવ સેન્ટ્રી સિસ્ટમને કારણે લેસર દ્વારા કેટરેક્ટ સફળતાપૂર્વક કાઢી શકાય
- નજીક, દૂર અને મધ્યમ અંતરે રહેલી ચીજવસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકવા માટે EDOF લેન્સ સર્વોત્કૃષ્ટ છે
- EDOF લેન્સને પરિણામે રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી
- ચશ્માનાં નંબર દૂર કરવા માટે સમગ્ર વિશ્વમાં સ્માઇલ મશીન સર્વોત્કૃષ્ટ લેખાય છે. પેશન્ટને ડ્રાયનેસની પ્રતીતિ થતી નથી. એક દિવસમાં રોજિંદી ક્રિયા તથા વ્યવસાયલક્ષી કામકાજ કરી શકે છે
- ગ્લુકોમાગ્રસ્ત માટે નેનો SLT સિસ્ટમ ઉપલબ્ધ છે, જેને પરિણામે પાંપણના પલકારામાં પીડારહિત પ્રક્રિયા દ્વારા આંખનું પ્રેશર ઓછું કરી શકાય છે.
- રેટિના સંબંધિત ક્ષતિગ્રસ્ત માટે એન્જિયોવ્યૂ નામે સિસ્ટમ છે, જેને પરિણામે રેટિનાના પરીક્ષણ માટે ઇન્જેકશન કે એન્જિયોગ્રાફી કરવાની આવશ્યક્તા નથી.



**Know yr Dr.**

નામઃ ડૉ. સાયરસ મહેતા

માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ

એડ્રેસઃ વિઝન વિસ્ટા આઈ ક્લિનિક - ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.

કોન્ટેક્ટ નંબરઃ 99674 39039 - 81049 59459 - 81049 76013 - 98198 50971

Email: cyresmehta@yahoo.com





